
કબુતર જાળી
BIRD NO ENTRY
Bird net Service & Spike Fitting
OM ENTERPRISE
Vinaybhai
Galaxy Cinema Road, Street No. 2 , Jamnagar - Mo. 9662241432



પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક®

સાંધ્ય દૈનિક

ગ્રામ્ય આવૃત્તિ પાનાઃ ૧૨
તા. ૧૩-૧-૨૦૨૫, સોમવાર
વર્ષ: ૧૩, અંક : ૨૫૯

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia







# મકર સંક્રાંતિએ મહાકુંભના શાહી સ્નાનમાં ૪ કરોડ લોકો ડૂબકી મારી પવિત્ર થશે

## મહાકુંભનો પ્રારંભઃ પ્રથમ દિવસે જ અંદાજે ૧ કરોડ લોકો સ્નાન કરશેઃ સ્નાન માટે ૧૦.૫ કિલોમીટર લાંબો ઘાટઃ ૬૦ હજારથી વધુ જવાનો સુરક્ષા અને કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા તૈનાત



### ૨૫ સેક્ટરો બનાવાયાઃ નદી ઉપર ૧૩ તરતા પુલનું પણ નિર્માણ



મહાકુંભના વિસ્તારોને સેક્ટરમાં વિભાજિત કરવામાં આવ્યા છે. જેમાં ૨૫ સેક્ટર છે. આ ક્ષેત્રોને જોડવા માટે પુલ પણ છે. જેની સંખ્યા ૧૩ છે. ઉપરાંત, નકશામાં મુખ્ય માર્ગો વિશે માહિતી આપવામાં આવી છે. કયો રસ્તો ક્યાંથી ક્યાં જઈ રહ્યો છે અને કયું ધાર્મિક સ્થળ ક્યા રૂટ પર હશે. યોગી આદિત્યનાથ સરકારે કુંભને ભવ્ય અને દિવ્ય બનાવવામાં કોઈ કસર છોડી નથી. સંગમ કિનારે કુંભ સ્નાન કરવા આવતા સંતોથી લઈને ભક્તો સુધી, દરેકની સુવિધાનું ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે પણ કુંભના આયોજનમાં રાજ્ય સરકારને મદદ કરી છે. જો મીડિયા રિપોર્ટ્સ પર વિશ્વાસ કરવામાં આવે તો, મહાકુંભનું અંદાજિત બજેટ લગભગ ૬૩૮૨ કરોડ રૂપિયા છે. આમાંથી, ઈવેન્ટ મેનેજમેન્ટ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ માટે ૫,૬૦૦ કરોડ રૂપિયા પહેલાથી જ ફાળવવામાં આવ્યા છે.

### અબતક કાલે અંક બંધ

આવતીકાલે મકર સંક્રાંતિના પર્વ નિમિત્તે ''અબતક'' કાર્યાલય સંપૂર્ણ રજા રાખશે એટલે મંગળવારે અંક પ્રસિધ્ધ થશે નહીં, બુધવારથી નિયમિત અંક પ્રસિધ્ધ થશે જેની વાંચક મીત્રો, વિજ્ઞાપન દાતાઓ અને વિતરક બંધુઓએ નોંધ લેવી.

– મેનેજીંગ તંત્રી





**અબતક, નવી દિલ્હી**

મહાકુંભનો પ્રારંભ થઈ ગયો છે. આજે પોષ પૂર્ણિમાના દિવસે પહેલું સ્નાન છે. સવારે ૯.૩૦ વાગ્યા સુધીમાં ૬૦ લાખ શ્રદ્ધાળુઓએ સ્નાન કર્યું છે. આ આંકડો ૧ કરોડ સુધી પહોંચી શકે છે. આ વખતે મહાકુંભમાં, પોષ પૂર્ણિમા અને મકરસંક્રાંતિનું સ્નાન સળંગ પડી રહ્યું છે. સોમવારે પોષ પૂર્ણિમાના સ્નાન સાથે મેળા વિસ્તારમાં કલ્પવાસ શરૂ થશે. પહેલું અમૃત એટલે કે શાહી સ્નાન મકરસંક્રાંતિના દિવસે થશે. સ્નાન માટે ૧૦.૫ કિલોમીટર લાંબો ઘાટ તૈયાર કરવામાં આવ્યો છે. આ દિવસે ૪ કરોડ લોકો અમૃત સ્નાન કરે તેવી શક્યતાઓ છે.

મહાકુંભ દરમિયાન કુલ છ સ્નાન થશે, જેમાંથી ત્રણ અમૃત (શાહી) સ્નાન હશે. અખાડાઓ અમૃત સ્નાન કરે છે. પહેલું અમૃત સ્નાન ૧૪ જાન્યુઆરીએ મકર સંક્રાંતિના દિવસે, બીજું ૨૯ જાન્યુઆરીએ મૌની અમાવસ્યાના દિવસે અને ત્રીજું ૩ ફેબ્રુઆરીએ વસંત પંચમીના દિવસે થશે. ૧૨ કિમી વિસ્તારમાં બનેલા સ્નાનઘાટ ભક્તોથી ભરેલા છે. એકલા સંગમમાં જ દર કલાકે ૨ લાખ લોકો સ્નાન કરે છે.

સંગમના તમામ પ્રવેશ માર્ગો પર ભક્તોની ભીડ છે. મહાકુંભને કારણે વાહનોનો પ્રવેશ બંધ છે. ભક્તો બસ અને રેલ્વે સ્ટેશનથી ૧૦-૧૨ કિલોમીટર ચાલીને સંગમ પહોંચી રહ્યા છે. આ કડકડતી ઠંડીમાં વિદેશી શ્રદ્ધાળુઓ પણ સ્નાન કરી રહ્યા છે. ૬૦ હજાર સૈનિકો સુરક્ષા અને કાયદો અને વ્યવસ્થા જાળવવામાં રોકાયેલા છે. પોલીસ કર્મચારીઓ સ્પીકર્સ દ્વારા લાખોની ભીડને નિયંત્રિત કરી રહ્યા છે. કમાન્ડો અને અર્ધલશ્કરી દળના જવાનો પણ વિવિધ સ્થળોએ તૈનાત છે.

મકરસંક્રાંતિ ૧૪ જાન્યુઆરી, મંગળવારના રોજ ઉજવવામાં આવશે. સંક્રાંતિ

(અનુ. આઠમા પાને)

### ટેન્ટ સિટીને યુપીનો ૭૬મો જિલ્લો જાહેર કરાયો

રાજ્યના મુખ્ય સચિવ મનોજ કુમાર સિંહના જણાવ્યા અનુસાર, ૪,૦૦૦ હેક્ટરમાં ફેલાયેલા મહાકુંભ ટેન્ટ સિટીને ધાર્મિક મેળાના સમયગાળા માટે યુપીનો ૭૬મો જિલ્લો જાહેર કરવામાં આવ્યો છે. તેમાં ૫૬ પોલીસ સ્ટેશન અને ૧૩૩ પોલીસ ચોકીઓ છે. ટેન્ટ સિટીમાં ૬૭,૦૦૦ સ્ટ્રીટ લાઈટ, ભક્તોને લઈ જવા માટે ૭૦૦૦ કેસરી રંગની બસો, ૧,૨૪૯ કિલોમીટર લાંબી પાણીની પાઈપલાઈન, ૩૦૦,૦૦૦ છોડ વાવવામાં આવ્યા છે, ૧૨ કિલોમીટરથી વધુ લાંબા કામચલાઉ ઘાટ બનાવ્યા છે. રાજ્ય સરકારે ૧,૬૦,૦૦૦ તંબુઓ સ્થાપ્યા છે, જેમાં ૨,૨૦૦ વૈભવી તંબુઓનો સમાવેશ થાય છે. પ્રયાગરાજમાં ૨૧૮ હોટલ, ૨૦૪ ગેસ્ટ હાઉસ, ૯૦ ધર્મશાળા અને ઘણા હોમસ્ટે પણ છે.

### સ્ટીવ જોબ્સની પત્ની લોરેન્સ પોવેલ મહાકુંભમાં પધાર્યા

એપલના સહ-સ્થાપક સ્ટીવ જોબ્સની પત્ની લોરેન્સ પોવેલ જોબ્સ મહાકુંભમાં હાજરી આપતા પહેલા બાર જ્યોતિર્લિંગમાંથી એક બાબા કાશી વિશ્વનાથના આશીર્વાદ લેવા વારાણસી પહોંચી હતી. તેમણે બાબા કાશી વિશ્વનાથના દર્શન કર્યા. આ દરમિયાન, કાશી વિશ્વનાથ મંદિરમાં પ્રવેશ કરતી વખતે, તે ગુલાબી સૂટ અને દુપટ્ટાના પરંપરાગત પોશાકમાં જોવા મળી હતી. આ સમય દરમિયાન, તેમની સુરક્ષા માટે ઘણા પોલીસકર્મીઓ પણ તૈનાત કરવામાં આવ્યા હતા. ટૂંક સમયમાં, લોરેન્સ જોબ્સનું સનાતની નામ 'કમલા' થઈ જશે અને આગામી ૧૭ દિવસ સુધી, તે પ્રયાગરાજના નિરંજની અખાડાના મહામંડલેશ્વર કૈલાશાનંદ ગિરીની કથા સાંભળશે અને તે પણ કથાના પ્રથમ યજમાન બનશે. આ ઉપરાંત, તે ૧૦ દિવસ સુધી કલ્પવાસના નિયમોનું પાલન કરશે.

### મહાકુંભ માટે ૧૩ હજાર સ્પે. ટ્રેનો દોડાવાય

મહાકુંભ ૨૦૨૫ ના આયોજન માટે સરકાર અને વહીવટીતંત્ર દ્વારા ખાસ તૈયારીઓ કરવામાં આવી છે. ભારતીય રેલ્વે પણ આ પ્રસંગ માટે સંપૂર્ણપણે તૈયાર છે. રવિવારે રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે મહાકુંભ ૨૦૨૫ ની તૈયારીઓની વિગતો આપી. તેમણે કહ્યું કે છેલ્લા ત્રણ વર્ષમાં, મહાકુંભને ધ્યાનમાં રાખીને, રેલવેએ ૫૦૦૦ કરોડ રૂપિયાના કાર્યો પૂર્ણ કર્યા છે. આ વખતે ૧૩,૦૦૦ ખાસ ટ્રેનોનું આયોજન કરવામાં આવ્યું છે જે ગયા કુંભ દરમિયાન દોડતી ટ્રેનોની સંખ્યા કરતાં લગભગ ચાર ગણી હશે.

### બે દિવસમાં ૧૧ શ્રધ્ધાળુઓને હાર્ટ એટેક

પ્રયાગરાજમાં મહાકુંભ મેળા દરમિયાન શિયાળાની અસર સ્પષ્ટપણે દેખાય છે. બે દિવસમાં કુલ ૧૧ લોકોને હૃદયરોગનો હુમલો આવ્યો હતો, જેમાંથી છ શ્રદ્ધાળુઓ પરેડ ગ્રાઉન્ડ ખાતેની સેન્ટ્રલ હોસ્પિટલમાં અને પાંચ શ્રદ્ધાળુઓ સેક્ટર-૨૦ સ્થિત સબ સેન્ટર હોસ્પિટલમાં સારવાર માટે પહોંચ્યા હતા. રાહતની વાત એ છે કે નવ શ્રદ્ધાળુઓને સારવાર બાદ રાહત મળી, જ્યારે બે શ્રદ્ધાળુઓને ગંભીર હાલતમાં એસઆરએસ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા.

# રશિયાના ક્રૂડ ઉપર અમેરિકાનું નિયંત્રણ ભારત માટે મુશ્કેલી સર્જશે?

## હવે મધ્ય પૂર્વ આફ્રિકા અને યુનાઈટેડ સ્ટેટ્સમાંથી વધુ ક્રુડ ખરીદવુ પડશે, જેના કારણે પેટ્રોલ-ડીઝલ સહિતના ઉત્પાદનોનો ખર્ચ વધશે

**અબતક, નવી દિલ્હી**

ચીન અને ભારતીય રિફાઈનર્સ મધ્ય પૂર્વ આફ્રિકા અને યુનાઈટેડ સ્ટેટ્સમાંથી વધુ તેલ ખરીદશે. જેના કારણે કિંમતો અને નૂર ખર્ચમાં વધારો થશે, વેપારીઓ અને વિશ્લેષકોએ જણાવ્યું હતું કે, રશિયન ઉત્પાદકો અને શિપર્સ પર નવા યુએસ પ્રતિબંધોએ મોસ્કોના ટોચના ગ્રાહકોને પુરવઠો ઘટાડ્યો છે.



યુએસ ટ્રેઝરીએ શુક્રવારે રશિયન તેલ ઉત્પાદકો ગેઝપ્રોમ નેફ્ટ અને સુરગુટનેફ્ટેગાસ તેમજ રશિયન તેલ વહન કરતા ૧૮૩ જહાજો પર પ્રતિબંધો લાદ્યા હતા, જેનો હેતુ મોસ્કો દ્વારા યુક્રેન સાથેના યુદ્ધને નાણાં પૂરા પાડવા માટે ઉપયોગમાં લેવાતી આવકને નુકસાન પહોંચાડવાનો હતો. ૨૦૨૨ માં પશ્ચિમી પ્રતિબંધો અને સાત દેશોના જૂથ દ્વારા લાદવામાં આવેલી કિંમત મર્યાદાને કારણે રશિયન તેલનો વેપાર યુરોપથી એશિયા તરફ ખસેડવામાં આવ્યો હોવાથી, ભારત અને ચીનમાં તેલ મોકલવા માટે

(અનુ. આઠમા પાને)

# 'એપલ'ના બમ્પર ક્રોપથી રૂ.૧ લાખ કરોડનું હૂંડિયામણ આવ્યું

## વર્ષ ૨૦૨૪માં એપલે બમ્પર નિકાસ કરી, ગત વર્ષની તુલનાએ નિકાસ ૪૧ ટકા વધી

**અબતક, નવી દિલ્હી**

સરકાર સ્થાનિક કક્ષાએ ઉત્પાદન ઉપર સતત પ્રોત્સાહન આપી રહી છે. જેથી દેશની નિકાસ વધી રહી છે અને હૂંડિયામણ આવી રહ્યું છે. આવી જ રીતે એપલનો બમ્પર ક્રોપ થયો છે. એટલે કે એપલના ગેજેટ્સનું ઉત્પાદન વધુ થયું છે. સામે નિકાસ પણ ૧ લાખ કરોડને આંબયું છે.

ઉદ્યોગના પ્રારંભિક અંદાજ મુજબ, એપલે ૨૦૨૪ માં ભારતમાંથી આઈફોન નિકાસ માટે રૂ.૧ લાખ કરોડનો આંકડો પાર કર્યો છે. તેની બાહ્ય નિકાસ ૧૨.૮ બિલિયન ડોલર એટલે કે રૂ.૧.૦૮ લાખ કરોડના રેકોર્ડને સ્પર્શશે. જે ગયા વર્ષ કરતા ૪૧ ટકા વધુ છે.

આનું કારણ સ્થાનિક મૂલ્યવર્ધનમાં વધારો છે - જે મોડેલના આધારે ૧૫-૨૦% સુધી પહોંચ્યું છે - અને સ્થાનિક ઉત્પાદન એક વર્ષ પહેલાની તુલનામાં લગભગ ૪૬% વધીને ૧૭.૫ બિલિયન ડોલર એટલે કે રૂ.૧.૪૮ લાખ કરોડ થયું છે, ક્યુપરટિનો સ્થિત કંપનીએ ૨૦૨૩ માં ૯ બિલિયન ડોલરની નિકાસ કરી હતી, જે તેના ૧૨ બિલિયન ડોલરના સ્થાનિક ઉત્પાદનના ત્રણ-ચતુર્થાંશ હિસ્સો ધરાવે છે.

એક સરકારી અધિકારીએ જણાવ્યું હતું કે, ''ભારતમાંથી કોઈપણ એક ઉત્પાદનની નિકાસ માટે એક વર્ષમાં એપલની સિદ્ધિ અભૂતપૂર્વ છે.'' તેમણે સ્માર્ટફોન માટે ઉત્પાદન-લિંક્ડ પ્રોત્સાહન યોજનાની સફળતા પર પ્રકાશ પાડ્યો. ઉત્પાદન અને નિકાસના આંકડાઓ ફ્રેઈટ ઓન બોર્ડ કિંમતને ધ્યાનમાં લે છે જેના પર ઉપકરણ ફેક્ટરીમાંથી બહાર નીકળે છે. છૂટક ભાવ લગભગ ૬૦% વધારે છે.

(અનુ. આઠમા પાને)

### આણંદમાં કરૂણાંતિકા

# કાકાજી સસરાના અકસ્માતની ભાળ મેળવવા જતાં જમાઈ સહિત ત્રણના હિટ એન્ડ રનમાં મોત

## અજાણ્યા વાહનની ઠોકરે બેના ઘટનાસ્થળે મોતઃ એક યુવકે ટૂંકી સારવારમાં દમ તોડ્યો

**અબતક, રાજકોટ**

આણંદમાં એક હિટ એન્ડ રનની ઘટનામાં ત્રણ યુવકોના મોતના અહેવાલ સામે આવ્યા છે. કાકાજી સસરાના અકસ્માતની જાણ થતાં ભાળ મેળવવા માટે ઘરેથી બાઈક પર ટ્રિપલ સવારીમાં નીકળેલા જમાઈ, સાળા સહીત ત્રણને અજાણ્યા વાહને ટક્કરે લેતા ત્રણેયના મોત નીપજ્યા છે.

મામલામાં આણંદના ભાલેજ પોલીસમાં સુરેન્દ્રસિંહ પ્રવિણસિંહ સોઢા નામના ૨૬ વર્ષીય યુવાને નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, મારા મામાંના દીકરા રમણભાઈને સંતાનામાં દીકરી પ્રિયંકાના લગ્ન પંચમહાલના પ્રતાપપુરા ગામે વિજયસિંહ બળવંતસિંહ ચૌહાણ સાથે થયેલ હતા. ઉપરાંત મારા કૌટુંબિક મામા સવજીભાઈ ડાભી અમારા ઘરની નજીક રહે છે જેમને સંતાનમાં મહેશ(ઉ.વ.૩૧), સોનલ(ઉ.વ.૨૦) અને નરેશ(ઉ.વ.૧૭) છે. મારા મામાના દીકરા રમણભાઈની દીકરી પ્રિયંકા તથા જમાઈ વિજયસિંહ બંન્ને જણા ઉતરાયણની ઉજવણી કરવા આવેલ હતા. દરમિયાન ગઈકાલે સાંજના સમયે

મામા જશવંતભાઈ ડાભીના દિકરા બળવંતભાઈ કે જેઓ બાઈક લઈને કામ અર્થે નડીયાદ ગયેલ હતા તેમને છએક વાગ્યે સલુણ નજીક અકસ્માત થયાના સમાચાર આવતા ભત્રીજા જમાઈ વિજયસિંહ બળવંતસિંહ ચૌહાણ, તેમનો સાળો નીલેશભાઈ રમણભાઈ ડાભી તથા મારા કુટુમ્બી મામાનો દીકરો નરેશભાઈ સવજીભાઈ ડાભી એમ ત્રણેય સાડા છ વાગ્યાં આસપાસ જીજે-૧૭-સીજે-૨૦૮૮ બાઈક લઈને સલુણ જવા નીકળ્યા હતા. થોડીવારમાં હું પણ મારા મિત્રની ગાડી લઈને સલુણ જવા નીકળ્યો હતો.

દરમિયાન સાતેક વાગ્યાની આસપાસ પણસોરાથી વણસોલ તરફ પસાર થઈ રહ્યો હતો ત્યારે યોગી રાઈસ મીલ સામે રોડ ઉપર ટોળુ થયેલ હોય અને અકસ્માત થયાનું જાણવા મળતા હું ઘટનાસ્થળે ગયો હતો. જ્યાં જોતા ભત્રીજા જમાઈ વિજયસિંહ,

(અનુ. આઠમા પાને)

### નાસિકમાં પીકઅપ વાહન આઈશરની પાછળ ઘુસી જતાં આઠ વ્યકિતના મોત, આઠ ઈજાગ્રસ્ત

મહારાષ્ટ્રના નાશિકમાં રવિવારે સાંજે લગભગ ૭ વાગ્યે એક પીકઅપ વાહન લોખંડના સળિયાથી ભરેલા આઈશર વાહન સાથે અથડાયું હતું. આ ઘટનામાં પીકઅપમાં મુસાફરી કરી રહેલા ૮ લોકોનાં મોત થયા હતા જ્યારે ૮ લોકો ઘાયલ થયા છે. જેમાંથી કેટલાકની હાલત નાજુક છે. તેમને નજીકની હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે.પોલીસના જણાવ્યા અનુસાર, અકસ્માત નાસિક-મુંબઈ-આગ્રા નેશનલ હાઈવે પર થયો હતો. પીકઅપમાં ૧૬ લોકો સવાર હતા. આ તમામ નિફાડમાં આયોજિત ધાર્મિક કાર્યક્રમમાં હાજરી આપીને સિડકો પરત ફરી રહ્યા હતા. પોલીસે જણાવ્યું કે જ્યારે વાહન અયપ્પા મંદિર પાસે પહોંચ્યું ત્યારે પીકઅપ ચાલકે કાબૂ ગુમાવી દીધો. આ પછી પાછળથી લોખંડના સળિયાથી ભરેલા આઈશરમાં ઘુસી ગઈ. અધિકારીઓના જણાવ્યા અનુસાર, સ્થાનિક લોકો અને પોલીસે ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કર્યા છે. કેટલાકની હાલત નાજુક છે. આવી સ્થિતિમાં મૃત્યુઆંક વધી શકે છે.

ઉત્તરાયણ પ્રકાશ, પ્રકૃતિ, સંસ્કૃતિ, આકાશ અને સૂર્ય ઉપાસનાનું પર્વ

# કાલે આપણો ધાબા ઉત્સવ પણ: આખું વર્ષ દેશ અને વિશ્વના વિવિધ પ્રાંતોમાં ઊડતી રહે છે 'પતંગ'

## રાજસ્થાનમાં અખાત્રીજે તો મુંબઈમાં દિવાળીએ અને દિલ્હીમાં સ્વાતંત્ર્ય પર્વે ઉડે છે, પતંગ : અમદાવાદમાં પતંગોત્સવ બે દિવસ ચાલે છેઃ જાણકારોના મત મુજબ પતંગનું મહત્વ કે અસ્તિત્વ રામાયણ-મહાભારતમાં પણ જોવા મળે છે

**વિશ્વનાં સૌથી પ્રાચિન ગ્રંથ ઋગ્વેદમાં સૂર્ય માટે પતંગ શબ્દ વપરાયો હતો : હડપ્પા અને મોહે-જો-દરોની સિંધુ સંસ્કૃતિના મળી આવેલા અવશેષોમાં અમુક ચિત્રલિપીમાં પતંગની આકૃતિ જોવા મળે છેઃ ભારતમાં પતંગ નામનો સર્વ પ્રથમ ઉલ્લેખ મંઝન નામના કવિએ તેની મધુમાલતી કવિતામાં કર્યો હતો**

**નોલેજ કોર્નર**




ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

આપણે મકર સંક્રાંતિએ પતંગ ઉડાડીએ છીએ પણ આજે કે કાલે કે આવતા મહિને પણ વિશ્વના અલગ અલગ દેશોના પ્રદેશોમાં પતંગ ઉડતી જ રહે છે. આપણાં દેશમાં પતંગને તિલંગી, પાળોલ, મકડા, ગાલપિટ્ટ અને પડાઈ જેવા નામોથી બોલાવાય છે. વિશ્વમાં અલગ અલગ દેશોમાં તેના આકાર- કદ - દેખાવ મુજબ તેના નામો જાણીતા છે. પતંગ શબ્દ હકિકતમાં સંસ્કૃત શબ્દ છે. આપણા દેશમાં કે વિશ્વમાં તેના આકાર - કદ મુજબ વિવિધ નામો છે. તેમ આપણાં ગુજરાતમાં પણ તેને ફૂમતાવાળા, પૂછડીવાળા, કાગડી, આંખદાર, પીળી, બગલું, ભૂરીભાત જેવા વિવિધ નામો જોવા મળે છે. તેના ઝુંડ ને પંજો અને ૨૦ પતંગોને કે જથ્થાને ફૂડી કહેવાય છે.

પતંગો વિશેની અનેક કથા અને વાતો જાણીતી છે. તુલસીદાસ કૃત રામાયણના બાલ કાંડની ચોપાઈ તેનો ઉલ્લેખ અને રામે પતંગ ઉડાડી હોવાનો ઉલ્લેખ જોવા મળે છે. ત્રણ હજાર વર્ષ પહેલા વનસ્પતિના પાંદડામાંથી પણ પતંગો બનતી હોવાનું માનવામાં આવે છે. સૌ પ્રથમ વિશ્વમાં ઈ.સ. પૂર્વે ૨૦૬માં પ્રથમ પતંગ ચગાવનાર ચીનના હુઆન સંગ હતા. વિશ્વનો સૌથી મોટો પતંગ ૬૩૦ ચોરસમીટર નું કદ ધરાવતો હતો, જયારે લાંબો પતંગ ૧૦૩૪ મીટરની લંબાઈ ધરાવતો હતો. જાપાનના એક પતંગ બાજે એક જ દોરી ઉપર ૧૧૨૮૪ પતંગ ઉડાડવાનો વર્લ્ડ રેકોર્ડ ધરાવે છે. સૌથી દુર ઉડાવવાનો વર્લ્ડ રેકોર્ડ કલાકની ૧૯૩ કી.મી. ઝડપે પતંગ ઉડાવવાનો છે. થાઈલેન્ડમાં પતંગ ઉડાડવાના ૭૮ નિયમો નકકી કરાયા છે.

આકાશમાં રંગરબેરંગી પતંગ ચગાવવાના અનેરા અવસરનું ઉત્સવ પર્વ મકર સંક્રાંતિ કાલે છે, ત્યારે પતંગ રસિયાનો ઉમંગ - ઉત્સાહ પતંગની જેમ જ આભને આંબી રહ્યો છે. ભારતમાં સંક્રાતના અનેક નામ અને રૂપ જોવા મળે છે, મહારાષ્ટ્રમાં ક્રિક્રાંતિ, બંગાળમાં સંક્રાતિ, તામિલનાડુ અને દક્ષિણ ભારત અને બંગાળમાં પોંગલ, યુપી અને બિહારમાં તેને ખીચડી પણ કહેવાય છે. સૂર્યનું એક નામ પતંગ પણ છે, આ પર્વ ઘણુ પ્રાચીન અને વ્યાપક છે. ઉતરાયણ પ્રકાશ, પ્રકૃતિ, સંસ્કૃતિ, આકાશ અને સૂર્ય ઉપાસનાનું પૂર્વ ગણાય છે. આપણા દેશમાં સૌપ્રથમ ૧૭૫૦ માં પતંગ ઉડી હતી. પતંગબાજીનો શોખ નવાબી શોખ ગણાતો હતો. છઠ્ઠી સદીમાં ચીનના રાજાએ પતંગને લઈને ઘણા પ્રયોગો કર્યા હતા.

ગુજરાતના અમદાવાદમાં તો બે દિવસ ઉત્સવ જેવો માહોલ હોય છે. અહિં વાસી ઉતરાયણનું વિશેષ મહત્વ છે. સુરત, બરોડા, રાજકોટ જેવા અનેક શહેરોમાં પતંગ રસીઓએ દોરો પાવાથી લઈને પતંગના આયોજન અગાઉથી જ કરેલ હોય છે. ધાબા ઉપર પરિવાર સાથે મિત્રો સાથે સવારથી સાંજ જલ્વામાં ડીજે, ચીકી, બોર, જીંજરા, ખજુર, ઉંધીયુ જેવા વ્યંજનો પણ સામેલ થાય છે. અત્યારે તો બજારમાં પતંગ દોરા, ફિરકી વિગેરેની ધુમ લેવાલી નીકળી પડી છે. નીત નવા પતંગો પણ આ વર્ષે જોવા મળી રહ્યા છે, જેમાં આ વર્ષે પુષ્પા, ઈન્ડિયન ફ્લેગ, ૨૦૨૫ વર્ષની તથા બાળકોને ગમતા વિવિધ કાર્ટુનોની પતંગોનો બજારોમાં ક્રેઝ જોવા મળે છે.



આપણાં સૌરાષ્ટ્ર ગુજરાતમાં વર્ષમાં એક જ વખત મકર સંક્રાંતિ એ જ પતંગ ચગાવાય છે. પરંતુ દેશના અલગ અલગ પ્રદેશોમાં કોઈને કોઈ પર્વને નિમિત બનાવીને લોકો પતંગ ઉડાડે છે. તેથી દેશમાં આખુ વર્ષ કોઈને કોઈ તહેવારે પતંગ ઉડતી જ રહે છે. આ અંગેની વિગતોમાં પતંગ-દોરા અને ખાસ માંજો પાવા વાળા ધંધા સાથે સંકળાયેલા અને ધંધાને કારણે દેશભરમાં ફરતા રહેતા ધંધાર્થીઓ માટે આજીવિકાનું એક સાધન છે.

પશ્ચિમ બંગાળમાં મુળ બંગાળીઓ નવરાત્રી દરમ્યાન, વિશ્વકર્મા જયંતિ ઉજવણીએ પતંગ ઉડાવીને પતંગ પર્વ ઉજવે છે.

રાજસ્થાનમાં ખાસ કરીને બિકાનેર શહેરમાં અખાત્રીજે પતંગ રસીયા પતંગ ચગાવે છે. આ પાછળના કારણોમાં રાજસ્થાનના રાજવી રાવ બિકાજીએ અક્ષય તૃતીયાના દિવસે બિકાનેર શહેર વસાવેલ તેથી સ્થાપના દિવસે ઉજવણીના ભાગરુપે પતંગ ઉડાડાય છે. આ દિવસે ખીચડો ખાવાનું વિશેષ મહત્વ છે. અખાત્રીજ પહેલા બીજના દિવસથી જ પતંગ ઉડાડાય છે. રાજસ્થાનના બીજા એક શહેર જોધપુરમાં અખાત્રીજે પતંગ ચગાવવાનો રિવાજ છે, પરંતુ અખાત્રીજ કરતાં રક્ષાબંધનના દિવસે પતંગો વધુ ચગાવાય છે. રાજયના જયપુરમાં મકર સંક્રાંતિએ જ પતંગ ઉડાડાય છે.પાટનગર દિલ્હી અને તેની આસપાસના વિસ્તારોમાં સ્વાતંત્ર્ય પર્વે પતંગ ચગાવાય છે. જયારે બોલીવુડ નગરી મુંબઈમાં દિવાળી દરમ્યાન પતંગ રસીયા પતંગ ચગાવે છે. જો કે હવે મુંબઈમાં ગુજરાતી સ્થાય થયેલા ગુજજુ પરિવારો મકર સંક્રાતિએ જ પતંગ ઉડાડે છે. દક્ષિણના પ્રમુખ રાજય તામિલનાડુમાં પોંગલ ઉત્સવમાં પતંગ પ્રજા ચગાવે છે.

આખા દેશમાં પતંગ ઉડાવવાનું વિશેષ મહત્વ ઉત્તર પ્રદેશમાં છે, અહીં પતંગ રસીયાઓ બારે માસ પતંગ ઉડાડતા જોવા મળે છે. લખનૌમાં દિવાળી પર્વે તો કાનપુરમાં રક્ષાબંધને, મુરાદાબાદમાં વસંત પંચમીએ પતંગ ઉડાડવાનો રીવાજ છે.

### ત્રણ હજાર વર્ષ પહેલા પાંદડામાંથી પ્રથમ પતંગ બનાવ્યો હતો !

વિશ્વનો સૌથી નાનો પતંગ પાંચ મિલીમીટર જેટલું ઉંચુ ઉડયો હતો. દુનિયાના સૌથી મોટા પતંગને 'મેગા ફલેગ' તરીકે ઓળખાય છે. સૌથી પહેલો પતંગ વૃક્ષના પાંદડામાંથી ત્રણ હજાર વર્ષ પહેલા બનાવ્યો હતો. અત્યાર સુધી સૌથી ઝડપી ઉડાડવામાઃ આવેલો પતંગ કલાકની ૧૯૩ કી.મીની ઝડપ ધરાવતો હતો. ન્યુઝીલેન્ડમાં પક્ષીના આકારોની પતંગોનો ક્રેઝ છે. જાપાની લોકો પતંગ ઉડાવવામાં જ પ્રવૃત રહેતા હોવાથી ૧૭૬૦ માં તેની ઉપર પ્રતિબંધ મુકાયો હતો. અમેરિકન સૈનિકો પતંગોનો સંદેશા વ્યવહાર તરીકે ઉપયોગ કરતાં હતા. ચીનમાં ડ્રેગન આકારના પતંગો ખુબ જાણીતા છે. ૧૯૦૧ માં માર્કોની એ પતંગની મદદથી પ્રથમવાર રેડીયો તરંગોના માધ્યમથી સંદેશાઓને એટલાન્ટિક સમુદ્રની પાર મોકલવામાં સફળતા મળી હતી.

### પતંગોની શોધનો દાવો કરનાર ચીન અને ગ્રીક

પતંગની સૌ પ્રથમ શોધ હકિમલ કમાને બનાવી હોવાનો ચીનનો દાવો છે, તેમણે ડ્રેગન નામનો પતંગ બનાવ્યો હતો. ચીન-કોરિયા અને જાપાનમાં પતંગનો ઉપયોગ જાહેર ખબર માટે થતો હતો. અમદાવાદના પાલડી ખાતે કાઈટ મ્યુઝિયમ આવેલું છે. આજે તો આપણા દેશના વિવિધ શહેરોમાં ભવ્ય પતંગ મહોત્સવ યોજવામાં આવે છે, જેમાં વિદેશના પતંગબજો પણ પોતાની અવનવી ચિત્ર વિચિત્ર પતંગ અને ફીરકી લઈને પતંગો ચગાવતા નજરે પડે છે.

આપણા ગુજરાતમાં અપવાદ રુપ પ્રભાષ પાટણમાં મકર સંક્રાતિ એ પતંગ નથી ઉડતી પણ, ભર ચોમાસે પિતૃશ્રાદધના દિવસોથી પતંગ ઉડાડવાનું શરુ કરાય છે. જે છેક દેવદિવાળી સુધી ચાલે છે. પંજાર હરિયાળામાં મકર સંક્રાતિ 'માઘી' નામથી ઓળખાય છે. સંક્રાંતનો એક દિવસ પહેલા 'લોહિડી' નો ઉત્સવ મનાવે છે.આપણા દેશમાં અલગ અલગ નામથી દેશભરમાં સંક્રાતનું પર્વ મનાવાય છે અને આખુ વર્ષ પતંગના પડછાયા દેશમાં કયાંયને કયાંક ઝીલાતા રહે છે.

# ધોરાજીની ક્રિષ્ના ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ ઓનીક્સ એક્સપોમાં લીધો ભાગ

**અબતક**
**રમણીક ટોપીયા, ધોરાજી**

ધોરાજીની ક્રિષ્ના ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ ભાગ ગાંધીનગર ખાતે ઓનીક્સ એક્સપોમાં જોડાય હતી.

તા.૯થી ૧૨ સુધી ગાંધીનગર ખાતે સરદાર ધામ દ્વારા ભારતના સૌથી મોટા એક્ઝીબીશન ઓનીક્સ એક્સ્પો જીપીબીએસ ૨૦૨૫ દેશ કા એક્સપોનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. જેમાં ધોરાજીની ક્રિષ્ના ઓઈલ ઈન્ડસ્ટ્રીઝે પણ ભાગ લીધેલ છે. આ તકે ક્રિષ્ના ઓઈલ ઈન્ડસ્ટ્રીઝના જીમ્મી પટેલે જણાવ્યું હતું કે અમે ૫૦ વર્ષથી મીઠા તેલબ્રાન્ડનું શીંગતેલ, કપાસીયા તેલ, સોયાબીન તેલ, સનફલાવર તેલ, સહીતના તેલનું વેચાણ કરી છીએ.



# ધોરાજી લેઉઆ પટેલ કેળવણી મંડળના મેનેજીંગ ટ્રસ્ટીએ શિક્ષણમંત્રી લીધી મુલાકાત



**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**

ધોરાજી લેઉઆ પટેલ કેળવણી મંડળના મેનેજીંગ ટ્રસ્ટીએ રાજયના શિક્ષણમંત્રીની મુલાકાત લીધી હતી. ગુજરાત સરકારના શિક્ષણમંત્રી પ્રફુલભાઈ પાનસેરીયાની ગાંધીનગર ખાતે લેઉઆ પટેલ કેળવણી મંડળના મેનેજીંગ ટ્રસ્ટી જમ્મીભાઈ પટેલએ શુભેચ્છા મુલાકાત કરેલ હતી.આ તકે શિક્ષણ સહીતની બાબતો વિશે ચર્ચા વિચારણા કરેલ હતી.

# મકર સંક્રાંતિઃ સુર્ય નારાયણની ઉપાસનાનું મહાપર્વ

## વિજ્ઞાન અને ધર્મ શાસ્ત્રોમાં પણ અનન્ય મહત્વ ધરાવે છે ઉત્તરાયણ

**:: સંકલન ::**



ડો.રાજેશ ત્રિવેદી, રાજકોટ

મકર સંક્રાતિ દર વર્ષે ૧૪મી જાન્યુઆરી એ જ આવે છે. જેને સમગ્ર હિન્દુ સમાજ હર્ષ-આનંદ, ઉલ્લાસ અને મોજ મજા આનંદથી માણે છે. આ તહેવારની ધાર્મિક અને ઐતીહાસીક અનેક બાબતો અવતરીત અને જોડાવેલી છે.

મકર સંક્રાતિના દિવસથી ભગવાન સુર્ય પોતાનું તેજ વધારે છે. અને પૃથ્વીના ગોળાર્ધમાં પ્રવેશે છે હિન્દુ ધર્મ પ્રમાણે મહિનાને બે ભાગમાં વહેચવામાં આવે છે કૃષ્ણ પક્ષ અને શુકલ પક્ષ પહેલું ઉતરાયણ અને બીજી દક્ષિણાયન મકર સંક્રાતિના દિવસે સુર્ય પૃથ્વીની પરિક્રમા કરવાની દિશા બદલાવીને થોડી ઉતર તરફ વળી જાય છે. જેથી આ સમયને ઉતરાયણ કહેવાય છે.

પ્રસિધ્ધ ગાયત્રી મંત્ર, જે દરેક શ્રદ્ધાળુ હિંદુ દ્વારા રોજ ઉચ્ચારાય છે તે ભગવાન સૂર્યદેવને જ્ઞાન અને બુધ્ધિના અવતાર પણ છે. ભગવાન કૃષ્ણ ગીતામાં અર્જુનને કહે છે કે આ જ્ઞાન(ગીતાનું) તેમણે પહેલા અનેક વખત કહ્યું છે જેમાં સૌ પ્રથમ વીવસ્વાન- સૂર્યને કહ્યુ હતું, આમ સુર્ય કૃષ્ણના પ્રથમ શિષ્ય હતા રવિને (સુર્ય) માટે ક્યારેય રવિવાર હોતો નથી, તે નિરંતર કાર્યશીલતમાં માને છે.

ઉતરાયણને શુભ માનવામાં આવે છે, આથી મકર સંક્રાતિને શુભ સમયની શરૂઆત રૂપે ઉજવવામાં આવે છે.

એક વાત પ્રમાણે મકર સંક્રાંતિના દિવસે આપણા સૌની પવિત્ર ગંગા નદીનું ધરતી પર અવતરણ થયું હતું. મહાભારતમાં પિતામહ ભીષ્મએ સુર્ય ઉતરાયણ તરફ હોવાથી સ્વેચ્છાએ શરીરનો પરિત્યાગ કર્યો હતો. અને તેનું શ્રાધ્ધ-સંસ્કાર પણ સુર્યની ગતિમાં થયું હતું. કારણ કે ઉતરાયણમાં દેહને પરિત્યાગ કરવાવાળી આત્માઓ થોડો સમય માટે દેવલોક ચાલી જાય છે અથવા તો પુનજન્મ થી છુટકારો પ્રાપ્ત કરે છે. મકર સંક્રાતીએ જ્ઞાનની દેવી માં સરસ્વતીની પૂજા, આદર કરવાનો પણ તહેવાર છે. જીવનના લક્ષ્યો પુરા કરવાની ઈચ્છા રાખનાર માટે આ આદર્શ સમય મનાય છે મકર સંક્રાતિનો મહત્વપૂર્ણ સમય,પરિવર્તનનો, જુનું ત્યજી અને નવું અપનાવવાનો સમય છે. ગુજરાતમાં આ સમયે છડેલા ધાન્યની અને તલની મીઠાઈઓ, ખાદ્ય પદાર્થો બનાવી અને દાન કરવામાં આવે છે. ગુજરાતમાં આ દિવસે ઘઉં, બાજરી કે જુવારને છડીને તેનો ખીચડો બનાવવામાં આવે છે, બહેન-દીકરી તથા અન્ય લોકોને ખીચડો ખવડાવવામાં આવે છે. ગૌ માતા નું પુજન કરવામાં આવે છે.ભારતનાં અન્ય પ્રાંતોમાં આજના દિવસે માલિક પોતાના નોકરોને અન્ન, વસ્ત્ર અને ધન વગેરે સામગ્રી દાન-ભેટ સ્વરૂપે આપે છે.

વિષ્ણુ ધર્મસૂત્રમાં કહેવાયું છે કે પિતૃના આત્માની શાંતિ માટે તેમજ પોતાના સ્વાસ્થ્ય વર્ધન અને સર્વ કલ્યાણ માટે તલનો ૬ પ્રકારે આ દિવસે પ્રયોગ પુણ્યદાયક તેમજ ફલદાયક હોય છે.

૧. તલ જલસ્નાન ૨. તલ ભોજન ૩. તલ દાન ૪.તલ જળ અર્પણ ૫. તલ આહુતિ ૬. તલ ઉબટન

આ દિવસે દાનનું ખુબ મહત્વ રહેલું છે. હિન્દુઓ આ દિવસે બ્રાહ્મણોને દાન આપે, ગાયને ઘાસ ખવડાવે, ગરીબોને ભોજન - કપડાનું દાન આપે છે.

આ સુંદર દિવસે લાખો લોકો છત અને અગાશીઓ પર ચળી હર્ષ અને ઉલ્લાસભેર પતંગ ઉડાડવાનો આનંદ માણે છે. આકાશ ઈન્દ્રધનુષની માફક રંગબેરંગી પતંગો વડે છવાઈ જાય છે. ગુજરાત રાજય તેની સાંસ્કૃતિક વિવિધતા અને તહેવારો માટે જાણીતું છે. આમાં ઉતરાયણ પણ મહત્વનો તહેવાર છે. લોકો આખો દિવસ પોતાની પતંગ ઉડાડવાની કલાનું અન્ય ઉડતી પતંગોને કાપીને પ્રદર્શન કરે છે. ઉતરાયણનો બીજો દિવસ (૧૫ જાન્યુઆરી) 'વાસી ઉત્તરાયણ' તરીકે મનાવાય છે. આમ સતત બે દિવસ આ આનંદમય તહેવારની ઉજવણી ચાલે છે.

## સૂડોકુ -૫૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૪ | | | ૭ | ૧ | | |
| ૬ | | ૯ | ૩ | | | | | |
| | | | | | | | | ૫ |
| | | ૩ | | | | ૭ | | |
| | | ૮ | | ૨ | | | | |
| ૫ | | | ૬ | ૮ | | | | ૪ |
| ૪ | | | | ૬ | | | ૩ | |
| | | | ૧ | | ૨ | | | |
| ૧ | ૮ | ૨ | | | | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

### સૂડોકુ-૫૩ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૪ | ૮ | ૭ | ૨ | ૩ | ૧ | ૫ | ૬ |
| ૭ | ૧ | ૨ | ૬ | ૫ | ૯ | ૩ | ૪ | ૮ |
| ૩ | ૬ | ૫ | ૪ | ૮ | ૧ | ૭ | ૨ | ૯ |
| ૮ | ૭ | ૪ | ૩ | ૯ | ૬ | ૫ | ૧ | ૨ |
| ૧ | ૨ | ૬ | ૫ | ૭ | ૪ | ૮ | ૯ | ૩ |
| ૫ | ૯ | ૩ | ૨ | ૧ | ૮ | ૬ | ૭ | ૪ |
| ૪ | ૮ | ૭ | ૯ | ૩ | ૫ | ૨ | ૬ | ૧ |
| ૬ | ૫ | ૧ | ૮ | ૪ | ૨ | ૯ | ૩ | ૭ |
| ૨ | ૩ | ૯ | ૧ | ૬ | ૭ | ૪ | ૮ | ૫ |

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૩-૦૧-૨૦૨૫ સોમવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (ગુજ્જુભાઈ ધ ગ્રેટ)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટિવેશન સ્પીચ (જય વસાવડા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (રાજમા કી ગુલોટી)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (HMPV વાયરસ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (હદ કરો છો હસુભાઈ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેંડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૪-૦૧-૨૦૨૫ મંગળવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવકથા (પૂ.ગીરી બાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા.૧૪-૧-૨૦૨૫ મંગળવાર**

| | | | |
|---|---|---|---|
| **વિક્રમ સંવત** | ૨૦૮૧ | **શાલીવાહન શકિ:** | ૧૯૪૬ |
| **ખ્રિસ્તી સંવત** | ૨૦૨૫ | | |
| **તિથી** | પોષ વદ એકમ મકરસંક્રાંતિ કમુહર્તાપૂરા | | |
| **નક્ષત્ર** | પુનર્વસુ | | |
| **યોગ** | વિષ્કુભ | **કરણ:** | બાલવ |
| **સુર્યોદય** | ૭.૨૯ | **સુર્યાસ્ત:** | ૬.૨૩ |
| **ચંદ્ર રાશી** | કર્ક | | |
| **રાશિ અક્ષર** | ડ.હ | | |
| **દિશાશૂળ** | ઉત્તર દિશા તરફ | | |
| **રાહુકાળ** | બપોરે ૩ થી ૪.૩૦ | | |
| **દિવસનાચોઘડીયા** | રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ | | |
| **રાત્રીનાચોઘડીયા** | કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ | | |
| **અભિજીત મુહૂર્ત** | બપોરે ૧૨.૩૩ થી ૧.૧૭ | | |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## આવતીકાલનું રાશિફળ

**તા.૧૪.૧.૨૦૨૫, મંગળવાર, સંવંત ૨૦૮૧, પોષ વદ એકમ, મકરસંક્રાંતિ, પુનર્વસુ નક્ષત્ર, વિષ્કુમ્ભ યોગ, બાલવ કરણ, આજે જન્મેલાંની ચંદ્રરાશિ કર્ક (ડ,હ) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ** (અ,લ,ઈ) : પ્રોપર્ટી અંગે યોગ્ય નિર્ણય લઈ શકો, જમીન મકાન વાહન સુખ સારું રહે, દિવસ પ્રગતિકારક રહે.

**વૃષભ** (બ,વ,ઉ) : નવા કાર્યમાં આગળ વધી શકો, સાહસથી સિદ્ધિ પ્રાપ્ત થાય,આગળ વધવાની તક મળે.

**મિથુન** (ક,છ,ઘ) : ભાગીદારીમાં કાળજી રાખવી પડે, આર્થિક બાબતોમાં મધ્યમ રહે, અન્ય બાબતો માં સારું રહે.

**કર્ક** (ડ,હ) : તમારા ખુદ માટે સમય કાઢી શકો, તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.

**સિંહ** (મ,ટ) : કેટલાક એવા બનાવ બને કે દિવસ દરમિયાન માનસિક વ્યગ્રતા અને ઉશ્કેરાટ રહે, સાંજ ખુશનુમા વીતે.

**કન્યા** (પ,ઠ,ણ) : ગણતરી વિનાના સાહસ ના કરવા સલાહ છે આવક કરતા જાવક વધી ના જાય તે જોવું,હિસાબ રાખવો.

**તુલા** (ર,ત) : અગાઉના સમયમાં તમે કરેલા કાર્યના સારા પરિણામ આજે મેળવી શકો, કર્મના સિદ્ધાંત ને સમજી શકો, શુભ દિન.

**વૃશ્ચિક** (ન ,ય) : ઈષ્ટદેવની આરાધના થી લાભ થાય, ધ્યાન યોગ મૌનથી લાભ થાય, આધ્યાત્મિક ચિંતન થાય.

**ધન** (ધ,ભ,ફ,ઢ) : દિવસ દરમિયાન દોડધામ રહે, સાંજ પછી નસીબ સાથ આપતું જણાય, અંગત મિત્રો સાથે મતભેદ દૂર કરી શકો.

**મકર** (ખ,જ) : જાહેરજીવનમાં ધ્યાન આપી શકો, આંતરિક સંબંધોમાં સારું રહે, મનની વાત વ્યક્ત કરી શકો.

**કુંભ** (ગ,સ,શ) : હિત શત્રુઓથી સાવધ રહેવું, વધુ પડતા વિશ્વાસે ના ચાલવું, વ્યક્તિગત દેખરેખ થી કામ કરવું.

**મીન** (દ,ચ,ઝ,થ) : પ્રણય માર્ગે આગળ વધી શકો, ગમતી વ્યક્તિ થી વાતચીત થાય, મનની વાત વ્યક્ત કરી શકો.

તંત્રી લેખ

# ગુજરાતની શાન અને આગવી ઓળખ પતંગ મહોત્સવ

પતંગ મહોત્સવ ગુજરાતની શાન જ નહિ આગવી ઓળખ પણ છે.'આંતરરાષ્ટ્રીય પતંગોત્સવે' ગુજરાતને આખા વિશ્વમાં ખ્યાતિ અપાવી છે.પતંગોના પર્વને આધુનિક આયામો આપવામાં આવ્યા છે. ઉત્સવ સાથે હવે પ્રવાસનને પણ જોડી દેવાયા છે.આકાશમાં જ્યારે રંગ બે રંગી પતંગોની રંગોળી પુરાતી હોય ત્યારે ગુજરાતનો વિકાસ જાણે આકાશમાં હિલોળા લેતું હોય તેવું લાગે છે.

પતંગોત્સવથી ગુજરાતમાં પ્રવાસીઓથીની સંખ્યા વધી છે.પ્રવાસન ઉદ્યોગને ખુબ મોટો વેગ મળ્યો છે.ગુજરાતીઓના પતંગ પ્રેમને કારણે સૌથી વધુ પતંગો બનાવનારા રાજ્ય તરીકે વિશ્વમાં ગુજરાતને ઓળખ મળી છે. દેશના પતંગ માર્કેટમાં ૬૫ ટકા હિસ્સો ગુજરાતનો છે. ગુજરાતમાંથી દર વર્ષે પતંગો અમેરિકા, યુ.કે., કેનેડા જેવા દેશોમાં એકસપોર્ટ પણ થાય છે.

ઉત્તરાયણ ઉત્સવ દાન તેમજ ધર્મનું અને સૂર્ય નારાયણની ઉપાસનાનું પર્વ છે. એટલું જ નહિ, દાન-મહિમાની પરંપરા સાથે ઉજવાતા આ પર્વમાં પર્યાવરણ પ્રત્યેની સંવેદના પણ સમાયેલી છે.

આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં અર્જેન્ટિના, ઓસ્ટ્રેલિયા, બેલારુસ, બેલ્જિયમ, ભૂતાન, બ્રાઝિલ, બલ્ગેરિયા, કંબોડિયા, કેનેડા, ચીલી, કોલંબિયા, કોસ્ટા રીકા, ડેનમાર્ક , ઈજિપ્ત, એસ્ટોનીયા, ફ્રાન્સ, જર્મની , ગ્રીસ, હંગારી, ઈન્ડોનેશિયા, આયર્લેન્ડ, ઈટલી, ઈઝરાયલ, જાપાન, રિપબ્લિક ઓફ કોરિયા, લેબાનોન, લીથુંઉનીયા, મલટા ,મેક્સિકો, નેધરલેન્ડ, ફિલિપાઈન્સ, પોલેન્ડ, પોર્ટુગલ, રોમાનીયા, રશિયન ફેડરેશન, સ્લોવાકિયા, સોલ્વેનિયા, સાઉથ આફ્રિકા, સ્પૈન, સ્વીઝરલેન્ડ, તુર્કી, યુક્રેન, યુનાઈટેડ કિંગડમ, યુનાઈટેડ સ્ટેટ અને વીયેતનામના પતંગબાજો ભાગ લેવા માટે આવ્યા છે.જે એ વાત પ્રસ્થાપિત કરે છે કે ગુજરાતના વિકાસનો પતંગ સાતમા આસમાને સ્થિર બની ચગી રહ્યો છે.

# બાબરાના ધુધરાળા ગામે આરોગ્ય સબ સેન્ટરનું ખાતમુહુર્ત કરતા ધારાસભ્ય તળાવીયા

**અબતક, અપ્પુ જોશી, બાબરા**

બાબરા તાલુકાના ઘુઘરાળા ગામમાં આરોગ્ય સબ સેન્ટરનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. આ નવા આરોગ્ય કેન્દ્રની સ્થાપના માટે રાજ્ય સરકાર દ્વારા અંદાજિત ૪૫ લાખ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.

આ પ્રસંગે, ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા ભાજપ મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસિયા, આરોગ્ય સમિતિના ચેરમેન



અશ્વિનભાઈ કુંજડિયા, કોટડાપીઠા જીલ્લા પંચાયત સીટના સદસ્ય પ્રભાતભાઈ કોઠીવાળ, દેવળીયા મોટા જીલ્લા પંચાયત સીટના સદસ્ય હિંમતભાઈ દેત્રોજા, તાલુકા ભાજપ મહામંત્રી રાજુભાઈ વીરોજા, તાલુકા પંચાયત પ્રમુખ બાબુભાઈ રામાણી, પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખો મહેશભાઈ ભાયાણી અને ભરતભાઈ બુટાણી, સામાજીક ન્યાય સમિતિ ચેરમેન મોહનભાઈ ખુમાણ સહિત ગ્રામ પંચાયતના સરપંચ, સદસ્યો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા.

આ નવા આરોગ્ય કેન્દ્રથી ઘુઘરાળા ગામના લોકોને આરોગ્ય સેવાઓ મેળવવા માટે દૂર દૂર સુધી જવું પડશે નહીં. ગામના લોકોને નજીકમાં જ સારવાર મળશે અને તેમના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવામાં આવશે.

આરોગ્ય કેન્દ્રના ખાતમુહૂર્ત પ્રસંગે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ ગ્રામજનોને અભિનંદન પાઠવ્યા હતા અને આ નવું આરોગ્ય સબ સેન્ટર ગામના વિકાસમાં મહત્વનો ફાળો આપશે તેવી આશા વ્યક્ત કરી હતી.

બાબરા તાલુકાના ઘુઘરાળા ગામમાં નવા આરોગ્ય સબ સેન્ટરનું ખાતમુહૂર્ત આરોગ્ય કેન્દ્ર માટે ૪૫ લાખ રૂપિયાની જોગવાઈગ્રામજનોને સરળતાથી આરોગ્ય સેવાઓ મળશે ગ્રામજનોમાં આનંદની લાગણી

# પ્રયાગરાજ ખાતે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદની બેઠક મળી

## મહાકુંભમાં વિવિધ વ્યવસ્થાઓ અંગે કરાયો પરામર્શ: ૧ લાખ ધાબળાનું કરાશે વિતરણ: સૌરાષ્ટ્ર પ્રાંત સંગઠનના મંત્રી નિર્મળસિંહ ખુમાણ

**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**

પ્રયાગ રાજ મહાકુંભ ખાતે મેળામાં કરોડો ભાવિકો પધારવાના છે ત્યારે આંતર રાષ્ટ્રીય હિન્દુ પરિષદની સ્થાપક પ્રવીણભાઈ તોગડિયા ની ઉપસ્થિતિમા સમીક્ષા બેઠક મળી હતી. જેમાં મહા કુંભમેળામાં આંતર રાષ્ટ્રીય હિન્દુ પરિષદ દ્વારા કરવામાં આવેલી તમામ વ્યવસ્થાઓ વિશે ચર્ચાઓ કરવામાં આવી હતી.સૌરાષ્ટ્ર પ્રાંત સંગઠન મંત્રી નિર્મળ સિંહ ખુમાણના જણાવ્યા પ્રમાણે આંતર રાષ્ટ્રીય હિન્દુ પરિષદ તરફથી ૧ લાખ



ધાબળા વિતરણ કરવામાં આવશે ૨૫ થી વધુ જગ્યાઓ ઉપર ચા અને જમવાની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. તેમજ મફત મેડિકલ સુવિધા પણ ભક્તો માટે આપવામાં આવશે જેમાં ૨૦ થી વધારે નિષ્ણાંત તબીઓ સેવામાં હાજર રહેશે અમરેલીથી પણ સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ ડો.જી.જે ગજેરા ના માર્ગદર્શન નીચે એમ્બ્યુલન્સ અને તબીબો સહિતની એક ટીમ પ્રયાગરાજ પહોંચી ચૂકી છે જે મહાકુંભ દરમિયાન સેવામાં તત્પર રહેશે અમરેલી નિષ્ણાત ડો અને વિભાગ અધ્યક્ષ પ્રયાગરાજ મહાકુંભમાં સેવામાં હાજર રહેશે સમગ્ર વ્યવસ્થાઓ ની આજે મહાકુંભ ખાતે સમીક્ષા બેઠક યોજાઈ હતી જેમાં આંતર રાષ્ટ્રીય હિન્દુ પરિષદના રાષ્ટ્રીય અધ્યક્ષ પ્રવિણભાઈ તોગડીયા, રાષ્ટ્રીય મહામંત્રી દેવેશજી ઉપાધ્યાય, ઈશ્વરી પ્રસાદ, રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રી રણછોડભાઈ ભરવાડ ,રાષ્ટ્રીય મંત્રી વિગેરે પદાધિકારીઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## અયોધ્યા રામમંદિર મૂર્તિ પ્રતિષ્ઠાને એક વર્ષ પૂર્ણ થતાં

# અમરેલીમાં વિ.હી.પ. દ્વારા મહાઆરતી



**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**

વિશ્વ હિન્દુ પરિષદ અમરેલ શહેર દ્વારા અયોધ્યામાં રામલલ્લાના પ્રતિષ્ઠાના એક વર્ષ થતાં રામજી મંદિર અમરેલી ખાતે મહા આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું.આ મહા આરતીમાં વિશ્વ હિન્દુ પરિષદના જિલ્લા અધ્યક્ષ ઈતેશ મહેતા, ભાણજીભાઈ બગડા,દિનેશ ભાઈ ભૂવા, એડવોકેટ બકુલભાઈ પંડયા, જે.એન.વાળા, હિતેશભાઈ વ્યાસ (ભગુભાઈ), જીગ્નેશભાઈ દાફડા, અશ્વિનભાઈ ત્રિવેદી, લાલભાઈ ટાંક (ગૌશાળા) કમલેશભાઈ , પંકજભાઈ ત્રિવેદી,દિલીપસિંહ પરમારવગરે ઉપસ્થિત રહેલ. કાર્યકમ ને સફળ બનાવવ માટે નગર અધ્યક્ષ પ્રતાપ સિંહ રાઠોડની આગેવાનીમાં નગર મંત્રી સંજયભાઈ પંડયા, સહમંત્રી પ્રકાશભાઈ શુક્લ,માતૃ શક્તિ સંયોજક કિરણબેન વાજા, બજરંગ દળ સંયોજક મહાવીરસિંહ વીંછિયા,મેહુલભાઈ પરીખ, જય સચદેવ, સત્સંગ સંયોજક કરણ વાઝા, ન્યાસ પ્રમુખ જયેશભાઈ જોશી તેમજ વિશાળ સંખ્યામાં કાર્યકરો અને શહેરી જનોએ મહા આરતી નો લાભ લીધો હતો.

## ઉત્તરાયણ પર્વે નિમિતે

# વઢવાણ: ગણપતિ ગૌશાળામાં દાન-પુણ્ય કરવા લોકોને અપીલ કરતા મહંત રામાશ્રયદાસજી

**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

ઉતરાયણના પર્વ પર વર્ષોથી દાન અને પુણ્યનું વિશેષ મહત્વ રહેલું છે અને લોકો પોતાની યથાશકિત મુજબ દાન કરી પુણ્યતાનું ભાથું બાંધે છે. વર્ષોથી ઉતરાયણના પર્વ પર ગાયો સહિત અબોલ જીવોને પણ ઘાસ ચારો નાખવામાં આવે છે.



ત્યારે વઢવાણ ગણપતિ ફાટસર મંદિર ખાતે આવેલ શ્રી ગણપતિ ગૌશાળામાં આશ્રય લઈ રહેલ ગાયોના લાભાર્થે પણ ગૌસેવા તેમજ દાન પુણ્ય કરી પુણ્યના ભાગીદાર થવા મંદિરના મહંત પ.પુ. શ્રી ૧૦૦૮ મહંત શ્રી રામાશ્રયદાસજી બાપુ દ્વારા લોકો સહિત ગૌપ્રેમીઓને આહવાન કરવામાં આવ્યું છે.

# વેરાવળ નાયબ પોલીસ અધિક્ષક વી.આર.ખેંગારનો કાલે જન્મદિવસ




ગીર સોમનાથ વેરાવળ વિભાગીય નાયબ પોલીસ અધિક્ષક વી. આર. ખેંગારનો ૧૪ જાન્યુઆરી મકરસંક્રાંતના પાવનકારી દિવસે જન્મદિવસ છે. અમદાવાદ મુકામે જન્મેલા અને એમ. કોમ. સુધી અભ્યાસ કરી ગુજરાત પોલીસ દળમાં જોડાયા.ગાંધીનગર આઈ બી જામનગર, ભાવનગર, ખેડા, નડિયાદ, કચ્છ, ભુજ, જુનાગઢ સ્ટેટ આઈ. બી. ત્યારબાદ ગીર-સોમનાથ જિલ્લા વેરાવળ ખાતે હાલ નાયબપોલીસ અધિક્ષક તરીકે કાર્યરત છે.બાહોશ પેપર વર્ક અને કુનેહથી તથા જિલ્લા પોલીસવડા ના માર્ગદર્શન હેઠળ અને સ્ટાફના સહકારથી અનેકવિધ ગુનાહો ઉકેલ્યા કડકાઈ છતાં લોકશાહી અભિગમ તથા સારો સ્વભાવ તેમની આગવી ઓળખ છે. સારી કામગીરી બદલ રાજ્યના ડી.જી. નો પ્રશંસા એવોર્ડ પણ તાજેતરમાં મળેલ છે. તેમના જન્મદિનને ઠેર-ઠેરથી અભિનંદન શુભેચ્છાઓનો વરસાદ મોબાઈલ નંબર ૯૯૭૮૪ ૦૭૯૬૮ ઉપર થઈ રહ્યો છે.

# સોમનાથ દાદાની આજે આંતરરાષ્ટ્રીય કલાકારો કથ્થક નૃત્ય કરી કરશે 'આરાધના'

**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

પ્રથમ જયોતિર્લિંગ શ્રી સોમનાથ મંદિર કરોડો ભક્તોની આસ્થાનું કેન્દ્ર છે. દેશવિદેશના કરોડો ભક્તો મહાદેવને પૂજા અર્ચન અને પ્રાર્થના કરી એમની કૃપા પ્રાપ્ત કરવા પ્રયત્ન કરતા હોય છે. ત્યારે શિવજી તો નટરાજ છે. નૃત્ય કલા અને સંસ્કૃતિના આરાધ્ય દેવ એટલે મહાદેવ. કલાકારો એમની કલાનું પુષ્પ એમના ચરણોમાં અર્પણ કરતા હોય છે. ત્યારે સુસ્મિતા બેનર્જી કે જેઓ કથક નૃત્ય



કોરિયોગ્રફર છે અને તેમણે યુનેસ્કો, ભારતીય સંસ્કૃતિ મંત્રાલય, અને અન્ય ઘણા રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય માધ્યમો પર પોતાના નૃત્યનું પ્રદર્શન કરેલ છે. આજે સાંજે ૬ થી ૭ વાગ્યે શ્રી સોમનાથ મંદિર પરિસરમાં એક વિશેષ નૃત્ય આરાધના સ્વરૂપે કાર્યક્રમ યોજવામાં આવશે.નટેશ્વરની નૃત્ય આરાધનાની સાથે-સાથે શ્રી સોમનાથ મહાદેવના દર્શને આવનાર શ્રદ્ધાળુઓ માટે આ નૃત્ય કાર્યક્રમ અલભ્ય લાભ થશે મળશે. આ નૃત્ય આરાધના થકી શ્રી સોમનાથ મહાદેવ સાથે ભારતીય ભવ્ય સંસ્કૃતિના દર્શનનો લાભ લેવા સોમનાથ શ્રદ્ધાળુઓને આમંત્રિત કરે છે.

# સુરેન્દ્રનગર: પ્રયાગરાજ કુંભમેળામાં દુધરેજ વડવાળા મંદિરનું અન્નક્ષેત્ર ધમધમ્યું

## પ્રયાગરાજના સેકટર ૧૯ના વડવાળા અન્ન ક્ષેત્રમાં ભોજન સાથે ભાગવત કથાનો સેવા યજ્ઞ




**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

યુપીના પ્રયાગરાજ ખાતે મહાકુંભ મેળાનો પ્રારંભ થઈ ચુક્યો છે જેમાં મોટી સંખ્યામાં સમગ્ર દેશમાંથી સંતો મહંતો, મહામંડલેશ્વરો, અખાડાના સાધુઓ સહિત ધર્મપ્રેમી લોકો તેનો લાભ લઈ રહ્યાં છે ત્યારે પ્રયાગરાજ ખાતે દુધરેજ વડવાળા મંદિરના પ.પુ.ધ.ધુ. ૧૦૦૮ મહામંડલેશ્વર શ્રી કનીરામદાસજી બાપુનો ભવ્યનગર પ્રવેશ તેમજ ભવ્ય સામૈયા મહોત્સવ યોજાયો હતો. આ મહાકુંભ મેળામાં દુધરેજની અખીલ ભારતીય રબારી સમાજની ગુરૂગાદી એવા વડવાળા મંદિર દ્વારા રામનગર દુધરેજ ખાલસા ખોલવામાં આવ્યું છે જ્યાં સતત એક મહિના સુધી અન્નક્ષેત્ર અને સેવા કેન્દ્ર શરૂ રહેશે. અખીલ ભારતીય અખાડા પરીષદ દ્વારા કુંભમેળામાં સેકટર-૧૯ પ્રયાગરાજમાં વીશેષ જગ્યા ફાળવવામાં આવી છે. જેમાં ભક્તજનો માટે ચા-પાણી, નાસ્તો અને ભોજન પ્રસાદની સેવા આપવામાં આવશે તેમજ મંદિર દ્વારા રામકથા તેમજ શ્રીમદ ભાગવત કથા અનેદિવ્ય સતસંગનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ સમગ્ર આયોજનને સફળ બનાવવા વડવાળા મંદિરના કોઠારી શ્રી મુકુંદરામ બાપુ સહિત સેવકગણ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

# ધ્રાંગધ્રા: સીતાદરવાજા ગઢની ઐતિહાસીક દિવાલ ખંડેર

## રાજાશાહી યુગની વિરાસત જાળવવા પાલીકા તરફ મીટ



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધાંગધ્રા શહેરમાં સીતા દરવાજા ગઢની દીવાલ રાજવી દ્વારા રાજાશાહી સમયમાં ૨૦૦ વર્ષ પહેલાં ધ્રાંગધ્રા શહેરમાં બાગ બગીચા, શિક્ષણ, રસ્તા, પાણીની સુવિધા સાથ ટાઉન પ્લાનિંગ અમલમાં મૂકવામાં આવેલો. ત્યારે વિવિધ ઐતિહાસિક ઈમારતો ગેટ, કિલ્લો, મહેલ અને સ્મારકો બનાવામાં આવ્યા છે. ત્યારે ઐતિહાસિક ઈમારતો સીતા દરવાજાની દિવાલ મરામત વગર ખંડેર બની રહી છે. આ અંગે ધ્રાંગધ્રાના જાગૃત નાગરિક દ્વારા જણાવ્યું કે ધ્રાંગધ્રાનો કિલ્લો, મહેલ, બજાર, વિવિધ ગેટો, જોગાસર તળાવની જાળવણી કરાય તેવી છે તો પસી હવે સીતા દરવાજાની દિવાલનું પણ સમારકામ કરવામાં આવે તેવી લોકોની માગ છે જેમાં પાલિકા તંત્રને રજૂઆત કરવા છતાં હજુ કોઈ સંભાળ લેવામાં આવતી નથી તો સુ મલિકા તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે?

# ધ્રાંગધ્રા: ભગવતધામ ગુરૂકુળના છાત્રોએ પતંગોત્સવની મોજમાણી

## વિદ્યાર્થીઓને જીવદયાના સંકલ્પ લેવડાવ્યા



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા ભગવતધમ ગુરુકુળ દ્વારા પતંગોત્સવ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ભાગવત ધામ ગુરુકુળમા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ભગવતદ ધામ ગુરુકુળ દોરી પતંગ ફુગ્ગા આપવામાં આવ્યા હતા ધાંગધ્રા ભગત ધામ ગુરુકુળ ખાતે યોજાયેલ આ પતંગોત્સવ કાર્યક્રમમાં શિક્ષકો પણ જોડાયા હતા અને આ મકર સંક્રાતિ પર્વ ની ઉજવણી કરી હતી સાથે શિક્ષકો દ્વારા બાળકોને સંકલ્પ લેવડાવવામાં આવ્યા હતા જેમાં પક્ષીઓને ઈજા ન થયા તે માટે વહેલી સવારે તેમજ મોડી સાંજે પતંગ ન ઉડાડવા સાથે કોઈ પક્ષી ઈજાગ્રસ્ત જોવા મળે તો તે માટે પક્ષી બચાવો અભિયાનની હેલ્પ લાઈન નંબર પર સંપર્ક કરવા માટે સૂચન કરવામાં આવ્યું હતું

# સુરેન્દ્રનગર ખાતે જીલ્લાકક્ષાના કલા મહાકુંભનો પ્રારંભ: ૨૩ સ્પર્ધા યોજાશે

## નાયબ મુખ્ય દંડક જીજ્ઞેશ મકવાણા સહિતના મહાનુભાવો રહ્યા ઉપસ્થિત



**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

વઢવાણ નવા ૮૦ ફુટ રોડ પર આવેલ ઈન્ડિયન પબ્લિક સ્કુલ ખાતે યોજાયેલ બે દિવસીય જીલ્લાકક્ષાના કલા મહાકુંભના કાર્યક્રમનો રાજકીય મહાનુભાવો સહિત આગેવાનોની ઉપસ્થિતિમાં ખુલ્લો મુકવામાં આવ્યો હતો. કેન્દ્ર તેમજ રાજ્ય સરકાર દ્વારા કલાવૃંદોમાં રહેલી કલા અને કુશળતાને બહાર લાવવા તેમજ અલગ-અલગ વય જુથના કલાકારોની પ્રતિભાને પ્રગટ કરવા અને કલાક્ષેત્રમાં નવું યોગદાન આપવાના હેતુથી કલા મહાકુંભનું આયોજન કરવામાં આવ્યું છે જેના દ્વારા કલાકારોમાં રહેલી ક્ષમતાઓનો વિકાસ થાય છે અને સુસુપ્ત શકિતઓને ઉજાગર કરવા માટે સ્ટેજ મળી રહી છે ત્યારે જીલ્લા કક્ષાના આ કલા મહાકુંભમાં જીલ્લાભરમાંથી કલાવૃંદ જોડાયા હતા અને પ્રથમ દિવસે કલા મહાકુંભને ખુલ્લો મુક્યા બાદ રાસ-ગરબા, લગ્નગીત સહિતની અલગ-અલગ ૨૩ જેટલી સ્પર્ધાઓ બે દિવસ દરમ્યાન યોજાશે. આ તકે નાયબ મુખ્ય દંડક જગદીશભાઈ મકવાણ, ડીવાયએસપી, પીઆઈ, જીલ્લા યુવા વિકાસ અધિકારી, પ્રાંત અધિકારી, પ્રાંત યુવા વિકાસ અધિકારી, નિર્ણાયકો, શિક્ષકો અને કલાકારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

# ટેક્સ મુકિત અને નીતિગત પ્રશ્નોની વિસ્તૃત માહિતી આપતા કમિશનર યોગીશ મિશ્રા

## ગાંધીધામ ચેમ્બર ખાતે આવકવેરા વિભાગ અને એનજીઓના પદાધિકારીઓનો યોજાયો સંવાદ સત્ર

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

કચ્છની અગ્રણી વેપાર-ઉદ્યોગ સંસ્થા ગાંધીધામ ચેમ્બર અને આવકવેરા વિભાગના સંયુક્ત ઉપક્રમે સંકુલના વિવિધ ટ્રસ્ટો અને સામાજિક/સેવાકીય સંસ્થાઓના પ્રતિનિધિઓ, ચાર્ટર્ડ એકાઉન્ટસ, ટેક્ષ સલાહકારો સાથે ટ્રસ્ટોના રજીસ્ટ્રેશનથી લઈને તેના કાયદાકીય અનુપાલન અને તેના અમલીકરણમાં થતી વિવિધ ફરિયાદોના નિવારણ અર્થે એક સંવાદ સેતુ કાર્યક્રમ ચેમ્બર ભવન ખાતે યોજાયો હતો.

કાર્યક્રમમાં આવકવેરા વિભાગ તરફથી જોઈન્ટ કમિશ્નર (અમદાવાદ) યોગીશ મિશ્રા તથા આવકવેરા અધિકારી રાજકોટના ગૌરવ જૈન ઉપસ્થિત રહયા હતા.

ચેમ્બર પ્રમુખ મહેશ પુજે તેમના સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, ગાંધીધામ સંકુલ દેશનું કોસ્મો પોલીટન સંકુલ ગણાય છે. સંકુલમાં દરેક રાજયના લોકો દશકાઓથી સંકુલમાં



વસે છે. દરેક સમાજના વિવિધ ટ્રસ્ટો/સમાજો/ સંસ્થાઓ વિવિધ સેવાકીય પ્રવૃતિઓ કરે છે.ટ્રસ્ટોના રજીસ્ટ્રેશન અને કાયદામાં થયેલ વિવિધ સુધારાઓ વિશેની વિસ્તૃત માહિતી અંગેનું માર્ગદર્શન મળે તે હેતુસર આ સંવાદ સેતુ કાર્યક્રમ રાખવામાં આવેલ છે. તેમ જણાવેલ. પ્રારંભિક પ્રવચનમાં જોઈન્ટ કમિશ્નર યોગીશ મિશ્રાએ કાર્યક્રમના આયોજન બદલ ગાંધીધામ ચેમ્બરના પદાધિકારીઓનો આભાર વ્યક્ત કરી જણાવ્યું હતું કે, વિવિધ ટ્રસ્ટો/સંસ્થાઓની સામાજિક, ધાર્મિક અને સેવાકીય પ્રવૃતિઓને બિરદાવી ટ્રસ્ટોના રજીસ્ટ્રેશન તથા તેના અનુપાલનમાં ઉદભવતા ટેક્ષ મુક્તિના તથા અન્ય નિતિગત પ્રશ્નો અંગે વિસ્તૃત જાણકારી આપી તેઓએ સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્ષીસ વિભાગ દ્વારા કરદાતાઓ માટેની ''વિવાદ સે વિશ્વાસ'' યોજના કે જે ૩૧.૧.૨૦૨૫ સુધી લંબાવવામાં આવેલ છે જેમાં ૨૪.૭.૨૦૨૪ સુધીની વિલંબિત અપીલોનું નિરાકરણ કરવામાં આવશે,

આ સંવાદ સેતુ કાર્યક્રમમાં કારોબારી સમિતિના સભ્ય કમલેશ પરિયાણી, ચેમ્બર મહિલા પાંખના સહ-કન્વીનર એડવોકેટ મમતા આહુજા, સી.એ વિશાલ લાલકા. રોનક મોતા, પ્રવિણ દવે. કરસન સોલંકી, નરેન્દ્ર પટેલ, પ્રકાશ રેવાણી, કનૈયા આસનાની, ટેક્ષ કન્સલટંટ જિતેન્દ્ર ઠક્કર, વિવિધ ટ્રસ્ટો અને સમાજોના ટ્રસ્ટીઓ અને પ્રતિનિધિઓ સર્વશ્રી મોહનલાલ ધારશી ઠક્કર, મોહન જાંગીડ, રચના જોષી, ક્રિષ્ણા મિશ્રા, ચેતન ટાંક, નિતિન પરમાર, દિપ્તી કિવાન, હેમલતા ગોલાણી, સૂર્યકાંત હરસોરા, પી. નંદા, હિના જોષી તેમજ સી.એ. ના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# મુંદ્રામાં રૂ.૩૨.૪૭ લાખના કોકેઈન સાથે પંજાબના ક્રેઈન ઓપરેટરની ધરપકડ

## કુલદીપસિંઘ મજબી ૧૦ દિવસના રિમાન્ડ પર : ડ્રગ્સ કોને આપવાનો હતો સહિતની દિશામાં આકરી પૂછપરછ

**અબતક, રાજકોટ**

મુંદ્રાથી રૂ. ૩૨.૪૭ લાખના કોકેનના જથ્થા સાથે મૂળ પંજાબના અને હાલ મુંદ્રામાં ક્રેઈન ઓપરેટર તરીકે નોકરી કરતા કુલદીપસિંઘ મજબીની ધરપકડ કરવામાં આવી છે. પંજાબી શખ્સને અદાલતમાં રજૂ કરવામાં આવતા ૧૦ દિવસના રિમાન્ડ મંજુર કરવામાં આવ્યા છે.

મૂળ પંજાબના તરનતારન અને છેલ્લાં ચારેક વર્ષથી મુંદરામાં ક્રેઈન ઓપરેટર તરીકે કામ કરી ભાડે રહેતા કુલદીપસિંઘ સવીન્દ્રસિંઘ મજબી (શીખ)ને ગઈકાલે મુંદરા પોલીસે બાતમીના આધારે માદક પદાર્થ કોકેઈન (૩૨.૪૭ ગ્રામ કિં.રૂ. ૩૨.૪૭ લાખ) સાથે ઝડપી એનડીપીએસ તળે ગુનો નોંધી કાર્યવાહી કરી હતી અને કોર્ટમાં રિમાન્ડની માંગ સાથે આરોપીને રજૂ કરાતાં ૧૦ દિવસના રિમાન્ડ મળ્યા છે.

આ બનાવની વિગતો મુજબ ગઈકાલે મુંદ્રા પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ રોહિતગીરી મગનગીરી ગુંસાઈને મળેલી બાતમીના આધારે મુંદરા પોલીસે દેવાંગ ટાઉનશિપ શ્રીજીનગરમાં ભાડે રહેતા કુલદીપસિંઘના રૂમ પર દરોડો પાડી તેના પેન્ટના ખિસ્સામાંથી ૧૪.૪૨ ગ્રામ કોકેઈનની પડીકી અને ૫૬૦૦ રોકડા રૂપિયા કબજે લીધા બાદ તેના રૂમની ઝડતી લેતાં કસરત માટેના રોલર પાઈપના પોલાણમાં સંતાડેલી ૧૮.૦૫ ગ્રામની કોકેઈન બીજી પડીકી મળી હતી.

દરોડાની તલાશી દરમ્યાન એક ટેબલેટ, એક મોબાઈલ ફોન સહિત કુલ રૂા. ૩૨,૮૨,૬૦૦નો મુદ્દામાલ કબજે લઈ આરોપી વિરુદ્ધ એનડીપીએસ એક્ટ તળે મુંદરા પોલીસે ગુનો નોંધ્યો છે.

આ કેસની તપાસ કોડાયના પીઆઈ વાઘેલાને સોંપાઈ છે. આ કામગીરીમાં મુંદરાના પીઆઈ આર.જે. ઠુમ્મર, એ.એસ.આઈ. દિનેશભાઈ ભટ્ટી, હે.કો. રોહિતગિરિ ગુસાઈ, વિજયભાઈ બરબસિયા, દર્શનભાઈ રાવલ, ભરતભાઈ ચૌધરી, સંજયભાઈ ચૌધરી, મથુરજી કુડેચા, દિનેશભાઈ ગોહેલ અને કોન્સ. મુકેશભાઈ ચૌધરી, ડ્રાઈવર હે.કો. રમેશભાઈ ચૌધરી જોડાયા હતા. બીજી તરફ આ ગુનાના આરોપી કુલદીપસિંઘને પોલીસે કોર્ટમાં રજૂ કરી ૧૦ દિવસના રિમાન્ડ માગતાં કોર્ટે તે ગ્રાહ્ય રાખ્યા છે. આ દિવસના રિમાન્ડ દરમ્યાન આરોપીએ આ કોકેઈન ક્યારે અને કોની પાસેથી લીધું હતું અને કોને આપવાનું હતું તેમજ કેટલા સમયથી આ રીતે ડ્રગ્સની હેરાફેરી કરી રહ્યો છે, તેવી માહિતી કઢાવવાના પ્રયાસો પોલીસ કરશે.

# અંજારઃ લૂંટ વીથ હુમલામાં સંડોવાયેલો શખ્સ ઝડપાયો

## ચોરીના ઈરાદે ઘુસેલા શખ્સે મહિલા પર છરી વડે હુમલો કરી રોકડ અને સોનાની લૂંટ ચલાવી ‘તી

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

પૂર્વ કચ્છના અંજાર તાલુકાના મેઘપર બોરીચી વિસ્તારના મકાનમાં સ્ત્રીવેશમાં આવેલા શખ્સે મહિલા પર હુમલો કરી આંખમાં મરચા પાવડર છાંટી સોનાની ચેન અને રોકડની લૂંટ ચલાવવાના ગુનાનો પોલીસે ભેદ ઉકેલી એક શખ્સની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ અંજારના મેઘપર બોરીચી વિસ્તારનાં મકાનમાં અજાણ્યો શખ્સ સ્ત્રી વેશમાં ઘસી મકાન માલીક મહિલા પર છરી વડે હુમલો કરી આંખમાં મરચાની ભૂકી છાંટી રોકડ અને સોનાના ઘરેણાની લૂંટ ચલાવ્યાની અંજાર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

લૂંટ વીથ હુમલાના બનાવનો ભેદ ઉકેલવા એસ.પી.એ આપેલી સુચનાને પગલે એલ.સી.બી.નાં પી.આઈ. એન.એન. ચુડાસમા અને અંજાર પોલીસ પી.આઈ. એ.આર. ગોહિલ સહિતની ટીમ દ્વારા સીસીટીવી અને ખાનગી બાતમીનાં આધારે મેઘપર (બો)નાં કૈલાશ જયોત સોસાયટીમાં રહેતો હર્ષ ભરત પટેલ ટ્રેનમાં આવી રહ્યાની મળેલી બાતમીનાં આધારે ગાંધીધામ રેલવે સ્ટેશન ખાતે વોંચ ગોઠવતા શંકાસ્પદ હાલતમાં નિકળેલા શખ્સને અટકાવી પૂછપરછ કરતા તેણે લૂંટથી મેળવેલો ચેન ફેડબેંકમાં મૂકી ૫૦૦૦૦ની લોન લીધી હતી. ફરિયાદી અને આરોપી વચ્ચે પારિવારીક સંબંધ હોવાથી ફરિયાદીની તમામ હકિકતથી વાકેફ હતો આથી ચોરીનો પ્લાન બનાવી વેશ બદલવા મહિલાના વસ્ત્રો અને મરચાની ભૂકીની ખરીદી કરી હતી મકાનના છુપાયો અને મહિલા કિડીયારૂ પૂરવા બહાર જતા અંદર ઘૂસ્યો હતો. અને મહિલા આવી જતા મારપીટ કરી લૂંટને અંજામ આપ્યો હતો.

# ઈડરઃ મોટી વાડોલમાં વીજ કનેકશન કાપવા ગયેલા વીજ કર્મીઓને ભગાડ્યા

## આરોપીએ વીજ કર્મી પાસેથી વીજ ગ્રાહકોનું લીસ્ટ ઝુંટવી ફાડી નાખી ધમકી આપતા ફરિયાદ

**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**

સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકાના મોટી વાડોલ ગામે વીજ કનેકશન કાપવા ગયેલા વીજ કર્મીઓને ભગાડતા ચકચાર મચી ગઈ છે અને વીજ કર્મીઓને જાનથી મારી નાંખવાની ધમકી આપતા જે અંગે જાદર પોલીસ મથકે ફરીયાદ નોંધાવા પામી છે. આ અંગે પોલીસમાં નોંધાયેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ ઈડર તાલુકાના મોટી વાડોલ ખાતે વીજ કર્મીઓ પોતાની કાયદેસરની ફરજ માટે વિજબીલના નાણાંની વસૂલાત તથા વિજબીલ નહી ભરેલ ગ્રાહકોના વિજ કનેક્શન કાપવાની કામગીરી માટે ગયા હતા ત્યારે આ કામના આરોપી દેવુસિંહ દોલતસિંહ ચૌહાણ (રહે.મોટી વાડોલ)એ વીજ કર્મી જુનીયર આસીસ્ટંટ છાયાબેન વસંતભાઈ પટેલ તથા ઈલેક્ટ્રીકલ આસીસ્ટંટ ઘનશ્યામ ભગવાનદાસ પટેલ ઉપર એકદમ ઉશ્કેરાઈ જઈને વીજ કનેક્શન કાપવાની ના પાડેલ તથા જેમ ફાવે તેમ મા-બેન સામે ભૂંડી ગાળો બોલી વીજ કર્મી પાસે રહેલ બાકી વિજ ગ્રાહકનુ લીસ્ટના બે પાનાં ઝુંટવી લઈ ફેટ પકડી શર્ટનુ બટન તોડી ધક્કો દઈને મારવા દોડવા આવી ગયો હતો અને ફરીથી અહિં વિજબીલ માટે આવશો તો જીવતા નહી રહો એમ કહી જાનથી મારી નાખવાની ધમકી આરોપી દેવુસિંહ ચૌહાણએ આપી હતી જે અંગેની ફરિયાદ જાદર પોલીસ મથકે નોંધાવા પામી છે અને જાદર પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ધ્રાંગધ્રાના કુડા ગામના આધેડનો હત્યારો હળવદના વેગડવા ગામથી ઝડપાયો

## ઘઉંમાં પાણી પાવા બાબતે થયેલી બોલાચાલીમાં ખેડુતે ભાગીયાનું મોત થયુ હતુ

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**



ધ્રાંગધ્રા તાલુકાના કુડા ગામે વાડી વિસ્તારમાં કંકાવટી ગામ માવજીભાઈ કાનાભાઈ ના પરીવાર દ્વારા મજુરી ના ભાગે વાડી વાવવા રાખી હતી ત્યારે ઘવ ના પાકને પાણી પીવડાવા બાબતે વાડી ના માલીક કે મજુર સાથે બોલાચાલી કરી તીક્ષ્ણ હથિયાર નો ઘા મજુર આધેડ ને મારતા ગંભીર ઈજા થતા ઘટના સ્થળે મોત નીપજ્યું હતુ બનાવના સમાચાર મળતાં ધ્રાંગધ્રા તાલુકા પોલીસ ઘટના સ્થળે દોડી જઈને આરોપી અર્જુનભાઈ ચતુરભાઈ સામે ગુનો નોધવાની કાર્યવાહી હાથ ધરી જેમાં ગણતરીની કલાકોમાં જ આરોપીને હળવદના વેગડવા ગામેથી તાલુકા પોલીસે ઝડપી લીધો હતો આગળની કાર્યવાહી તાલુકા પોલીસ ચલાવી રહી છે.

ધ્રાંગધ્રા તાલુકાના કુડા ગામે વાડી એ કંકાવટી ગામે રહેતા માવજીભાઈ કાનાભાઈ દ્વારા મજૂરી ભાગે વાવવા માટે રાખી હતી ત્યારે આ વાડીની ઘઉં વાવવામાં આવ્યા હતા ત્યારે ૧૧ જાન્યુઆરીના રોજ રાત્રિના સમયે ઘઉમાં પાણી પાવાનું હોવાથી પાણી પાવા આ બાબતે સવારના વાડીના માલિક અર્જુનભાઈ ચતુરભાઈ કોળી વાડી આવી અને વાડીના ખેત મજૂર માવજીભાઈ કાનાભાઈ સાથે રાત્રે ઘઉંના પાકમાં પાણી કેમ નથી પાયું તે બાબતને લઈને બોલાચાલી કરી હતી આરોપી ઉશ્કેરાઈ જાય અને વાડીમાં પડેલો પથ્થર ભાગવાનો ઘણ લઈને માવજીભાઈ કાનાભાઈ કોપણીયા ને છાતીમાં અને પેટના ભાગે બે ઘણના ઘા મારતા એ ઢળી પડ્યા હતા ત્યારે આ સમયે અહીંયા હાજર મારનાર પત્ની અને પુત્ર દ્વારા આરોપી ને પકડવા જતાં આરોપી ત્યાંથી ભાગી ગયો હતો અને પણ દવાખાને ખસેડે તે પહેલાં જ તે આધેડનું થયું હતું. તાલુકા પોલીસે ગણતરીની કલાકોમાં જ હળવદ તાલુકાના વેગડવા ગામેથી આરોપી અર્જુન ચતુરભાઈ કોળીને ઝડપી પાડી તાલુકા પોલીસ સ્ટેશન એ લાવીને વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# લ્યો કરો વાત... ચોર હવે ઘેટા બકરાને પણ નથી છોડતા

## કડકડતી ઠંડીનો લાભ લઈને લતિપુર ચોકડી પાસે ઘેટાં-બકરાના વાડામાં તસ્કરો ત્રાટક્યા

**અબતક, સંજય ડાંગર, ધ્રોલ**

ધ્રોલના લતીપર રોડ પર આવેલ દેવીપૂજકવાસમા અજાણ્યા શખ્સો કડકડતી શિયાળાની ઠંડીનો લાભ લઈને ૧૪ ઘેટા બકરા ચોરાયા આ પશુધન ચોરા ભારે ચકચાર પોલીસ વિગતો અનુસાર ધ્રોલ ના લતીપર રોડ પર આવેલા દેવીપૂજક વાસ મા રહેતા રવિભાઈ વાઘેલાના વાડામાંથી ઘેટા-બકરા નંગ ૯ જેની કિંમત ૭૦,૦૦૦ અને દિનેશભાઈ જગુભાઈ વાઘેલા એક બોકડો જેની કિંમત રૂપિયા ૮,૦૦૦ તેમજ મશરૂભાઈ રાતડીયાની ૪ બકરી જેની કિંમત ૪૦,૦૦૦ મળીને કુલ કિંમત રૂપિયા ૧,૧૮,૦૦૦ હજારની કિંમતના નાના-મોટા ઘેટા બકરાની કોઈ અજાણ્યા ઈસમો ચોરી કરી ગયાની ધ્રોલ પોલીસ મથકે રવિભાઈ વકસીભાઈ વાઘેલાએ ફરિયાદ નોંધાવતા ધ્રોલ પોલીસ હેડ. કોન્સ્ટેબલ એચ.બી. સોઢીયાએ વધુ તપાસ હાથ ધરી હતી.

# ધ્રાંગધ્રામાં ગુડદી પાસાનો જુગાર રમતા ત્રણ શખ્સો પકડાયા

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા રંગોલી રેસ્ટોરન્ટ વાળા ખાચામાં બાપાસીતારામ ની મઢુલી પાસે જાહેરમાં ગુડદી પાસાનો જુગાર રમતા સીટી પોલીસે ત્રણ શખ્સોને રોકડ રકમ ૬૪૦૦ રૂપિયા ના મુદ્દામાલ સાથે ઝડપી લઈને જુગાર ધારા મુજબનો ગુનો નોંધી ધોરણસર ની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી

ધ્રાંગધ્રા સીટી પોલીસ કોન્સ્ટેબલ,સરફરાજ મલેક, બીજરાજસિંહ ઝાલા, સંજયભાઈ મુંધવા, પ્રવિણસિંહ ચાવડા,સહીત સ્ટાફ રંગોલી રેસ્ટોરન્ટ વાળા ખાંચામાં બાપા સીતારામ ની મઢુલી પાસે જાહેરમાં ત્રણ શખ્સો ગુડદી પાસાનો જુગાર રમતા ઝડપી પાડેલ પોલીસે રેડ દરમિયાન અંકિત ઘનશ્યામભાઈ ગોહિલ, ભાવિક શ્યામજીભાઈ દલવાડી, મોસીન સલીમભાઈ સિપાઈ, ધ્રાંગધ્રા વાળા શખ્સોને પકડી રોકડ રકમ ૬૪૦૦ રૂપિયા ના મુદ્દામાલ કબજે કરી સીટી પોલીસ સ્ટેશન લાવીને ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

# હિંમતનગરઃ દારૂના ગુનાનો વોન્ટેડ આરોપી ઝડપાયો

**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**

હિંમતનગર બી.ડીવીઝન પોલીસે એક મહત્વપૂર્ણ સફળતા મેળવી છે પોલીસે બસ સ્ટેન્ડ વિસ્તારમાંથી પ્રોહિબિશનના કેસમાં છેલ્લા એક વર્ષથી ફરાર આરોપીને ઝડપી લીધો હતો.



પકડાયેલા આરોપીની ઓળખ પ્રકાશ અરવિંદભાઈ બારોટ (ઉં.વ.૩૯) તરીકે થઈ છે જે હિંમતનગરના સ્ટેટ બેંક પાછળ ભાટવાસ વિસ્તારમાં રહે છે બી.ડીવીઝન પોલીસની ટીમને પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળતા તાત્કાલિક કાર્યવાહી કરી હતી આરોપી વડાલી પોલીસ સ્ટેશનના પ્રોહિબિશન કેસમાં વોન્ટેડ હતો અને છેલ્લા એક વર્ષથી પોલીસથી બચવા નાસતો ફરતો હતો પોલીસે આરોપીની ધરપકડ કર્યા બાદ તેને વડાલી પોલીસ સ્ટેશનને આગળની કાર્યવાહી માટે સોંપી દીધો છે જ્યાં તેની સામે આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# દસાડાના પાનવા ગામની સીમથી દારૂ અને બીયરનો જથ્થો ઝડપાયો

## બીજાની માલીકીની વાડીમાં દારૂનો જથ્થો સંતાડનાર સામે ગુન્હો નોંધી કાર્યવાહીઃ ૬૧૮૦૦નો મુદ્દામાલ કબ્જે

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

દસાડા તાલુકામાં ઈંગ્લીશ દારૂ અને જુગાર જેવી આસામાજીક પ્રવૃત્તિઓ વધી રહી છે ત્યારે જીલ્લા પોલીસ વડાની સુચનાથી દસાડા પોલીસે ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલીંગ હાથ ધર્યું હતું જે દરમ્યાન પાનવા ગામની સીમમાં આવેલ ખેતરમાંથી ઈંગ્લીશ દારૂ સહિતનો મુદ્દામાલ ઝડપી પાડયો હતો અને એક શખ્સ વિરૂધ્ધ દસાડા પોલીસ મથકે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ અંગે પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ દસાડા પોલીસે બાતમીના આધારે ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલીંગ હાથ ધર્યું હતું જે દરમ્યાન પાનવા ગામે રહેતા સીધ્ધરાજ ઈશ્વરભાઈ પાનવેચાએ ગામમાં જ રહેતા કાંતિભાઈ અજમલભાઈ મકવાણાની માલીકીની વાડી જે છેલ્લા ત્રણ વર્ષથી વાવવા માટે આપેલ છે તેમાંથી કપાસના છોડની નીચે સંતાડેલ અલગ-અલગ બ્રાન્ડની નાની-મોટી ઈંગ્લીશ દારૂ બોટલો નંગ-૪૦૨ તેમજ બિયર ટીન નંગ-૧૬૫ સહિત કુલ રૂા. ૬૧,૮૦૪નો મુદ્દામાલ કબ્જે કરી હાજર મળી ન આવેલ સીધ્ધરાજ પાનવેચા સામે દસાડા પોલીસ મથકે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

# ગાંધીધામઃ પિસ્તોલ સાથે બિહારી ઝડપાયો

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**



ગાંધીધામ ગુજરાત હાઉસીંગ બોર્ડની સામેની તરફ ચીરઈ સોલ્ટ મીઠાના ઢગલાની સામે રોડ પર ઉભેલા ઈસમ પાસેથી બી ડિવિઝન પોલીસ દ્વારા બંદુક કબ્જે કરવામાં આવી હતી. આરોપી મૂળ બિહારના હાલે હાઉસીંગ બોર્ડમાં રહેતા અજય બિરેન્દ્ર તિવારી પાસેથી વિદેશી સીગલ શોર્ટ ગન મળી આવી હતી. આરોપીના જેકેટના ખિસ્સામાંથી મળેલી આ ગનની કિંમત ૩૦ હજાર આંકવામાં આવી છે. ૫ હજારનો મોબાઈલ સહિતનો મુદામાલ કબ્જે કરી ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ કામગીરી ગાંધીધામ બી ડીવીઝન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર એસ.વી.ગોજીયા,પો.સબ ઈન્સ. એલ.એન.વાઢીયા તથા સર્વેલન્સ સ્ટાફના પોલીસ કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલ છે.

# બગસરાઃ ચાઈનીઝ દોરી સાથે બે પકડાયા

**અબતક, સમીર વિરાણી,બગસરા**



બગસરા પોલીસ દ્વારા ચાઈનીઝ બનાવટી પ્લાસ્ટિક ની દોરી કોકડા ૧૦ કિંમત રૂપિયા ૫,૦૦૦ નો મુદ્દામાં સાથે બે ઈસમોને ઝડપી પાડ્યા હતા.

મળતી માહિતી મુજબ બગસરામાં ચાઈનીઝ પ્લાસ્ટિક દોરી ગ્લાસ કોટેડ નાયલોન ચાઈનીઝ ઉત્પાદન સંગ્રહ વેચાણ અંગે ઉપયોગ રોકવા અંગે જિલ્લા પોલીસ વડા સંજય ખરાટ સાહેબની સૂચના અનુસાર બગસરા પોલીસ સ્ટેશનના પીઆઈ એમ ડી સા સાલુકે ના સીધા માર્ગદર્શન હેઠળ બગસરા પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા બગસરા ટાઉન વિસ્તારમાં આવેલ આશાપુરા સીઝન સ્ટોર નામની દુકાન માં ચાઈનીઝ દોરીના કોકડાઓ ફૂલ નંગ ૧૦ કિંમત રૂપિયા ૫૦૦૦ ને મળી આવેલ હોય બી એન એસ ક ૨૨૩ મુજબ નો ગુનો ધોરણ સર ની કાર્યવાહી કરી હતી જેમાં આરોપી મેહુલ કિશોરભાઈ હડિયલ રહે બગસરા વિજય ચોક જીલ્લો અમરેલી તથા સાહિલ ભીખુભાઈ શાહમદાર રહે બગસરા નદી પર બંને આરોપીને પકડી પડી ધોરણ સરની કાર્યવાહી કરી હતી.

# રતનપર ભોગાવો નદીમાંથી અજાણ્યા યુવકની લાશ મળી

## મૃતદેહને પીએમ અર્થે ખસેડી તપાસ હાથ ધરી

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**



રતનપર વિસ્તારમાંથી પસાર થતી ભોગાવો નદીના પાણીમાં એક અજાણ્યા યુવકની શંકાસ્પદ હાલતમાં લાશ પડી હોવાની જાણ ત્યાંથી પસાર થતાં વાહનચાલકો સહિત લોકોને થતાં આ અંગે જોરાવરનગર પોલીસને જાણ કરી હતી. આથી પોલીસ કાફલો ઘટના સ્થળે આવી પહોંચ્યો હતો અને યુવકની લાશને નદીમાંથી બહાર કાઢી તપાસ હાથ ધરી હતી જેમાં પ્રાથમિક તપાસમાં લાશ કોહવાય ગયેલી હાલતમાં હોવાથી ઓળખ કરવી મુશ્કેલ બની હતી તેમજ ત્રણ-ચાર દિવસથી પાણીમાં હોવાનું પણ જણાઈ આવ્યું હતું. આથી લાશનો કબ્જો લઈ પીએમ અર્થે સરકારી હોસ્પીટલે ખસેડી વધુ તપાસ આરંભી હતી તેમજ અજાણ્યા યુવકના વાલી વારસને શોધવાની પણ તજવીજ શરૂ કરી હતી.

# કૌટુંબિક દિયરે ભાભીનો અનેકવાર દેહ અભડાવ્યોઃ બિભત્સ ફોટો વાયરલ કર્યા

**અબતક, રાજકોટ**

રાજકોટની ભાગોળે વધુ એક દુષ્કર્મની ઘટના સામે આવી છે. જેમાં કૌટુંબિક દિયરે ભાભી પર અનેકવાર દુષ્કર્મ આચરી બિભત્સ ફોટો પાડી લીધા હતા. બાદમાં સંબંધ રાખવાનું દબાણ કરી પીડિતાના બિભત્સ ફોટો પોતાના વોટ્સઅપ સ્ટેટ્સમાં મૂકી વાયરલ કરી દેતા એરપોર્ટ પોલીસમાં ભોજપરી ગામના ગોરધન વાલાણી વિરુદ્ધ દુષ્કર્મ સહીતની કલમો હેઠળ ગુનો નોંધ્યો છે.

સુરેન્દ્રનગર પંથકની અને રાજકોટની ભાગોળે રહેતી ૩૦ વર્ષની મહિલાએ એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે તેના ભોજપરી ગામે રહેતા તેના કૌટુંબિક દિયર ગોરધન મનુ વાલાણીનું નામ આપ્યું હતું. મહિલાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, પોતે તથા તેનો પતિ ઈમિટેશનનું કામ કરતા હતા. તે વખતે તેના કૌટુંબિક દિયર ગોરધન વાલાણી ઈમિટેશનના કામ માટે અવાર નવાર તેમના ઘરે આવતા હતા. બાદમાં કામકાજ સરખું નહીં ચાલતા અન્ય મજૂરીકામ માટે મહિલા, તેનો પતિ અને પુત્રી રાજકોટની ભાગોળે નવાગામ રહેવા આવી ગયા હતા અને ભાડાના મકાનમાં રહેતા હતા.

જે બાદ મે મહિનામાં ભીમ અગિયારસના દિવસે ગોરધન વાલાણી તહેવાર કરવા મહેમાન બનીને મહિલાના ઘરે ગયો હતો અને અગાઉ તે મહિલા સાથે મજૂરીકામે ગયો હતો ત્યારે તેણે મહિલાને કહ્યું હતું કે, નવાગામમાં મારું મકાન છે, તું ભાડું શા માટે ચૂકવશ, મારા ઘરે રહેવા આવી જા, મને રસોઈ, કપડાં, વાસણ કરી આપજે, મારે ભાડું લેવું નથી. મહિલાએ આ અંગે તેના પતિને જાણ કર્યા બાદ તે પરિવાર સાથે ગોરધનના મકાનમાં રહેવા જતી રહી હતી.ત્યારબાદ એક રાત્રીના મહિલાનો પતિ મજૂરીકામ માટે ગયો હતો ત્યારે ગોરધન ઘસી ગયો હતો અને મહિલા સાથે બળજબરી કરી તેના પર દુષ્કર્મ આચર્યું હતું. ત્યારબાદ તે અવારનવાર મહિલા સાથે શારીરિક બળજબરી આચરતો હતો અને મહિલાના ફોટા પણ પાડતો હતો.

ગોરધનના ત્રાસથી કંટાળી મહિલાએ તેનો પીછો છોડાવવાનો પ્રયાસ કર્યો તો ગોરધને ફોટા સોશિયલ મીડિયામાં મૂકી દેવાની ધમકી આપીને બ્લેકમેઈલિંગ શરૂ કર્યું હતું.

ચાર મહિના સુધી ગોરધનના મકાનમાં રહ્યા બાદ મહિલા પરિવાર સાથે અન્ય સ્થળે રહેવા જતી રહી હતી. ગોરધન છાશવારે ફોન કરીને ફોટા સોશિયલ મીડિયામાં મૂકવાની ધમકી દેતો હતો. પોતાનું સાંસારિક જીવન બગડે નહીં તે માટે મહિલા ચુપચાપ બધું સહન કરતી હતી. દરમિયાન મહિલાના પતિને તેના નાના ભાઈએ વોટ્સએપના સ્ટેટસમાં ગોરધને મૂકેલા બિભત્સ ફોટા બતાવ્યા હતા જે ફોટા ભોગ બનનાર મહિલાના હતા. અંતે મહિલાએ તેના પતિને આપવીતી જણાવ્યા બાદ ગોરધન સામે ગુનો નોંધાયો છે.

**રાજકોટની ભાગોળે બનેલી ઘટનામાં એરપોર્ટ પોલીસે ભોજપરી ગામના ગોરધન વાલાણી વિરૂદ્ધ ગુનો નોંધ્યો**

મકર સંક્રાંતિના મહા પૂણ્ય પ્રદાન કરતા પાવન દિને

# વાંકાનેરની અંધ-અપંગ ૧૨૦૦થી વધુ ગૌ માતા માટે દાનની સરવાણી વહાવવા ગૌભક્તોને અપીલ

## દાન સ્વીકારવા માટે રાજકોટ,મોરબી,જામનગર,સુરેન્દ્રનગર,વાંકાનેર,જામખંભાળીયા અને સુરતમાં વ્યવસ્થા ઉભી કરાય

**અબતક, લિતેશ ચંદારાણા, વાંકાનેર**





સમગ્ર ગુજરાતમાં એક માત્ર આદર્શરૂપ અને રાજ્યના ત્રણ-ત્રણ મુખ્યમંત્રી દ્વારા સન્માનીત થયેલ અંધ-અપંગ અશક્ત ગૌમાતાની સેવાની જ્યોત પ્રસરાવતી સંસ્થા વાંકાનેરના જીનપરા વિસ્તારમાં અંધ-અપંગ ગૌ-આશ્રમ ટ્રસ્ટની ગૌશાળાને ઉત્તરાયણ દાનની અપીલ કરવામાં આવી છે. માતા-પિતા જે કાળજીથી તેમના સંતાનોની સંભાળ રાખે તેથી પણ વિશેષ આ ગૌમાતાઓની સંચાલકો દ્વારા સંભાળ લેવામાં આવે છે. આ ગૌશાળામાં ગૌમાતાને લીલી-સુકુ ઘાસ ગોળ -ખોળ ઉપરાંત દરેક ગાયનું શારિરીક સ્વાસ્થ્ય જળવાય રહે તે માટે નિષ્ણાંત પશુ ચિકિત્સક દ્વારા નિયમીત સારવાર આપવામાં આવે છે. આજુબાજુના વિસ્તારમાં કોઈપણ જગ્યાએ એકસીડન્ટથી ઘાયલ થયેલ ગૌમાતાઓને સંસ્થા દ્વારા તેના જ વાહનમાં ગૌશાળાએ લાવીને તાત્કાલીક સારવાર આપીને ગૌમાતાને બચાવવાના ઘનિષ્ઠ પ્રયાસો કરવામાં આવે છે. સંસ્થા દ્વારા બાજુના રાજાવડલા રોડ ઉપર ગૌમાતા માટે આઠ એકર જગ્યામાં૧૭ મોટા શેડ,+ ૨ શેડ ખાખરીયા હનુમાન તરીકે ઓળખતા વિસ્તારમાં તથા વિશાળ ઘાસ ગોડાઉન, પાણી માટેના સુંદર અવેડાઓ, અદ્યતન ઓપરેશન થઈ શકે તેવું દવાખાનું તેમજ પંખીઓ માટે સુંદર ચબુતરો વિગેરેની વ્યવસ્થા કરવામાં આવી છે.

કુદરતી આપતી હોય કે માનવસર્જીત આપતી હોય દુષ્કાળ, ભુકંપ, કોરોના, લમ્પીવાયરસ જેવી આપતીના સમયે સંસ્થા દ્વારા તાબડતોબ જરૂરીયાતમંદ ગૌમાતાઓ અને સંસ્થાઓને મદદરૂપ બનીને ગૌમાતાઓને બચાવવાનો ટ્રસ્ટીઓ કાર્યરત રહે છે. દરરોજના ૧,૦૦,૦૦૦/- રૂા. થી વધુના ખર્ચને પહોંચી વળવા માટે મકરસંક્રાતિના પાવન દિવસે ગૌમાતાઓ માટે દાનની સરવાણી વહાવવા-અંધ અપંગ ગૌઆશ્રમના ટ્રસ્ટીઓ, રાજકોટ ગૌસેવા સમિતિ, મોરબી ગૌસેવા સમિતિ, જામનગર ગૌસેવા સમિતિ દ્વારા અપીલ કરવામાં આવે છે.

# હળવદ નજીક મોપેડમાં વિદેશી દારૂની ૧૬ બોટલ સાથે ઈસમ પકડાયો

**અબતક,ઋષી મહેતા, મોરબી**

હળવદ પોલીસે પૂર્વ બાતમીને આધારે વોચ ગોઠવી માર્કેટિંગ યાર્ડ નજીકથી જયુપીટર મોપેડમાં વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૧૬ બોટલ હેરાફેરી કરતા મોરબીના ભડિયાદ ગામના એક શખ્સને પકડી લેવામાં આવ્યો હતો. આ સાથે પોલીસે ટીવીએસ જયુપીટર, વિદેશી દારૂ સહિત ૫૭,૨૦૦/-ના મુદ્દામાલ કબ્જે લઈ આરોપી વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર હળવદ પોલીસ ટીમને બાતમી મળેલ કે મરૂન કલર જયુપીટર મોપેડમાં એક શખ્સ વિદેશી દારૂની બોટલ લઈને હળવદ માર્કેટિંગ યાર્ડ પાસેથી નીકળવાનો હોય જે બાતમીને આધારે હળવદ પોલીસ વાહન ચેકીંગની કામગીરીમાં માર્કેટિંગ યાર્ડ નજીક વોચમાં હોય તે દરમિયાન એક મરૂન કલર ટીવીએસ જયુપીટર રજી.નં. જીજે-૩૬-એએમ-૬૮૨૪ મોપેડ ત્યાંથી પસાર થતા તેને રોકી તેમાં તલાસી લેતા મોપેડની આગળ પ્લાસ્ટિકના બાચકામાંથી વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૧૬ બોટલ કિ.રૂ.૭,૨૦૦/-મળી આવી હતી, આ સાથે આરોપી બળદેવભાઈ વશરામભાઈ પરમાર ઉવ.૩૬ રહે.જીવરાજપાર્ક સોસાયટી ભડિયાદ ગામ મોરબીવાળાની અટકાયત કરી હળવદ પોલીસે પ્રોહી.એક્ટ હેઠળ ગુનો દાખલ કરી આગળની ધોરણસરની કાર્યવાહી શરૂ કરી છે.

# દેશી દારૂના ધંધાર્થી પર એસએમસી ત્રાટકી

## કાર અને ૩૫૦ લીટર દેશી દારૂ મળી રૂ. ૪.૭૬ લાખનો મુદામાલ કબ્જે, બે શખ્સની ધરપકડ: શાળા બનેવી સહિત ત્રણ ફરાર

**અબતક, ઋષી મહેતા, મોરબી**



મોરબી તાલુકાના રંગપર (બેલા) ગામે ઔદ્યોગીક વિસ્તારમાં ધમધમતા દારૂના વેચાણ પર એસએમસી એ દરોડો પાડી ૭૫૦ લીટર દેશી દારૂ સાથે બે શખ્સની ધરપકડ કરી રૂ. ૪.૭૬ લાખનો મુદામાલ કબ્જે કરી સાળા બનેવી સહિત ત્રણની શોધખોળ હાથ ધરી છે.

જાણવા મળતી માહિતી અનુસાર, સ્ટેટ મોનીટરીંગ સેલને બાતમી મળેલ કે મોરબી-૨ કાંતિનગરમાં રહેતો અનવર ઉર્ફે દડી તેના મળતીયાઓને સાથે રાખી દેશી દારૂનો જથ્થો રાખી તેનું વેચાણ કરતો હોવાની બાતમીને આધારે રંગપર(બેલા) નજીક કારખાના પાછળ વોકળા કાંઠે રેઈડ કરી હતી. ત્યારે એસએમસી દ્વારા સ્થળ ઉપરથી ૭૫૦ લીટર દેશી દારૂ, કાર રજી.નં.જીજે-૦૩-એલબી-૮૫૧૧, ૩ નંગ મોબાઈલ સહિત રૂપિયા ૪,૭૬,૮૦૦/-ના મુદ્દામાલ સાથે બે આરોપી અકબરભાઈ કરીમભાઈ સમા ઉવ.૪૭ રહે.મોરબી-૨ માળીયા ફાટક કાંતિનગરમાં બચુભાઈના મજનમાં ભાડેથી તથા આરોપી સાહિલભાઈ જાનમહંમદભાઈ ભટ્ટી ઉવ.૨૦ રહે. મોરબી-૨ માળીયા ફાટક કાંતિનગર અનવર ઉર્ફે દડી ના મકાનમાં ભાડેથી એમ બે આરોપીઓને પકડી લેવામાં આવ્યા હતા.

પકડાયેલ બંને આરોપીઓની સઘન પૂછતાછમાં આ સમગ્ર દેશી દારૂ અનવર ઉર્ફે દડી હાજીભાઈ માલાણી નો છે, તેના કહેવાથી દેશી દારૂમાં પાણી મિશ્રિત કરી તેનું સોર્ટીંગ કરવામાં આવતું, જ્યારે અનવર ઉર્ફે દડીના કહેવાથી દેશી દારૂનો જથ્થો સુરેન્દ્રનગર જીલ્લાના ઢેઢુકી ગામનો જીગ્નેશ ઉર્ફે ડાકુ કાળુભાઈ પંચાળ કારમાં અહીં આપી ગયો હોય તેમજ સોર્ટીંગ થયેલ દેશી દારૂ અનવર ઉર્ફે દડી નો સાળો ઈમરાન મોરબીવાળો અહીંથી લઈ જઈ અલગ અલગ સ્થળોએ સપ્લાય કરતો હોવાની કબૂલાત આપી હતી, હાલ એસએમસી દ્વારા ઉપરોક્ત મુખ્ય સૂત્રધાર અનવર ઉર્ફે દડી, તેનો સાળો ઈમરાન તેમજ સુ.નગર જીલ્લાના ઢેઢુકી ગામનો જીગ્નેશ ઉર્ફે ડાકુ એમ ત્રણ આરોપીઓને ફરાર દર્શાવી પાંચેય આરોપીઓ વિરુદ્ધ તાલુકા પોલીસ મથકમાં ગુનો દાખલ કરાવી આગળની તપાસ ચલાવી છે.

# નવલખી રોડ પર ક્રિકેટ-મેચ ઉપર સટ્ટો રમતા બે પકડાયા

## બિગ બેસ લીગની ૨૦-૨૦ ક્રિકેટ મેચ ઉપર મોબાઈલ એપથી રનફેરનો જુગાર રમતા હતા

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે શહેરના નવલખી રોડ ગાયત્રીનગર મેઈન રોડ ઉપર મોબાઈલમાં ઓનલાઇન એપ મારફત ક્રિકેટ મેચ નિહાળી રનફેરના સોદાઓનો જુગાર રમી રહેલ ૨ જુગારીને પકડી લેવામાં આવ્યા છે,

મહેન્દ્રપરા શેરી નં. ૩ માં રહેતો રમેશ કેશવાણી પિતાના મોબાઇલ ફોનમાં બિગ બેસ લીગની ચાલી રહેલ ૨૦-૨૦ ક્રિકેટ મેચ ઉપર મોબાઈલમાં લાઈવ નિહાળી જુગાર રમી રનફેરના સોદાઓ લેતો હોય જે મુજબની બાતમીને આધારે પોલીસ ટીમે નવલખી રોડ ગાયત્રીનગર મેઈન રોડ ઉપર રેઈડ કરી હતી

રેઈડ દરમિયાન આરોપી રમેશભાઈ જયેંદ્રભાઈ કેશવાણી ઉવ.૪૩ રહે.મહેન્દ્રપરા શેરી નં. ૩ તથા આરોપી રોહિતભાઈ ગોપાલભાઈ સોલંકી ઉવ.૩૪ રહે.નવલખી રોડ ગાયત્રીનગર મેઈન રોડ મૂળરહે.મોરબી વજેપરવાળાને મોબાઈલમાં ઓનલાઈન ગુરુ એપ્લિકેશનમાં ૨૦-૨૦ ક્રિકેટ મેચ ઉપર રનફેર ઉપર પૈસાની હારજીતનો આરોપી અલ્તાફભાઈ ચાનીયા રહે. મોરબી કાલિકા પ્લોટ સાથે જુગાર રમતા રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા હતા, પોલીસે સ્થળ ઉપરથી સેમસંગ મોબાઈલ કિ.રૂ.૫ હજાર, રોકડા ૨,૫૦૦/- સહિત ૭,૫૦૦/-નો મુદ્દામાલ જપ્ત કરી ત્રણેય આરોપીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી હાજર નહિ મળી આવેલ આરોપીની અટક કરવા સહિતની તજવીજ હાથ ધરી છે.

# પોલીસ દ્વારા મકર સંક્રાંતિ પર્વ અંતર્ગત જનજાગૃતિ અભિયાન

## ચાઈનીઝ દોરા અને તુક્કલથી દુર રહેવા અપીલ

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબી:મકરસંક્રાંતિ પર્વ અનુસંધાને મોરબી પોલીસ દ્વારા જનતાને ચાઈનીઝ દોરા અને તુક્કલના વેચાણ અને ઉપયોગથી દૂર રહેવા અપીલ કરી છે. આ સાથે પ્રતિબંધિત દોરા, તુક્કલનું વેચાણ કે ઉપયોગ કરનાર વિશે પોલીસ હેલ્પલાઈન નંબર ઉપર જાણ કરવા અનુરોધ કર્યો છે. મકરસંક્રાંતિના પર્વને ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. ત્યારે ઠેર ઠેર પતંગોના સ્ટોલ જોવાં મળે છે. ત્યારે આ પર્વમાં તમારી પતંગની મજા કોઈનાં માટે સજા ન બને તે માટે નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ દ્વારા ચાઈનીઝ દોરા અને તુક્કલ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, કારણ કે તે માનવ જીવન અને પર્યાવરણ માટે જોખમી સાબિત થઈ રહ્યા છે. જેથી કરીને ગુજરાત રાજ્યની પોલીસ દ્વારા જનજાગૃતિ માટે અભિયાન ચલાવી આવી પ્રતિબંધિત દોરી વેચાણ કે ઉપયોગ કરતા સામે કાર્યવાહી કરવા સતર્ક બની છે જેમાં મોરબી જીલ્લા પોલીસ દ્વારા પણ અપીલ કરવામાં આવી છે કે આપની આસપાસ ચાઈનીઝ દોરા કે તુક્કલ વેચાણ કે ઉપયોગ કરતા હોય તો નજીકના પોલીસ સ્ટેશનમાં જાણ કરવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે સાથે જ પોલીસ હેલ્પલાઈન નંબર ૧૦૦ અને ૧૧૨ પર જાણકારી આપવા માટે મોરબી પોલીસ તેમજ માળિયા(મી.) પોલીસ દ્વારા જાહેર અપીલ કરવામાં આવી છે.

# માળીયા ફાટક પુલ નીચે વાહનની ઠોકરે શ્રમિકનું મોત

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબીમાં વધુ એક હિટ એન્ડ રન અકસ્માતના બનાવમાં એક વ્યક્તિનું મૃત્યુ નીપજ્યું છે, જેમાં માળીયા ફાટક નજીક પુલ નીચે ચાલીને જઈ રહેલા મૂળ મધ્યપ્રદેશના રાહદારી ખેત શ્રમિકને અજાણ્યા વાહન ચાલકે પોતાના વાહનની હડફેટે લેતા ખેતશ્રમિકને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા તેનું મૃત્યુ નીપજ્યું છે.

બનાવ અંગે મળતી માહિતી અનુસાર મધ્યપ્રદેશ રસજયના રાજગઢ નરશીગઢ જીલ્લાના જાડલા ગામના વતની તવરસિંહ ઉર્ફે લાલાભાઈ મનોહરસિંહ સોનગર ઉવ.૩૫ ગઈ તા.૧૦/૦૧ના રોજ સાંજના સમયે મોરબી શહેરના માળીયા ફાટક પુલ નીચે ચાલીને જતા હોય ત્યારે અચાનક પુરપાટ ગતિએ ચલાવીને આવતા વાહન ચાલકે તવરસિંહને ઠોકરે ચડાવી અકસ્માત સર્જી પોતાનું વાહન સ્થળ ઉપર ઉભું નહિ રાખી નાસી ગયો હોય, ત્યારે અજાણ્યા વાહનની ઠોકરે માથાના ભાગે ઈજાગ્રસ્ત તવરસિંહનું મૃત્યુ નીપજ્યું હતું, હાલ મોબી સીટી બી ડિવિઝનમાં મૃતકના નાનાભાઈ લોકેન્દ્રસિંહ માનિહારસિંહ સોનગર દ્વારા અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# વાંકાનેર:કારમાં જોખમી સ્ટંટ કરતા એકને દબોચી લેવાયો

## સ્ટંટબાજ કાર ચાલક પાસે લાયસન્સ ન હોવાથી અલગથી ગુનો નોંધ્યો

**અબતક, ઋષી મહેતા, મોરબી**

વાંકાનેર તાલુકાના ઢુંવા ગામની ચોકડી નજીક સ્વીફ્ટ ડિઝાયર કારમાં જોખમી સ્ટંટ કરતા એક ઈસમની અટકાયત કરી કાયદાનું ભાન કરાવ્યું છે.

ઉપરોક્ત પકડાયેલ આરોપી મયુરસિંહ ઉર્ફે નાગરાજ હરેશભાઈ અસવાર ઉવ.૨૬ રહે.જુના ઢુંવા તા. વાંકાનેર વાળો સ્વીફ્ટ ડિઝાયર કાર રજી.નં. જીજે૦૧-આરએલ-૧૨૫૪ વાળી કાર પુરપાટ ઝડપે ચલાવી કારનો ડ્રાઈવિંગ સાઈડનો દરવાજો ખોલી ચાલુ કારે કારના ટોપ ઉપર બેસીને જાહેર રસ્તા ઉપર પુરઝડપે અને બેફીકરાઈથી સ્ટંટ કરતા ચલાવી પોતાની તથા અન્ય માણસોની જીંદગી તેમજ શારીરીક સલામતી જોખમાય તે રીતે તેમજ પોતાની સાથે ડ્રાઈવીંગ લાયસન્સ વગર ચલાવી નિકળતા આરોપીને ઝડપી લેઈ કાયદાનું ભાન કરાવવામાં આવ્યું છે.

હાલ પકડાયેલ આરોપી વિરુદ્ધ વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં બીએનએસની કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# આર્થિક સંકળામણથી ટ્રેન હેઠળ પડતું મુકી રીક્ષા ચાલકનો આપઘાત

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી તાલુકાના મકનસર ગામ નજીક રેલ્વે ટ્રેક ઉપર ડેમુ ટ્રેઈન હડફેટે આવેલ રીક્ષા ચાલક યુવકનું રાજકોટ સરકારી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું હતું. પ્રાથમિક તપાસમાં આર્થિક સંકળામણને લીધે રીક્ષા ચાલક યુવકે અંતિમ પગલું ભર્યું હોવાનું સામે આવ્યું હોય, હાલ તાલુકા પોલીસે અ.મોતની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર વાંકાનેર તાલુકાના માટેલ ગામે રહેતા દિનેશભાઈ સોમાભાઈ ચાવડા ઉવ.૩૫ નામનો યુવક રીક્ષા ડ્રાઈવીગ કરતો હોય રીક્ષા ડ્રાઈવીગની આવકથી ઘરનુ ગુજરાન બરોબર ચાલતું ન હોય અને સારી આવક મળી રહે તેવો કોઈ કામ ધંધો મળતો ન હોય તેથી આર્થિક સંકડામણમાં આવી જતાં આર્થિક સંકડામણની ચિંતા માનસીક તણાવમાં આવી જતાં આવેશમાં આવી જઈ ગઈ તા. ૧૧/૦૧ના રોજ દીનેશભાઈએ પોતે પોતાની જાતે આપઘાત કરવા મકનસર રેલ્વે ફાટક ઈલેકટ્રીક પોલ નંબર ૧૩/૧૮ થી ૧૩/૧૭ વચ્ચે રેલ્વે ટ્રેક ઉપર ડેમુ ટ્રેન નીચે પડતું મૂક્યું હતું. ત્યારે ટ્રેઈન હડફેટમાં આવી જતાં દીનેશભાઈને માથા તેમજ શરીરે ગંભીર ઈજા થતાં સારવાર દરમ્યાન રાજકોટ સરકારી દવાખાનામાં મૃત્યુ નીપજયું હતું, ત્યારે સમગ્ર આપઘાતમાં મૃત્યુના બનાવ અંગે તાલુકા પોલીસે અ. મોત રજીસ્ટર કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રહેણાંકમાંથી પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના ૧૭ ફિરકા સાથે એક પકડાયો

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબી-૨ શોભેશ્વર રોડ ઉપર આવેલ મફતિયાપરાના રહેણાંક મકાનમાં બી ડિવિઝન પોલીસે રેઈડ કરી મકાન માલીક શખ્સને જીવલેણ પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના ૧૭ ફિરકા સાથે ઝડપી લેવામાં આવ્યો છે,

મકરસંક્રાંતિના તહેવાર અનુસંધાને પતંગ-દોરી સ્ટોલ ધારકોને ત્યાં ચેકીંગ કામગીરી કરવા મોરબી શહેર બી ડિવિઝન પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન તેઓને ખાનગીરાહે બાતમી મળેલ કે શોભેશ્વર રોડ ઉપર મફતિયાપરાના રહેણાંકમાં દિનેશ ડાભી નામનો શખ્સ મનુષ્ય અને પશુ-પક્ષી તથા પર્યાવરણને નુકસાનકારક તેમજ પ્રાણઘાતક પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના ફિરકાનો જથ્થો રાખી તેનું વેચાણ કરે છે, જે મુજબની બાતમી મળતા તુરંત પોલીસ તેણે ઉપરોક્ત રહેણાંકમાં રેઈડ કરી હતી, ત્યારે રેઈડ દરમિયાન મકાનમાંથી પ્રતિબંધિત દોરીના ૧૭ નંગ ફિરકા કિ.રૂ.૧૧,૦૫૦/-નો મુદ્દામાલ મળી આવતા તુરંત આરોપી દિનેશભાઈ તુલસીભાઈ ડાભી ઉવ.૩૮ રહે. શોભેશ્વર રોડ મફતીયુંપરુ પાણીના ટાંકા પાસેની અટક કરી તેની વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

# સાથે રહેવાની ના પાડતા મહિલાને પૂર્વ પતિએ છરી ઝીંકી

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબીમાં રહેતી મહિલાને તેના પૂર્વ પતિએ પોતાની સાથે રહેવા દબાણ કરતા સાથે રહેવા મહિલાએ ના પાડેલ હોય જેથી ઉશ્કેરાઈ જઈ મહિલાને તેના પૂર્વ-પતિ દ્વારા માથાના ભાગે છરી મારી દઈ ઈજાઓ પહોંચાડી હતી, હાલ ભોગબનનાર દ્વાએ આરોપી વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

જાણવા મળતી વિગતો મુજબ મોરબીના વીસીપરા કુલીનગર-૧ માં રહેતા મૂળ માળીયા(મી)ના નવાગામના વતની હનીફાબેન સઈદુભાઈ જેડા ઉવ.૩૦ એ મોરબી તાલુકા પોલીસ મથકમાં આરોપી અબ્બાસભાઈ અબ્દુલભાઈ બુચડ રહે.હાલ માળીયા(મીં) મુળ ગામ શેખપીરના ઢોરા પાસે અંજાર જી.કચ્છવાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે આરોપી અબ્બાસભાઈ ફરીયાદી હનીફાબેનના જુના પતિ થતા હોઈ અને બંને વચ્ચે છુટાછેડા થઈ જતા ફરીયાદી હનીફાબેને બીજા લગ્ન કરેલ ત્યારે ફરીયાદીના બીજા પતિ ગુજરી જતા આરોપી અબ્બાસભાઈ ફરીયાદી હનીફાબેનને પોતાની સાથે રહેવા માટે દબાણ કરતા હોઈ જેથી ફરીયાદીએ તેની સાથે રહેવા માટે ના પાડી હતી, જેથી ગઈ તા.૧૦/૦૧ ના રોજ મોરબી-માળીયા હાઈવે ગાળા ગામના પાટીયા પાસે સર્વીસ રોડ ઉપર આરોપી અબ્બાસભાઈએ એકદમ ઉશ્કેરાઈ જઈ હનીફાબેનને માથામાં છરી વડે ગંભીર ઈજા પહોંચાડી હતી, હાલ તાલુકા પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# પત્ની સાથે વારંવાર થતા ઝઘડાથી લાગી આવતા પતિએ ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

**અબતક,ઋષી મહેતા, મોરબી**

મોરબી તાલુકાના ખોખરા હનુમાન રોડ ઉપર ઉમા કટીંગ ઝોન કારખાનામાં કામ કરતા મૂળ મધ્યપ્રદેશના મહેન્દ્રી દાદોલી નિમચના રહેવાસી અનિલભાઈ ગોપાલભાઈ ઉ.૩૦ એ ગઈકાલ તા.૧૧ જાન્યુઆરીના રોજ ઉપરોક્ત ઉમા કટીંગ ઝોન કારખાનાની મજૂર ઓરડીમાં લોખંડની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

ત્યારે ઉપરોક્ત આત્મહત્યાના બનાવમાં મૃતક અનિલભાઈના મોટાભાઈ શિવલાલભાઈ ગોપાલભાઈ પાસેથી પોલીસે પ્રાથમિક વિગતો મેળવી હતી જેમાં મૃતક અનિલભાઈને તેની પત્ની સાથે નાની-નાની બાબતે બોલાચાલી તથા ઝઘડા થતા હોય જે બાબતે મૃતકની મનોમન લાગી આવતા આ પગલું ભર્યું હોવાનું જણાવ્યું હતું. હાલ તાલુકા પોલીસે મૃત્યુના બનાવ અંગે અ. મોતની નોંધ કરી આગળની તપાસ ચલાવી છે.

# રૂટ પરિવર્તન અને વધારાની બસ સેવાઓ શરૂ કરવા રજૂઆત

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી ડેપો મેનેજરને રાજકોટથી મોરબી દરરોજ અપડાઉન કરતા મુસાફરો દ્વારા એક લેખિત અરજી આપવામાં આવી છે. એસ.ટી. બસ નંબર ૬૫૧૧, જે વાંકાનેર ડેપોની બસ છે, તે દરરોજ રાજકોટની ૭.૧૫ એ ઉપડે છે. આ બસ અગાઉ રાજકોટ બસસ્ટેન્ડથી રૈયા ચોકડી, માધાપર થઈને બેડી જતા રૂટ પર સેવા આપતી હતી. જો કે, દીવાળી પછી આ રૂટને બદલીને હવે આ બસ રાજકોટ બસસ્ટેન્ડથી હોસ્પિટલ ચોક થઈને બેડી જાય છે, જેના કારણે મુસાફરોને અસુવિધા થઈ રહી છે. આ ઉપરાંત રજુઆતમાં ઉલ્લેખ કર્યો છે કે સાંજના સમયે રાજકોટથી મોરબી દરરોજ ૨૫થી ૩૦ જેટલા મહિલા સહિતના અપડાઉન કરતા મુસાફરોને બસમાં ઉભા રહી મુસાફરી કરવાની ફરજ પડે છે. જેથી સાંજના સમયમાં વધારાની એક એસ.ટી. બસ શરૂ કરવા માટે તમામ અપડાઉન કરનારા મુસાફરો દ્વારા માંગ કરવામાં આવી છે. મુસાફરો દ્વારા માંગણી કરવામાં આવી છે કે પૂર્વ રૂટને ફરી શરૂ કરવામાં આવે અને વધારાની બસ શરૂ કરીને અપડાઉન કરતા મુસાફરોની હેરાનગતિને દૂર કરવામાં આવે.

# પરિણીતાને પતિ સહિત સાસરિયાઓનો સિતમ

## દીકરીના જન્મ અને અસાધ્ય બીમારી અંતર્ગત માવતરે મોકલી દેતા પતિ, સાસુ-સસરા વિરુદ્ધ ગુનો દાખલ

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબીમાં સાસરું ધરાવતી મૂળ અમદાવાદની દીકરીએ પતિ સહિતના સાસરિયાઓ વિરુદ્ધ શારીરિક માનસિક ત્રાસ આપ્યા અંગેની ફરિયાદ નોંધાવતા પોલીસે હાલ પીડિત પરિણીતાના પતિ, સાસુ-સસરા એમ ત્રણ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ મોરબીના વાવડી રોડ ઉપર નંદનવન સોસાયટીમાં રહેતા મૂળ ભગવાનપુરા કપડવંજ જીલ્લો ખેડાના વતની આરોપી દિપસિંહ જુવાનસિંહ સોંલકી તથા તેમના માતા આરોપી મોનાબા જુવાનસિંહ સોંલકી તેમજ પિતા જુવાનસિંહ મંગળસિંહ સોલંકી બંનેરહે.ભગવાનપુરા કપડવંજ જીલ્લો ખેડા વિરુદ્ધ મોરબી એ ડિવિઝન પોલીસ મથકમાં અમદાવાદના નાના ચીલોડા નરોડા જી.આઈ.ડી.સી ખાતે માવતર ધરાવતી હાલે રહે. નારણાવટ પોસ્ટ જીંડવા તા. દહેગામ જીલ્લો ગાંધીનગર રહેતા પીડિત પરિણીતાએ શારીરિક માનસિક ત્રાસ આપવા અંગે ઉપરોક્ત આરોપી પતિ, સાસુ-સસરા સામે ફરિયાદ નોંધાવી છે

# જુના ઝઘડાનો ખાર રાખી બે મિત્રોને માર માર્યો

## ત્રણ આરોપીઓ સામે એટ્રોસિટી સહિતની કલમો હેઠળ ગુનો નોંધ્યો

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબીના ગ્રીન ચોક નજીક આવેલ મોચી શેરી વિસ્તારમાં મોટર સાયકલ લઈ નીકળેલ બે મિત્રોને જુના ઝઘડાનો ખાર રાખી ત્રણ શખ્સો દ્વારા ગાળાગાળી કરી જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરી છરી વડે હુમલો કરવામાં આવ્યો હતો, હાલ ભોગ બનનાર દ્વારા સીટી એ ડિવિઝન પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી એવા ત્રણેય શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી આરોપીઓની અટકાયત કરવા તજવીજ હાથ ધરી છે.મળતી માહિતી અનુસાર મોરબીના ગ્રીન ચોક વિસ્તારમાં આવેલ મોચી શેરીમાંથી પંકજભાઈ પાલાભાઈ રાઠોડ ઉવ.૨૫ રહે.માળિયા વનાળિયા વાળા અને તેનો મિત્ર હાજીભાઈ માણેક એમ બંને મોટર સાયકલ લઈને પસાર થતા હોય ત્યારે આરોપી કિશન પટેલ રહે. મોચી શેરીવાળાએ જુના ઝઘડાનો ખાર રાખી બંને મિત્રોને રોકી તેની સાથે બોલાચાલી ગાળાગાળી કરી જાહેરમા ફરિયાદીને જાતિ પ્રત્યે અપશબ્દો કહી અપમાનિત કરી બોલાચાલી કરતા હોય તે વખતે આરોપી કુશન પટેલનો ભાઈ કૃણાલ પટેલે અને તેના મિત્ર મોઈન કુરેશી ઘરમાથી બહાર આવી બંને મિત્રો ઉપર હુમલો કરી માર મારેલ જે બાદ આરોપી કિશન પટેલે તેની પાસે રહેલ છરી વડે પંકજભાઈ ઉપર હુમલો કરી હાથના કાંડા પાસે ઈજા કરી હતી, હાલ પોલીસે આરોપી કિશન પટેલ, કૃણાલ પટેલ બંનેરહે. મોચી શેરી ગ્રીન ચોક મોરબી તથા મોઈન કુરેશી રહે. કાલિકા પ્લોટ મોરબીવાળા વિરુદ્ધ એટ્રોસિટી સહિત ની કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# વાંકાનેર: વાંકીયાના માલધારીઓને સઘન પશુપાલન અંગે તાલીમબધ્ધ કરાયા

**અબતક, લિતેશ ચંદારાણા, વાંકાનેર**

વાંકાનેર તાલુકાના વાંકીયા-૨ તથા આસપાસના અન્ય ગામોના માલધારી ભાઈઓ માટે પશુ પાલન ખાતા દ્વારા માલધારીઓને માહિતીગાર કરવાના હેતુથી એક તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

માલધારીઓને વૈજ્ઞાનિક ઢબે ઘેટાં-બકરાનું પાલન તેમજ નફાકારક ઘેટા-બકરાનું કેવી રીતે પાલન કરવું. તેમજ નેશનલ લાઈવ સ્ટોક મીશન યોજના અંતર્ગત બકરા એકમની સ્થાપનાની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

આ તાલીમમાં ડો.વડનગરા (નાયબ પશુપાલન નિયામક) મદદનીશ પશુપાલન નિયામક ડો.ઉધરેજાની વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને માલધારીઓને માહિતીગાર કર્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા નિવૃત્ત પશુપાલન નિરિક્ષક ધીરૂભાઈ પટેલ, આદ્રોજાભાઈ, કાવરભાઈ તથા ભાટીયાભાઈએ જહેમત ઉઠાવી હતી.


# વાસાવડના મિત પરમાર કરાટે સ્પર્ધામાં 'અવ્વલ'




અબતક, હરેશ ગણોદીયા, ગોંડલ

રાજકોટ કરાટે એસોસિયેશન વંદના હોબી સેન્ટર જે સંસ્થા વાડો-કાય કરાટે એસોસિયેશન સાથે મળી ગોંડલ શ્યામવાડી મૂકામેં તારીખ:૧૨/૦૧/૨૦૨૫ ના રોજ જીલ્લા લેવલ ની કરાટે સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ જેમાં વાસાવાડ નિવાસી નિવૃત્ત શિક્ષક ધીરુભાઈ એ પરમાર ના પૌત્ર મિત ધવલભાઈ પરમારે ભાગ લીધેલ અને પ્રથમ નંબર સાથે ગોલ્ડ મેડલ મેળવી વાસાવાડ તેમજ કોળી સમાજ નું ગૌરવ વધારેલ છે, આ સ્પર્ધાને સફળ બનાવવા કરાટે ચીફ કોચ જિજ્ઞેશભાઈ ગોરી(ડિરેક્ટર ઓફ વંદના કરાટે એકેડમી,ગોંડલ) એ જહેમત ઉઠાવેલ હતી કોળી સમાજના વિરલાએ પ્રથમ નંબર પ્રાપ્ત કરતાં ગોંડલ ગુજરાત ઠાકર વિકાસ પૂર્વ ચેરમેન ભૂપતભાઈ ડાભી પત્રકાર હરેશ ગણોદીયા પૂર્વ નગરપતિ ચંદુભાઈ ડાભી સહિતના સમાજના અગ્રણીઓએ શુભેચ્છાઓ પાઠવી હતી.

# ઉપલેટા તાલુકા પત્રકાર સંઘ દ્વારા પોરબંદર વાયા જેતલસરની લાંબા અંતરની ટ્રેનો ચાલુ કરવા કેન્દ્રીય મંત્રી ડો.માંડવિયાને રજૂઆત





અબતક, કિરિટ રાણપરિયા, ઉપલેટા

ઉપલેટા તાલુકા પત્રકાર સંઘ ની એક મીટિંગ પ્રમુખ કૃષ્ણકાંત ચોટાઈ ના અધ્યક્ષ સ્થાને અહીંના રઘુવંશી નગર ખાતે રવિવારે મળેલી જેમાં સેક્રેટરી જગદીશભાઈ રાઠોડ ઉપપ્રમુખ ભરતભાઈ રાણપરીયા, કાનભાઈ સુવા, કિરીટભાઈ રાણપરીયા, ભોલુ રાઠોડ, રોનક ચોટાઈ, રવિ રાઠોડ, જયેશ મારડીયા, ઈમરાન સરવદી, શહેઝાદ મકવાણા (બાદશાહ) અળશીભાઈ આહિર, નિમેષ ચોટાઈ સહિત ના પત્રકારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા તેમા આ વિસ્તારના મહત્વના રેલવે પ્રશ્ને બોલતા ઉપ પ્રમુખ ભરતભાઈ રાણપરીયા એ જણાવેલ કે વાંસજાળિયા જેતલસર ના મીટરગેજ ના બ્રોડગેજ ના રૂપાંતર ના અબજો રૂપિયાના તોતિંગ ખર્ચ અને આટલા જાજા વરસો પછી પણ જામજોધપુર મોટી પાનેલી ભાયાવદર ઉપલેટા ધોરાજી જામકંડોરણા મોટીમારડ સુપેડી સહિત ચારેય તાલુકાના ૨૫૦ થી વધુ ગામો ના દોઢ લાખ થી વધુ લોકો ને મુંબઈ દિલ્હી મદ્રાસ કે યાત્રા ના ધામો હરિદ્વાર જગન્નાથ પુરી ગોકુળ મથુરા અયોધ્યા વૈષ્ણો દેવી ઉજ્જૈન ઈંદોર સહિત રેલ્વે મારફત જવા માટે ઠેર રાજકોટ કે અમદાવાદ સુધી લાંબા થવું પડે છે જે આટલા મોટા સમુહ ના લોકોને રેલવે તરફથી હળાહળ અન્યાય સામે અવાજ ઉઠાવવા નો એક જાગૃત પત્રકાર તરીકે આપણી નૈતિક જવાબદારી છે. સેક્રેટરી જગદીશભાઈ રાઠોડે આ તકે બોલતા જણાવ્યું હતું કે આના માટે હવે દિલ્હી સુધી આપણો અવાજ પહોંચાડવા ખુબ સરળ છે કારણ કે આપણા પોરબંદરના સાંસદ મનસુખભાઈ માંડવીયા કેન્દ્રીય મંત્રી મંડળમાં કેબિનેટ મંત્રી તરીકે ના મહત્વના હોદ્દા ઉપર બેઠાછે તેમને આ રજુઆત કરીએ તેમની પણ જવાબદારી છે કારણ કે ઉપરોક્ત તમામ વિસ્તાર તેમના મતક્ષેત્રમાં આવે છે. આ બાબતે પ્રમુખ સ્થાને થી બોલતા કૃષ્ણકાંત ચોટાઈ એ જણાવેલ કે એમ સીધી આંગળીએ ઘી નહીં નીકળે આ પ્રશ્ન આપણે ધારીએ તેવો સહેલો પણ નથી આના માટે મનસુખભાઈ માંડવીયા ઉપરાંત રેલવે મંત્રી ને સંપૂર્ણ માહિતી સાથે લેખિત મૌખિક રજૂઆતો કરવામાં આવી છે.

પ્રતિનિધિ મંડળે દિલ્હી રૂબરૂ રજૂઆત કરવા જવુ પડે અને તેના માટે રેલ્વે સામે આંદોલન પણ કરવુ પડે તેમા રસ્તા રોકો રેલ રોકો સરકારી કચેરીઓ ને તળા બંધી જેલભરો સહિત ના જલદ આંદોલન પણ કરવા પડે અને એ આંદોલન ની આગેવાની પત્રકાર સંઘ લેશે તેને ઉપસ્થિત પત્રકારો એ તાળીઓના ગળગળાટ થી વધાવી લીધેલ.

અંતમાં સૌ પ્રથમ સંપૂર્ણ વિગતો સાથે પત્રકાર સંઘ ના નામે એક પત્ર લખી સાંસદ મનસુખભાઈ માંડવીયા ને આપી તેની એક કોપી કેન્દ્રીય રેલવે પ્રધાન ને દિલ્હી મોકલવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવેલ હતું.

# તળાજા: સરકારી વિનિયન આર્ટસ કોલેજમાં બાળ લગ્ન પ્રતિબંધ અધિનિયમ અંતર્ગત કાર્યક્રમ યોજાયો



અબતક, આનંદ રાણા, સિંહોર

જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી ભાવનગર દ્વારા બેટી બચાવો બેટી પઢાઓ યોજના અંતર્ગત ભાવનગર જિલ્લાના તળાજા ખાતે સરકારી વિનિયન આર્ટસ કોલેજમાં બાળ લગ્ન પ્રતિબંધ અધિનિયમ અંતર્ગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.

કોલેજના પ્રિન્સિપલશ્રી પ્રોટેક્શન ઓફિસરશ્રી તેમજ સંકલ્પ ડિસ્ટ્રિક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વુમન યોજનાના કર્મચારીઓ અને વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રના કર્મચારી હાજર રહેલ જેમાં પ્રોટેક્શન ઓફિસર દ્વારા બાળ લગ્ન કાયદા અંગે માહિતી આપેલ હતી તેમજ સંકલ્પ ડિસ્ટ્રિક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વુમનના કર્મચારી દ્વારા મહિલા અને બાળ વિકાસ વિભાગની તમામ યોજના અને સાઈબર સેફટી વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવેલ હતી.

# ચોટીલા કાઠી ક્ષત્રિય સમાજના પ્રમુખ અને સંગઠન સભ્યોનું પત્રકારો દ્વારા કરાયું સન્માન



અબતક, ચોટીલા

ચોટીલા તાલુકા કાઠી સમાજના પ્રમુખ રણજીતસિંહ ધાધલ તથા સંગઠન ના આગેવાન રઘુભાઈ ધાધલ ની બિનહરીફ નિમણૂકને લઈને સર્વત્ર આવકાર મળી રહ્યો છે, બંને આગેવાનોને ચોટીલાના પત્રકારોએ સન્માનિત કર્યા હતા પત્રકારો દ્વારા કાઠી સમાજના નવનિયુક્ત પ્રમુખ રણજીતસિંહ ધાધલ તેમજ લઘુભાઈ ધાધલ નું ફૂલહાર પહેરાવી સન્માન કરવામાં આવ્યું હતું બંને નવનિયુક્ત આગેવાનોએ સામાજિક સેવા અને સમાજના વિકાસ માટે ની પ્રતિભદ્ધતા વ્યક્ત કરી સન્માન બદલ પત્રકાર મિત્રો નો આભાર માન્યો હતો

# ગોંડલ: ફોરેસ્ટ યુથ કલબ દ્વારા સ્વામી વિવેકાનંદને પુષ્પાંજલી અર્પણ



અબતક, હરેશ ગણોદીયા, ગોંડલ

ભગવતભૂમિ ગોંડલ ના રેલવે સ્ટેશન રોડ પર ઝહાટકીયા ચોક માં ગોંડલ ફોરેસ્ટ યુથ કલબ દ્વારા વિશ્વ નું એકમાત્ર સ્ટેચ્યુ કે જેના નિર્માણ માં ગોંડલ શહેર અને તાલુકાના પ્રાથમિક શાળાના ૭૦૦ થી વધુ શિક્ષકભાઈ બહેનોના અનુદાન થી આ સ્ટેચ્યુ પ્રસ્થાપિત કરવાનું ગૌરવ મને પ્રાપ્ત થયું છે.

સ્વામી વિવેકાનંદજી ના જન્મ દિવસ રાષ્ટ્રીય યુવા દિવસ અવસરે મહામાનવ ને અમારા હૃદયની સદ્દભાવના વ્યકત કરવા આર.ડી.મહેતા,વાય.ડી. ગોહિલ, સંજયભાઈ ઠાકર,ઓ.બી. ઓ.દોશી, સીતારામબાપુ, મુસ્લિમ બિરાદર અને મિત્રો દ્વારા પુષ્પહાર અને ફૂલો અર્પણ કરવામાં આવ્યા. પ્રતિ વર્ષ નગરપાલિકા ફાયર સ્ટેશન દ્વારા સ્ટેચ્યુ અને આસપાસમાં ચોક ની સફાઈ કરવામાં આવી અને ગોંડલ ના પ્રબુદ્ધજનો દ્વારા પુ.સ્વામીજી વિવેકાનંદજી ને જન્મ દિવસ નિમિત્તે સદ્દભાવના અર્પણ કરવા સાથે પ્રાર્થના કરવામાં આવી.

# સુરેન્દ્રનગર: જીનતાન ઉદ્યોગનગરમાં આખલાઓ શિંગડે આવતા લોકોમાં ભય

## રખડતાં ઢોરને પાંજરે પૂરવા નવનિયુક્ત મ્યુ.કમિશનરને કરી રજૂઆત



અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર અને વઢવાણ શહેરી વિસ્તારમાં રખડતા ઢોરનો ત્રાસ માથાના દુઃખાવા સમાન બની ગયો છે તેમ છતાંય તંત્ર દ્વારા રખડતા ઢોરને પાંજરે પુરવામાં ન આવતા શહેરીજનો સહિત વાહનચાલકોમાં તંત્ર સામે રોષ જોવા મળી રહ્યો છે ત્યારે જીનતાન ઉદ્યોગનગર વિસ્તારમાં દિન- દહાડે બે આખલાઓ યુધ્ધે ચડતા વાહનચાલકો સહિતનાઓમાં ભયનો માહોલ સર્જાયો હતો.

આ અંગે મળતી માહિતી મુજબ સુરેન્દ્રનગર તેમજ વઢવાણ સહિતના શહેરી વિસ્તારો તેમજ બજાર વિસ્તાર અને મુખ્ય માર્ગોપર રખડતા ઢોરના ત્રાસને કારણે વાહનચાલકો સહિત રાહદારીઓને મુશ્કેલી ભોગવવાનો વારો આવી રહ્યો છે તેમજ અવાર-નવાર રસ્તા પર રખડતા ઢોર અડીંગો જમાવીને બેસી રહેતા ટ્રાફિક જામના દ્રશ્યો પણ સર્જાય છે. તેમજ આખલા યુધ્ધના કારણે રસ્તા પરથી પસાર થવું પણ મુશ્કેલ બન્યું હતું અને અંદાજે ૨૫ થી ૩૦ સુધી આખલા યુધ્ધ ચાલતા સમગ્ર વિસ્તારને બાનમાં લીધો હતો જ્યારે સદ્નસીબે કોઈને અડફેટે લેવાનો બનાવ ન બનતા લોકોએ રાહત અનુભવી હતી. તાજેતરમાં જ સુરેન્દ્રનગરને મહાનગરપાલિકા બનાવાઈ છે ત્યારે રખડતા ઢોર મામલે નવનિયુક્ત મ્યુ.કમીશ્નર, ડેપ્યુટી મ્યુ.કમીશ્નર સહિતની ટીમ દ્વારા અન્ય મહાનગરપાલિકાની જેમ રખડતા ઢોરોને પાંજરે પુરી તેનો કાયમી ઉકેલ લાવવામાં આવે તેવી પણ લોક માંગ ઉઠવા પામી છે.

# પ્રભાસ-પાટણ પોલિસે ચાઈનીઝ તુકકલ સાથે એકને ઝડપ્યો

અબતક, જયેશ પરમાર, પ્રભાસપાટણ

પ્રભાસ-પાટણ પોલીસ ઉત્તરાયણ પર્વ અનુસંધાને ચાઈનીઝ દોરાના વેચાણ ઉપર પ્રતિબંધ અંગેના જાહેરનામા અનુસંધાને પેટ્રોલીંગ કરી રહી હતી. ત્યારે સદભાવના ગ્રાઉન્ડનાં મેદાનમાં એક ઈસમ પોતાના હાથની થેલીમાં કંઈક ભરેલ લઈ જતો માલુમ પડેલ તેની એટલે કે મોઈન બાબુભાઈ મનસુરીના કબજામાંથી ચાઈનીઝ તુકકલ (બલુન) નંગ ૪ કિ. રૂ.૨૦૦ની પકડાતા તેની સામે ગીર સોમનાથ જિલ્લાના કલેકટરના જાહેરનામા ભંગ સબબ બીએનએસ ૨૦૨૩ની કલમ ૨૨૩ મુજબ પ્રભાસપાટણ પોલીસ સ્ટેશનમાં પોલીસ કોન્સ. કૃષ્ણકુમારસિંહ કર્ણસિંહ પોલીસ ફરિયાદ દાખલ કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરાઈ.

# ગોંડલ: વોર્ડ નં.૬ના સુધરાઈ સભ્ય મનીષ રૈયાણીનું સન્માન



અબતક, હરેશ ગણોદીયા, ગોંડલ

ગોંડલ નગરપાલિકાના માં ચાર વર્ષથી ૧૦૮ ની માફક કામગીરી કરી લોકોમાં સારીએવી એવી લોકચાહના મેળવી બદલ કૈલાસ બાગ વોર્ડ નં ૬ લતાવાસીઓ દ્વારા સુધરાઈસભ્ય મનીષભાઈ રૈયાણીનુ સન્માન તેમજ જમણવારનો કાર્યક્રમ કરી ફુલહારથી થી સન્માન સ્વાગત કરવામાં આવ્યું હતું શહેરમાં પ્રથમ વખત કામગીરીને લઈને સન્માન થયું હોવાનું ઈતિહાસમા પ્રથમ વખત થયું હોવાનું શહેરમાં ગણગણાટ શરૂ થયો છે.

# અમરેલીનો ઐતિહાસિક ટાવર ફરી બતાવશે સમય: બ્યુટીફિકેશન માટે રૂ.૩ કરોડ મંજૂર

## ઘડિયાળના ડંકા માત્ર અમરેલીમાં જ નહી પરંતુ આસપાસના ગામોમાં પણ સંભળાશે



અબતક, પ્રદીણ ઠાકર, અમરેલી

અમરેલીના ઐતિહાસિક ટાવરની મરામત કરીને બંધ થયેલા ડંકાઓ ફરી ચાલુ થાય તથા બ્યૂટીફીકેશન માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૩ કરોડની રકમ મંજૂર કરવામાં આવી છે. આ કામગીરી થયા બાદ ટાવરના ડંકા ફરીથી શરુ થશે. અમરેલીમાં મહારાજા સયાજીરાવ ગાયકવાડના સમયમાં ટાવરનું નિર્માણ કરાયું હતું જે અમરેલી શહેરની શોભા સમાન આજે પણ હયાત છે. આ ટાવરમાં આવેલી ઘડિયાળના ડંકા દૂર દૂર સુધીના વિસ્તારમાં સંભળાતા હતા અને લોકો આ ટાવરની ઘડિયાળ મુજબ પોતાનું જીવનચક ગોઠવતા હતા. અમરેલીનો ટાવર રોડ આજે પણ માત્ર અમરેલી શહેર જ નહીં પણ આસપાસના ૧૦૦ ગામના લોકો માટે ખરીદીનું મુખ્ય કેન્દ્ર છે. તે છાશવારે બંધ થઈ જતી હતી અને મોરબીથી રિપેરીંગ માટે કારીગરો બોલાવવા પડતા હતા. અમરેલીના ધારાસભ્ય દ્વારા આ ટાવરની ઘડિયાળના ડંકા ફરી શહેરમાં સંભળાતા થાય તે માટે, તેમાં જ્યાં જ્યાં ડેમેજ થયું છે છે તેના રીપેરીંગ સાથે નવીનીકરણ અને બ્યૂટીફીકેશન માટે રજૂઆત કરવામાં આવી હતી જેના પગલે રાજ્ય સરકાર દ્વારા રુ. ૩ કરોડની રકમ મંજૂર કરવામાં આવી છે અને આગામી દિવસોમાં સત્વરે આ માટે ટેન્ડરિંગ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

# ડુમીયાણી વી.બી. મણવર નર્સિંગ સ્કૂલના વિદ્યાર્થીઓએ મેળવ્યું શ્રેષ્ઠ પરિણામ



અબતક, કિરિટ રાણપરિયા, ઉપલેટા

ઉપલેટા: વી.બી. મણવર નર્સિંગ સ્કુલ ડુમિયાણીના જીએનએમ એએનએમના વિદ્યાર્થીઓનું ફાઈનલ પરીક્ષાનું પરિણામ જાહેર થયું છે. જેમાં જી.એન.એમ ૯૪ % અને એ.એન.એમ ૧૦૦% રિઝલ્ટ મેળવેલ છે. પીપલ્સ વેલ્ફેર સોસાયટી (વ્રજ ભૂમિ શૈક્ષણિક સંકુલ) વિદ્યાર્થી તેમજ સ્ટાફ પરિવાર ને સંસ્થા ના મેનેજીંગ ટ્રસ્ટી બળવંતભાઈ મણવર, રેશ્માબેન પટેલ, સુનિલભાઈ પટેલ સહિતના ઓ એ શુભેચ્છા પાઠવિ હતી.

# અમરેલી: દેવભૂમિ દેવળીયા ગામની પૌરાણિક વાવ-શિવમંદિર બનશે યાત્રાધામ

## કેદારનાથ જેવા આબેહુબ મંદિરનું કરાશે નિર્માણ: સરપંચ ભાવનાબેન ગોંડલીયા



અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી

અમરેલીના દેવભૂમિ દેવળિયા ગામે જમીનમાં ખોદકામમાંથી મળી આવેલી અંદાજીત ૮૦૦ વર્ષ જૂની વાવ તથા તેમાં બીજા માળે ભગવાન શિવના મંદિરને યાત્રાધામ તરીકે વિકસાવવા માટે રાજય સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવી છે અને વિવિધ સુવિધાઓ માટે રકમ મંજુર કરાઈ છે. કેદારનાથ જેવા ભવ્ય મંદિરનું નિર્માણ કરાશે. અમરેલીના દેવભૂમિ દેવળિયા ગામના સરપંચ ભાવનાબેન ગોંડલીયાએ જણાવ્યું કે, ગામમાં ખોદકામ દરમિયાન જમીનની અંદર દાટી દેવામાં આવેલી લગભગ ૮૦૦ વર્ષ જૂની અમૃતવી પ્રકારની ત્રણ માળની પ્રાચીન વાવ મળી આવી છે.

અમરેલીના તત્કાલીન કલેક્ટર આયુષ ઓકની આગેવાનીમાં આ સ્થળનો પ્રવાસન તરીકે વિકાસ કરવા માટે દરખાસ્ત રાજ્ય સરકારને મોકલવામાં આવી હતી. અમરેલીના ધારાસભ્ય દ્વારા પણ આ સ્થળને યાત્રાધામ તરીકે વિકસાવવા માટે રસ લઈને સરકર પાસેથી આ માટે ૨, ૪૩,૧૬ લાખની રકમ મંજૂર કરવામાં આવી છે. ભોજનશાળા, વસ્ત્રશાળા, ટોવલેટ બ્લોક, ડેકોરેશન, પાર્કિંગ વ્યવસ્થા ટોયલેટ બ્લોક સહિતની સુવિધાઓ વિકસાવવામાં આવશે. મંદિર નિર્માણ માટેની કાર્યવાહી હાલ પ્રગતી હેઠળ છે. આ પછી દૂર દૂરથી આવતા યાત્રીઓ અહીંયા રાતના રોકાણ પણ કરી શકે તે પ્રકારની સુવિધાઓનો વિકાસ થશે અને અમેરલી જિલ્લામાં વધુ એક યાત્રા સ્થળનો વધારો થશે.

# ધોરાજી: તુલસી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા જરૂરિયાતમંદ બાળકોને પતંગ-દોરાનું વિતરણ

## ગૌશાળાને આર્થિક સહયોગ માટે ૫૧૦૦૦ ચેક અર્પણ



અબતક, રમણીક ટોપીયા, ધોરાજી

મકરસંક્રાંતિ (ઉતરાયણ) તહેવાર નિમિત્તે તુલસી ચેરીટેબલ ટ્રસ્ટ ધોરાજી દ્વારા બાળકોને પતંગ તથા બ્યુગલનું વિના મુલ્યે વિતરણ કરવામાં આવેલ તેમજ રૂ. ૫૧,૦૦૦/- નો ચેક શ્રીપાંજરાપોળ અને ગૌશાળાને તેમજ રૂ. ૫૧,૦૦૦/- નો ચેક શ્રીકૃષ્ણ ગૌશાળાને તેમજ રૂ. ૫૧,૦૦૦/- નો ચેક ગોકુળધામ ગૌશાળાને આર્થિક સહયોગ રૂપે આપવામાં આવેલ આ દ્વિવિધિ કાર્યક્રમમાં ધોરાજી ઉપલેટાના ધારાસભ્ય મહેન્દ્રભાઈ પાડલીયા તથા ધોરાજીના ડેપ્યુટી કલેક્ટર નાગાજણ એમ. તરખાલા સાહેબ તેમજ ડેપ્યુટી મામલતદારશ્રી ગોંડલીયા સાહેબ તેમજ નાનકશાની જગ્યાના મહંતશ્રી ભીખુ બાપુ તેમજ પરબની જગ્યાના મહંતશ્રી વિજય બાપુ, કેશુભાઈ ઠુંમર, બાબુભાઈ ત્રાડા, વલ્લભભાઈ બાલધા, મનસુખભાઈ કાછડીયા, પરસોત્તમભાઈ વાગડીયાના વરદ હસ્તે પતંગ, બ્યુગલ, તેમજ ચેક આપવામાં આવેલ આ શુભ પ્રસંગે તુલસી ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ રાજુભાઈ બાલધા, દ્વારા પધારેલ મહેમાનોનુ તેમજ ભાઈઓ બહેનો તથા બાળકોનું સ્વાગત અભિવાદન કરવામા આવેલ તેમજ બાળકોને ચાઇના દોરી ન વાપરવી તેમજ કપાયેલ પતંગો લુટવા દોડાદોડ ન કરવી તેમજ વહેલી સવારે અને ઢળતી સાંજે પતંગ ના ઉડાડવી જેથી કરીને આ સમયે પક્ષીઓ નીકળતા હોવાથી તેને ઈજા થાય નહી તેવી સીખ આપેલ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના જેન્તીભાઈ બાલધા, ગૌરાંગ બાલધા, સંજય જાગાણી, મહેશ બાલધા, બાબુભાઈ વેકરીયા, વિપુલ બાલધા, દિલીપ બાલધા, મનોજ રામોલિયા, તુપેશ બાલધા, સમીર બાલધા, વિકાસ વેકરીયા, કેયુર કોટડીયા, પ્રદીપ સોજીત્રા રાજ બાલધા, ભાસ્કર બાલધા, યશ બાલધા, ધ્રુવ બાલધા, આર્યન, યુગ, વિગેરે નાના મોટા કાર્યકર્તાઓએ જહેમત ઉઠાવેલ અને કાર્યક્રમને સફળ બનાવેલ.

# ગોંડલ: જય સરદાર શૈક્ષણીક સંકુલમાં ઉજવાયો કલા સન્માન ઉત્સવ

## ભાવિ કલાકારોને સ્ટેજ મળી રહે એવા ઉમદા હેતુ માટે વિદ્યાર્થીઓએ વિવિધ કલાઓ રજૂ કરી



અબતક, હરેશ ગણોદીયા, ગોંડલ

જય સરદાર શૈક્ષણિક સંકુલ (વેલજીદાદા ની છાત્રાલય) માં પ્રાર્થનામાં ધુન, ભજન, ગીત, કીર્તન શીખડાવવવામાં આવે છે તે ભવિષ્યના કલાકારો તૈયાર થાય અને કલાકારોને સ્ટેજ મળી રહે તે હેતુથી આજે

સંકુલમાં ૧૫૦૦ વાલીઓની ઉપસ્થિતિમાં કલા સન્માન ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૬ થી ૧૨ ધોરણના વિદ્યાર્થીઓએ પોતાની કલા જેમકે તબલા, પેટી, કેશીયો, મંજીરા, વગાડયા હતા અને વિદ્યાર્થીઓએ પોતાના સ્વરમાં આરતી, ભજન, ધૂન, દુહા છંદ અને લોક ગીત ગાઈને પરફોર્મન્સ આપ્યું હતું જે વિદ્યાર્થીઓ પોતાની કલા રજૂ કરી હતી અને વાલીઓએ ફૂલ ઉડાડીને સન્માન કર્યું હતું.

જેમાં ૭૫૦ વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શાળાના ૫૦ જેટલા હોંશિયાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થી તેમજ વાલીઓ પણ આનંદમાં રહ્યા હતા અને કલા સન્માનમાં શાળા સંસ્થાનાજ બે વિદ્યાર્થી રમુજી કાર્ટુન અને મંકીમેનનું પરફોર્મન્સ પણ ભજવવામા આવ્યું હતું. આ મંકીમેને સ્ટેજ, સીટીંગ અને વૃક્ષ પર અલગ અલગ ડાળીઓ પર પોતાની કલા રજૂ કરી હતી વિદ્યાર્થીઓ અને વાલીઓએ આ રમુજી કલાને બિરદાવી હતી.

આ કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના સ્થાપક વેલજીદાદા, અશોકભાઈ ધોણીયા, દિપકભાઈ ધોણીયા, દિવ્યેશભાઈ ધોણીયા, HOD વી.એલ.ધરજીયા, નિકુંજભાઈ પાદરિયા, પ્રયાગભાઈ પારખિયા, શાળા અને હોસ્ટેલ સ્ટાફે ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો.

## જામનગર ક્રાઈમ ડાયરી

# રાજકોટના આધેડ પર હુમલો કરનાર ભાજપના મહિલા કોર્પોરેટરના પતિ સામે ફરિયાદ

### જમાઈ અને વેવાઈને મારમાર્યાનો સાસરીયા પક્ષના સભ્ય સામે નોંધાતો ગુનો

**અબતક,જામનગર**

રાજકોટ માં રહેતા સતવારા પ્રૌઢે પોતાને અને પોતાના પુત્રને ઢીકાપાટુનો માર મારવા અંગે જામનગરમાં રહેતા વેવાઈ પક્ષના સભ્ય એવા જામનગરના ભાજપના મહિલા કોર્પોરેટર ના પતિદેવ સામે ફરિયાદ નોંધાવી છે.

રાજકોટમાં શાસ્ત્રીનગર, અજમેરા ફ્લેટ્સ માં રહેતા રસિકલાલ વીરજીભાઈ ખાણધરે પોતાનાં ઘરમા ધૂસી ને પોતાને અને પોતા નાં ૧૭ વર્ષ ના પુત્ર આદિત્યને ઢીકાપાટુ નો માર મારવા અંગે પોતા ના જામનગરમાં રહેતા વેવાઈ ભરતભાઈ છગનભાઈ પરમાર તેના પુત્ર જયદીપ ભરતભાઈ પરમાર, ભરતભાઈની દીકરી અને પોતાની પુત્રવધુ નિરાલી હાર્દિક ખાણધર અને વેવાઈના ભાઈ જીતુભાઈ છગનભાઈ પરમાર સામે પોલીસ માં ફરિયાદ નોંધાવી છે.

જામનગર શહેર ભાજપના મહિલા કોર્પોરેટરના પતિ પરિવાર ટકાવી રાખવા માટેના ઉદાહરણો આપતી એક પત્રિકા પણ ફરતી થઈ હતી.

જે બાબતે ખાર રાખીને જામનગરના વેવાઈ પક્ષ દ્વારા આ હુમલો કરવામાં આવ્યો હતો. આ બનાવ અંગે પોલીસે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

રાજકોટમાં રહેતા વિરજીભાઈ ખાણધર કે તેઓના પુત્ર હાર્દિક ના લગ્ન ૨૦૨૩ની સાલમાં જામનગરના મહિલા કોર્પોરેટર તરુણાબેન ભરતભાઈની પુત્રી નિરાલીબેન સાથે થયા હતા, પરંતુ પતિ-પત્ની વચ્ચે લગ્નના બીજે દિવસેજ ઝઘડો થયો હતો, અને ત્યારબાદ અવારનવાર ઝઘડાઓ ચાલુ રહ્યા હતા. એક તબક્કે પુત્ર અને પુત્રવધુ અલગ પણ રહેવા માટે ચાલ્યા ગયા હતા. આખરે બંને વચ્ચે વિખવાદ થયો હતો, અને ત્યારબાદ બંને પરિવાર વચ્ચે પણ મનદુઃખ ચાલતું હતું. અને પત્રિકા વિતરણ જેવી કાર્યવાહી પણ થઈ હતી. જેથી સતવારા સમાજમાં આ બનાવે ભારે ચકચાર જગાવી છે.

# ધ્રોલ: કારના ચોરખાનામાં છૂપાવેલો ઈંગલિશ દારૂ પકડાયો

## એલસીબીની ટુકડીએ ૭૮ નંગ ઈંગ્લીશ દારૂની બાટલી અને કાર સાથે જામનગરના બુટલેગર ઝડપાયો

**અબતક,જામનગર**



જામનગરના એક બુટલેગર દ્વારા ધ્રોલ ના સોયલ ટોલનાકા પાસેથી એક કારમાં ઈંગ્લીશ દારૂ નો જથ્થો ચોર ખાનામાં છુપાવીને જામનગરમાં ઘુસાડવામાં આવી ગયો હોવાની ચોક્કસ બાતમી ના આધારે વોચ ગોઠવી એલસીબી ની ટુકડીએ કારચાલકને પકડી પાડ્યો હતો, અને પાછળની સીટમાં બનાવેલા ચોર ખાનામાંથી ૭૮ નંગ ઈંગ્લિશ દારૂની બાટલીનો જથ્થો કબજે કર્યો છે.

જે દરમિયાન જી.જે.૧૬ એ.એ. ૭૮૫૮ નંબરની કાર ત્યાંથી પસાર થતાં તેને અટકાવીને પરછ કરી લીધી હતી. ત્યારબાદ એલસીબી ની ટુકડીએ કારની તલાસી લેવાનું શરૂ કરયુ, હતું જેમાં પાછળની સીટ કાઢીને ચેક કરતા પતરૂ લગાવાયેલું હતું, જેને ખોલીને ચેક કરતાં પાછળની સીટ પાંચ ચોરખાનું બનાવ્યું હતું.

જેની અંદર એક પછી એક ૭૮ નંગ ઈંગ્લિશ દારૂની બાટલીનો જથ્થો સંતાડીને રાખવામાં આવ્યો હતો, જે તમામ દારૂની ૭૮ નંગ ઈંગ્લિશ દારૂની બાટલીનો જથ્થો કબજે કરી લીધો હતો, અને કાર તેમજ મોબાઈલ ફોન સહિત દારૂ ના ધંધાર્થી રવિરાજસિંહ જાડેજા ને ઝડપી લોધો છે, અને તેની સામે ધ્રોલ પોલીસ મથકમાં દારુ બંધી ભંગ અંગેનો ગુનો નોંધવામાં આવ્યો છે.

# જુગારના બે સ્થળે દરોડા:પાંચ આરોપીઓની અટકાયત

**અબતક, જામનગર**

જામનગર શહેરમાં પોલીસે જુગાર અંગે જુદા જુદા બે સ્થળે દરોડા પાડ્યા હતા, અને પાંચ આરોપીઓની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રોકડ રકમ અને જુગારનું સાહિત્ય કબજે કર્યું છે.

જામનગરમાં ત્રણ દરવાજા રિક્ષા સ્ટેન્ડ પાસેથી જાહેરમાં ઘોડીપાસા વડે જુગાર રમી રહેલા વીરાભાઈ બાનાભાઈ મહેશ્વરી, ઈબ્રાહીમભાઈ મુસાભાઈ, તેમજ ચેતન હરિલાલ પંડ્યા ની પોલીસે અટકાયત કરી લઈ તેઓ પાસેથી રૂપિયા ૧૦,૧૦૦ ની રોકડ રકમ અને જુગારનું સાહિત્ય કબજે કર્યું છે. જુગાર અંગેના બીજો દરોડો સ્મશાન ચોકડી પાસે પાડવામાં આવ્યો હતો. જ્યાંથી જાહેરમાં ભારતીય ચલણી નોટો ના નંબર ઉપર એકી બેકી નો જુગાર રમી રહેલા વિપુલ નારણભાઈ વાઘોણાં, તેમજ જેઠાભાઈ નારણભાઈ મકવાણા ની પોલીસે અટકાયત કરી લઈ બંને પાસેથી રૂપિયા ૧,૮૩૦ ની રોકડ રકમ કબજે કરી છે.

# ગોંડલમાં બાળકને શેરીમાં રમવા દેવા નહિ કહી દંપતી પર પાડોશીઓનો હુમલો

## ગોંડલ સિટી પોલીસમાં બે મહિલાઓ સહિત કુલ પાંચ શખ્સો વિરુદ્ધ નોંધાતો ગુનો

**અબતક, રાજકોટ**

ગોંડલમાં બાળકને શેરીમાં રમવા દેવા નહિ તેવું કહેનાર શખ્સ અને તેના પરિજનોએ પાડોશી પર હુમલો કર્યાનો બનાવ સામે આવ્યો છે. બે મહિલાઓ સહીત પાંચ શખ્સોના હુમલામાં દંપતીને ઈજા થતાં ગોંડલ સીટી પોલીસે દંપતીની ફરિયાદ પરથી ગુનો નોંધ્યો છે.

મામલામાં ગોંડલના ભગવતપરાના બરકતીપરામાં રહેતા અને ત્રણ ખુણીયા નજીક પેટ શોપ ધરાવતા આસિફસાહુ બકાતીસાહુ શાહમદાર (ઉ.વ.૨૮)એ ગોંડલ સીટી પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં સાહીલ ધમભાઈ ખાટકી, ધમભાઈ ખાટકી, બોબી ધમભાઈ ખાટકી, સબાના બોબીભાઈ ખાટકી અને ગુડીબેન સાહીલભાઈ ખાટકીનું નામ આપતાં જણાવ્યું હતું કે, ગઈકાલે બપોરના આશરે બે વાગ્યાની આસપાસ હું દુકાને હતો તે દરમિયાન મારા પત્નીનો મને ફોન આવેલ કે, આપણો દીકરો અખિલ ઘરની બહાર રમતો હતો તે દરમિયાન બાજુમાં રહેતા સાહિલ ધમભાઈ ખાટકી આવેલ અને છોકરાને અહીં રમવા દેવાના નહિ કહી જતાં રહેલ હતા.

જેથી હું ઘરે આવી સાહીલ સાથે વાત કરી લઈશ તેમ જણાવ્યું હતું. વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, ઘરે જઈને સાહીલને બોલાવી વાતચીત કરતો હતો દરમિયાન સાહિલના પિતા ધમભાઈ ઉર્ફે રજાકભાઈ ખાટકી ધસી આવ્યા હતા ને મારી સાથે બોલાચાલી કરી ગાળો આપવા લાગેલ હતા. બાદમાં બંનેએ મને ઢીકા પાટુનો માર માર્યો હતો. દરમિયાન પાછળથી ધમભાઈનો દિકરો બોબી લાકડાનો ધોકો લઈને આવ્યો હતો અને બે ઘા માર્યા હતા. જેથી મારી પત્ની અલવીરાબેન મને છોડાવવા માટે આવતા બોબીએ તેને પણ બે ત્રણ ઘા મારી દીધેલ હતા. બાજુમાં બોબીની પત્ની સબાનાબેન તથા સાહિલની પત્ની ગુડબેન ઉભેલ હોય તે પણ આવી ગયેલ અને મારા પત્નીને ઢીકાપાટુંનો મુંઢમાર મારેલ હતો. હુમલાના પગલે આજુબાજુ રહેતા માણસો આવી જતા અમોને છોડાવેલ અને આ લોકો જતા જતા કહેતા ગયા કે હવે તમારા છોકરાને અહીં રમશે તો તમને જાનથી મારી નાખવા પડશે તેમ કહી જતાં રહેલ હતા.

હુમલા બાદ ફરિયાદી અને તેના પત્નીએ સરકારી હોસ્પિટલ ખાતે સારવાર લીધા બાદ ગોંડલ સીટી પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

### તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત

# કાલાવડ: ચોરાઉ મુદામાલ ફરિયાદીને પરત કરતા એસ.પી. પ્રેમસુખ ડેલુ

**અબતક, રાજુ રામોલીયા,કાલાવડ**




જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના નાની વાવડી ગામે તાજેતરમાં થયેલી ઘરફોડીના બનાવનો સ્થાનિક પોલીસ મથકના સ્ટાફે ભેદ ઉકેલી બે શખ્સોની ધરપકડ કરી સોના-ચાંદીના ધરેણા અને રોકડ મળી રૂ. ૨૦.૯૧ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો. બાદ ફરિયાદી મનદુખભાઈ સાંગાણીએ મુદામાલ છોડવવા કરેલી અરજીનો પોલીસે કોર્ટમાં અભિપ્રાય આપતા કોર્ટે ફરિયાદીને મુદામાલ પરત સોંપવા હુકમ કર્યો હતો.

જે અનુસંધાને ફરીયાદીને ચોરી થયેલ સોના ચાંદીના દાગીના તથા રોકડ રકમ મળી કુલ કી.રૂ.૨૦,૧૧,૫૦૦/- નો મુદામાલ તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત ફરીયાદી ને જીલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલૂ નાયબ પોલીસ અધિક્ષક આર.બી.દેવધા, જયવિરસિંહ ઝાલા, એલ.સી.બી. પોલીસ ઈન્સપેક્ટર વી.એમ.લગારીયા તથા કાલાવડ ટાઉન પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સપેટર એન.બી.ડાભી દ્વારા પરત સોપી આપી સરકાર ના ઉદેશ્યને સફળ બનાવવામા આવેલ છે.

# ભાવનગર: પાંચ મોબાઈલ ચોરીનો ભેદ ઉકેલી મહિલા સહિત પાંચની ધરપકડ

**અબતક, આનંદ રાણા, સિહોર**



ભાવનગર શહેર જિલ્લામાં આર્થિક ગુનાઓ અટકાવવા અને વણ ઉકેલ ગુનાઓનો ભેદ ઉકેલવા એસ.પ.ડો. હર્ષદ પટેલએ આપેલી સુચનાને પગલે એલ.સી.બી.ના પી.આઈ. એ.આર. વાળા સહિતના સ્ટાફે પેટ્રોલીંગ હાથ ધર્યું હતુ.

ત્યારે શહેરનાં પાંચ પોલીસ મથકનાં ચોપડે મોબાઈલ ચોરીમાં સંડોવાયેલા શિહોરનાં રામનગરમાં રહેતો ભીમજી રવજી સાથલીયા, અદસરનો રવિ ઉર્ફે બુલેટ બાવા પરમાર, કાળુ સીલા ચારોડીયા, રાકેશ ધનજી સોલંકી અને મહિલા સહિત પાંચ શખ્સોની અટકાયત કરી તેના કબજામાંથી રૂ. ૫૮૪૮૮ની કિમતનો પાંચ મોબાઈલ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગાંધીધામ: અપહૃત સગીરાને શોધી કાઢી અપહરણકર્તાની ધરપકડ

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**




ગાંધીધામ બી ડિવિઝન સર્વેલન્સ સ્ટાફના કર્મચારીઓ પેટ્રોલીંગમાં હતા દરમ્યાન કાર્ગો પી.એસ.એલ. ગલી નં ૩ ગાંધીધામ ખાતે રહેતા ફરીયાદીની સગીરવયની દિકરી ઉ.વ.૧૩ વર્ષ ૧ માસ વાળીનું આરોપી રાજુકુમાર મનોજકુમાર પંડિત ઉ.વ ૧૯ રહે- હાલે કાર્ગો પીએસ.એલ ઝુપડા ગાંધીધામ દ્વારા કોઈપણ ઈરાદાથી તા-૦૨/૧૨/૨૦૨૪ ના રોજ અપહરણ કરી પોતાની સાથે લઈ ગયેલ હોય જે બાબતે ગાંધીધામ બી.ડીવી પો.સ્ટેમા ગુનો દાખલ થયેલ હોય જે ગુના કામે સંડોવાયેલ આરોપી રાજુકુમાર મનોજકુમાર પંડિત તથા ભોગબનનાર બાબતે મળેલ બાતમી હકીકત આધારે આરોપીને પકડી પાડી ભોગબનનાર સગીરવયની દિકરીને તેના માતા પિતાને પરત સોપી આપી પકડાયેલ આરોપી વિરૂધ્ધ અપહરણ તથા પોકસો એકટની કલમો હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

### ઉત્તરાયણ પર્વે

# રેલવે ટ્રેક પાસે પતંગ ઉડાડવાનું ટાળો: રેલવે તંત્ર

## ટ્રેક ઉપર આવેલ હાઈવોલ્ટેજ ઈલેક્ટ્રીક વાયરથી સાવચેત રહેવા અપીલ

**અબતક,રાજકોટ**

રેલવે તંત્ર દ્વારા બધા લોકોને જાણ કરવામાં આવે છે કે રાજકોટ ડિવિઝનના તમામ સેક્શનમાં રેલવે લાઈનો પર ૨૫૦૦૦ વોલ્ટના ઓવરહેડ વાયરો લગાવવામાં આવ્યા છે. આ ૨૫૦૦૦ વોલ્ટના વાયરોમાં પતંગની દોરીઓ ફસાઈ હોવાનું જોવામાં આવ્યું છે. રેલવે કર્મચારીઓએ ટ્રેક પર કામ કરતી વખતે આ વાયરોના સંપર્કમાં ન આવે તેની કાળજી લેવી જોઈએ કારણ કે ઈલેક્ટ્રિક શોકને કારણે જીવનું જોખમ રહેલું છે. આ ઉપરાંત સામાન્ય લોકો પણ રેલવે ટ્રેક પાસે પતંગ ઉડાવે છે અને ઓવરહેડ વાયરમાંથી પતંગ કાઢવાનો પ્રયાસ કરે છે. તો સૌને વિનંતી છે કે રેલવે ટ્રેક પાસે પતંગ ઉડાવવાનું ટાળો અને રેલવેના હાઈ વોલ્ટેજ ટ્રેક્શન વાયરમાંથી પતંગ કાઢવાનો પ્રયાસ ન કરે અને સામાજિક હિતને ધ્યાનમાં રાખીને શક્ય તેટલું અન્ય લોકોને આ બાબત ની જાણ કરે.

### શા માટે રેલવે ટ્રેક પાસે પતંગ ઉડાડવું જોખમી છે

રેલવે ટ્રેકની નજીક પતંગ ઉડાડવાથી ગંભીર પરિણામો આવી શકે છે. આ એક એવી પ્રવૃત્તિ છે જે ઘણીવાર હળવાશથી લેવામાં આવે છે, પરંતુ તે ખૂબ જ જોખમી છે.

રેલવે ટ્રેકની નજીક ઉચ્ચ વોલ્ટેજના વીજળીના વાયર હોય છે. પતંગનો દોરો આ વાયર સાથે અથડાય તો ઈલેક્ટ્રિક શોક લાગવાની શક્યતા રહે છે. પતંગનો દોરો ટ્રેનના એન્જિનમાં ફસાઈ જાય તો ટ્રેન અકસ્માત થઈ શકે છે. આનાથી મોટા પાયે જાનહાનિ થઈ શકે છે. પતંગનો દોરો સિગ્નલિંગ સિસ્ટમને ખોરવી નાખે તો ટ્રેનની અવરજવર પર અસર પડી શકે છે. ત્યારે રેલવે ટ્રેકની નજીક પતંગ ઉડાડવાનું ક્યારેય ન કરો, બાળકોને રેલવે ટ્રેકની નજીક પતંગ ન ઉડાડવા માટે સમજાવો. જો પતંગનો દોરો વીજળીના વાયર સાથે અથડાય તો ક્યારેય પોતે દોરો કાપવાની કોશિશ ન કરો. તરત જ રેલવે પોલીસ અથવા સ્થાનિક અધિકારીઓને જાણ કરો.રેલવે ટ્રેકની નજીક પતંગ ઉડાડવું એ એક ગંભીર સમસ્યા છે. આ બાબતને ગંભીરતાથી લેવી જોઈએ અને પોતાની અને અન્ય લોકોની સલામતી માટે જરૂરી સાવચેતી રાખવી જોઈએ.

# પ્રભાસ-પાટણ: ચોરાઉ બાઈક સાથે બેલડી ઝડપાયો

**અબતક, જયેશ પરમાર, પ્રભાસ-પાટણ**

પ્રભાસ-પાટણ પોલીસમાં ૬ જાન્યુઆરીના રોજ ભાલકા કૈલાશ સોસાયટીમાં રહેતા ફરિયાદી જેન્તી રામજી નેનાએ નવયુગ સ્કુલ પાસેથી ગલીમાંથી ચોરી થયા અંગેની પોલીસ ફરિયાદ નોંધાવેલ હતી.

જે અનુસંધાને પ્રભાસ-પાટણ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ. એમ.વી.પટેલના માર્ગદર્શન તથા સૂચના હેઠળ સદરહું ચોરીના ગુન્હાની તપાસ આદરતા પોલીસ હેડ કોન્સ. પ્રકાશ ભીખા, કુલદિપસિંહ પરમાર, પોલીસ કોન્સ. કરણસિંહ બાબુભાઈ તથા પિયુસ કાનાભાઈ, કરસન જેઠાનાઓએ ગુન્હાની તપાસ આગળ વધારી હતી.

# જસદણવાસીઓમાં મકર સંક્રાંતી પર્વને લઈને અનેરો થનગાનટ

## પતંગ રસિયાઓએ સરકારની ગાઈડ લાઈનનું ચુસ્ત પાલન કરી પતંગોત્સવની મજા માણવી: વિજય રાઠોડ

**અબતક,હિતેશ ગોસાઈ, જસદણ**

જસદણમાં કાલે મંગળવારે મકરસંક્રાંતિ પર્વની શહેરીજનો રંગેચંગેથી ઉજવણી કરશે આ અંગે ખાસ કરીને પતંગ રસિયાઓ હજારો રૂપિયા ખર્ચી પતંગ અને દોરાની ખરીદી કરી રહ્યા છે સવારે દરેક પતંગ રસિયાઓ અગાસીઓમાં મ્યુઝિક સિસ્ટમ સાથે ગોઠવાઈ પતંગ ચગાવવાની મજા સાથે મનના પેચ પણ લગાવશે આમ તો મકરસંક્રાંતિ દાન પુણ્યનું મુખ્યત્વે પર્વ છે એ અનુસંધાને જસદણ શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ રાઠોડએ જસદણના નાગરિકોને શુભેચ્છા પાઠવી હતી અને જણાવ્યું હતું કે પતંગ રસિયાઓ સરકારની ગાઈડ લાઈનનું ચુસ્ત રીતે પાલન કરે તો કોઈપણ રીતે બનતાં અકસ્માતોથી બચી શકાય જસદણની પ્રજા આમ તો સ્વાદ રસિક છે ત્યારે લાખો રૂપિયાનુ ઉંધીયું ઝાપટી જશે આ વર્ષે શાકભાજી ઉપરાંત ખાદ્ય તેલમાં ઘટાડો હોવાથી લોકોને ઉંધીયું સસ્તું મળે એવાં એંધાણ છે ગત દિવાળીમાં બસો થી અઢીસો રૂપિયાના કીલોના ભાવે ઉંધીયુ વેચાયું હતું પણ હાલમાં લીલા શાકભાજીની આવક હોવાથી શીંગતેલ સિવાય અન્ય ઓઈલમાંથી બનાવેલ ઉંધીયું સસ્તા ભાવે વેચાણ પણ મોટાં પાયે થશે તેથી ગરીબ મધ્યમ વર્ગના લોકોને રાહત રહેશે આમ ઉત્તરાયણ પર્વને લઈને શહેરીજનોમાં અનેરો થનગનાટ પ્રવર્તી રહ્યો છે.

# અંજાર: મારામારીનાં ગુનામાં વોન્ટેડ બે શખ્સ પકડાયા

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**



અંજાર પોલીસ સ્ટાફના માણસો અંજાર ટાઉન વિસ્તારમાં પેટ્રોલીંગ માં હતા તે દરમ્યાન બાતમી આધારે છેલ્લા એક વર્ષથી શરીર સંબંધીત ગુનાના નાસતા ફરતા લીસ્ટેડ આરોપીઓ વાલજીભાઈ અરજણભાઈ જરૂ અને ખીમાભાઈ કરસનભાઈ જરૂને ટાઉન વિસ્તારમાંથી પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ કામગીરીમાં અંજાર પીઆઈ એ.આર.ગોહીલ પીએસઆઈ જે.એસ.ચુડાસમા, વી.એ.ઝા તથા અંજાર પોલીસ સ્ટાફના માણસો સાથે રહ્યા હતા.

## (પહેલા પાનાનું ચાલું)

### મહાકુંભ...

પર, શુભ સમય સવારે ૯:૦૩ થી ૧૦:૫૦ (૧ કલાક ૪૭ મિનિટ) સુધીનો છે. આ તહેવારમાં ભદ્રા નથી, તેથી સવારથી સાંજ સુધી સ્નાન કરવું શુભ રહેશે. આ વખતે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પુષ્પવર્ષાની જાહેરાત કરી છે. આવી સ્થિતિમાં, પહેલા બે મુખ્ય સ્નાન ઉત્સવો પર ફૂલોની વર્ષાની તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે.

લોકવાયકા મુજબ ઈન્દ્રના પુત્ર જયંતને અમૃતનો ઘડો લઈને સ્વર્ગ પહોંચવામાં ૧૨ દિવસ લાગ્યા. દેવતાઓનો એક દિવસ એક પૃથ્વીના વર્ષ સમાન છે. તેથી, દેવતાઓના ૧૨ દિવસ ૧૨ વર્ષ બરાબર થયા. આ માન્યતાના આધારે, કુંભ પણ દર ૧૨મા વર્ષે યોજાય છે. પ્રયાગની સાથે, અન્ય ત્રણ સ્થળોએ કુંભ પણ દર ૧૨ વર્ષે યોજાય છે. હા, ક્રમ એવો છે કે એક સ્થળના કુંભ અને બીજા સ્થાનના કુંભ વચ્ચે ત્રણ વર્ષનો અંતર છે. જ્યારે સૂર્ય મેષ રાશિમાં અને ગુરુ કુંભ રાશિમાં સ્થિત હોય છે ત્યારે હરિદ્વારમાં કુંભ મેળાનું આયોજન કરવામાં આવે છે.

### ક્રૂડ...

ઘણા ટેન્કરોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. કેટલાક ટેન્કરોએ ઈરાનથી પણ તેલ મોકલ્યું છે, જે પ્રતિબંધોને આધીન છે. બે ચીની વેપાર સૂત્રોએ જણાવ્યું હતું કે નવા પ્રતિબંધો રશિયન તેલ નિકાસને ભારે નુકસાન પહોંચાડશે, જેના કારણે ચીની સ્વતંત્ર રિફાઈનરોને રિફાઈનિંગ ઉત્પાદનમાં વધુ ઘટાડો કરવાની ફરજ પડશે. સૂત્રોએ નામ જાહેર કરવાનો ઈનકાર કર્યો હતો કારણ કે તેઓ મીડિયા સાથે વાત કરવા માટે અધિકૃત ન હતા. સોમવારે રશિયન પુરવઠામાં અપેક્ષિત વિક્ષેપોને કારણે વૈશ્વિક તેલના ભાવ મહિનાઓમાં સૌથી વધુ સ્તરે પહોંચી ગયા, બ્રેન્ટ ક્રૂડ ૮૧ ડોલર પ્રતિ બેરલથી ઉપર ટ્રેડ થઈ રહ્યું હતું.

કેપ્લરના મુખ્ય નૂર વિશ્લેષક મેટ રાઈટે એક નોંધમાં જણાવ્યું હતું કે, નવા પ્રતિબંધિત જહાજોમાંથી ૧૪૩ ઓઈલ ટેન્કર છે, જેમણે ગયા વર્ષે ૫૩૦ મિલિયન બેરલથી વધુ રશિયન ક્રૂડ ઓઈલનું સંચાલન કર્યું હતું, જે દેશના કુલ દરિયાઈ ક્રૂડ ઓઈલ નિકાસના લગભગ ૪૨% છે. તેમણે જણાવ્યું હતું કે, આમાંથી લગભગ ૩૦૦ મિલિયન બેરલ ચીન મોકલવામાં આવ્યા હતા, જ્યારે બાકીના મોટા ભાગના ભારતમાં ગયા હતા.

"આ પ્રતિબંધો ટૂંકા ગાળામાં રશિયાથી ક્રૂડ ઓઈલ સપ્લાય કરવા માટે ઉપલબ્ધ જહાજોના કાફલામાં નોંધપાત્ર ઘટાડો કરશે, જેના કારણે નૂર દરમાં વધારો થશે," રાઈટે જણાવ્યું હતું.સિંગાપોર સ્થિત એક વેપારીએ જણાવ્યું હતું કે, ઉલ્લેખિત ટેન્કરોએ છેલ્લા ૧૨ મહિનામાં ચીનને લગભગ ૯૦૦,૦૦૦ બેરલ રશિયન ક્રૂડ સપ્લાય કર્યું છે. ગયા વર્ષના પ્રથમ ૧૧ મહિનામાં, ભારતની રશિયન ક્રૂડ ઓઈલ આયાત વાર્ષિક ધોરણે ૪.૫% વધીને ૧.૭૬૪ મિલિયન બેરલ પ્રતિ દિવસ થઈ, જે ભારતની કુલ આયાતના ૩૬% જેટલી છે. આ જ સમયગાળામાં ચીનનું પાઈપલાઈન સપ્લાય સહિતનું વોલ્યુમ ૨% વધીને ૯૯.૦૯ મિલિયન મેટ્રિક ટન (૨.૧૫૯ મિલિયન બેરલ પ્રતિ દિવસ) થયું, જે તેની કુલ આયાતના ૨૦% જેટલું છે.

### એપલ...

જણાવ્યું હતું કે, "ભારતમાંથી કોઈપણ એક ઉત્પાદનની નિકાસ માટે એક વર્ષમાં એપલની સિદ્ધિ અભૂતપૂર્વ છે." તેમણે સ્માર્ટફોન માટે ઉત્પાદન-લિંક્ડ પ્રોત્સાહન યોજનાની સફળતા પર પ્રકાશ પાડ્યો. ઉત્પાદન અને નિકાસના આંકડાઓ ફ્રેઈટ ઓન બોર્ડ કિંમતને ધ્યાનમાં લે છે જેના પર ઉપકરણ ફેક્ટરીમાંથી બહાર નીકળે છે. છૂટક ભાવ લગભગ ૬૦% વધારે છે. જોકે, સરકાર પીએલઆઈ યોજના હેઠળ એફઓબી કિંમત પર પ્રોત્સાહનો પ્રદાન કરે છે. ૩૦ બિલિયન ડોલર સ્થાનિક ઉત્પાદન તરફ આગળ વધી રહ્યું છે ઉદ્યોગના અધિકારીઓના જણાવ્યા અનુસાર, રેકોર્ડ ઉત્પાદન અને નિકાસ આંકડાઓ સાથે, એપલે વિવિધ મોડેલો માટે પાંચમા ભાગ સુધી સ્થાનિક મૂલ્યવર્ધન પ્રાપ્ત કર્યું છે કારણ કે કંપની દેશમાં તેના સપ્લાયર બેઝને વિસ્તૃત કરવાનું ચાલુ રાખે છે. . તેમણે કહ્યું કે પીએલઆઈ યોજનાની શરૂઆતમાં, યુએસ જાયન્ટ માટે સ્થાનિક મૂલ્યવર્ધન ૫-૮% હતું.

### અકસ્માત...

ભત્રીજો નિલેશ તથા મારા મામાનો દીકરો નરેશ રોડ ઉપર ઈજાગ્રસ્ત હાલતમાં પડેલ જોવા મળ્યા હતા. ત્યાં હાજર ટોળાંને અકસ્માત અંગે પૂછતાં કોઈ અજાણ્યા વાહન ચાલકે પાછળથી ટકકર મારી અકસ્માત સર્જી નાસી ગયાનું જાણવા મળ્યું હતું. તાત્કાલિક ૧૦૮ એમ્બયુલન્સ બોલાવતા ભત્રીજા જમાઈ વિજયસિંહને પગમાં તથા કમ્મરના ભાગે અને શરીરે ગંભીર ઈજાઓ થવાના કારણે તેમજ મામાનો દિકરો નરેશને કમ્મરના ભાગે તથા પગમાં ગંભીર ઈજાઓ થવાના કારણે સ્થળ ઉપર મરણ થઈ ગયાનું જાણવા મળ્યું હતું. જયારે નિલેશને ઈજાગ્રસ્ત હાલતમાં નડિયાદ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો. જ્યાં નિલેશે પણ ટૂંકી સારવાર બાદ દમ તોડી દીધો હતો.

## (છેલ્લા પાનાનું ચાલુ)

### ઉત્તરાયણ...

મકરરાશીમાં પ્રવેશ થતાની સાથે જ છેલ્લા એક મહિનાથી ચાલતા ધનારક કમુરતા ઉતરી જશે અને ફરી લગ્નસરાની સીઝનમાં શરણાઈઓનાં સૂર ગુંજી ઉઠશે. આ વર્ષ સંક્રાંતનું વાહન વાઘ જયારે ઉપવાહન અશ્વ છે.

આવતીકાલે રાશી મુજબ અમૂક ચીજ વસ્તુનું દાન કરવામાં આવે તો તેનું સવિશેષ ફળ મળે છે. કાલે મેષ,સિંહ અને ધનરાશી ધરાવતા લોકોએ કાળા તલ, કાળુ અથવા બ્લ્યુ કાપડ અને સ્ટીલના વાસણનું દાન કરવું. વૃષભ, તુલા અને મકર રાશી ધરાવતા લોકોએ ઘઉં, ગોળ, લાલતલ, લાલ કાપડ અને તાંબાના વાસણનું દાન કરવું. મિથુન, વૃશ્ચિક અને મીન રાશીના લોકોએ ઘી, ખાંડ, સફેદ તલ, ચોખા અને સફેદ ચણાનું દાન કરવું. જયારે કર્ક રાશી ધરાવતા લોકોએ ચણાની દાળ, પીળુક કાપડ અને પીતળના વાસણનું દાન કરવું, આવતીકાલે મકર સંક્રાંતિએ દાન આપવાનો શ્રેષ્ઠ સમય સવારે ૮.૫૪ કલાકથી સાંજે ૬.૨૩ કલાક સુધીનો છે.

આવતીકાલે પવનની ગતી પણ પ્રમાણમાં સારી રહેશે એટલે પતંગ ચગાવવા માટે પતંગવીરોએ વધુ મહેનત નહી કરવી પડે.

### લેટરકાંડ...

થયો હતો. જે પ્રકારે પાયલ ગોટીને માર મારવાના કેટલાક આક્ષેપો થયા હતા સાથે સાથે તેનુ સરઘસ કાઢવામાં આવ્યાનો પણ એક આક્ષેપ હતો. તે મામલે પોલીસ કર્મચારીઓની ફરજ દરમિયાન બેદરકારી હોવાના પગલે આ કાર્યવાહી કરવામાં આવી છે. આ ત્રણેય પોલીસ કર્મી લોકલ ક્રાઈમ બ્રાન્ચમાં ફરજ બજાવતા હતા.

હવે જયારે ત્રણ કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે ત્યારે આ મામલો થાળે પડી જશે તેવો સવાલ ઉઠ્યો છે. અમરેલી જિલ્લો ગુજરાતના રાજકારણમાં સૌથી અલગ પડતું આવ્યું છે. રાજકીય નિષ્ણાંતોના મત અનુસાર યાદવાસ્થળી સમાન અમરેલીના રાજકારણમાં વર્ષોથી જૂથવાદ ચાલી રહ્યો છે. ભાજપના જ બે અલગ અલગ જૂથો એકબીજા સામે મેદાનમાં હોય ત્યારે લેટરકાંડમાં કોંગ્રેસ પણ આક્રમક થઈને બહાર આવી છે. પરેશ ધાનાણીએ શનિવારે અમરેલી બંધનું એલાન આપ્યું હતું જેને મિશ્ર પ્રતિસાદ મળ્યા બાદ આજે સુરત બંધનું એલાન આપ્યું છે. ત્યારે લેટરકાંડમાં સસ્પેનશન બાદ પણ 'પિક્ચર અભી બાકી હૈં મેરે દોસ્ત' જેવો ઘાટ ઘડાયો છે.

### સરકાર હરકતમાં...

સિસ્ટમ લગાવવા કુલ ૭૮૬.૪૧ કિલોમીટરની લંબાઈના માર્ગો પર ૭૬ કામો માટે ૮૭.૫૨ કરોડ રૂપિયા ફાળવ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના આ નિર્ણયને પરિણામે રાજ્યમાં માર્ગ અકસ્માતોની સંખ્યા નોંધપાત્ર રીતે ઘટશે તેમજ યાતાયાત વધુ સુરક્ષિત બનશે.

## દુઃખદ અવસાન

### સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટ :** રાજકોટ નિવાસી જશવંતરાય મોતીલાલ દવે (મુળ કેશીયા) તે સ્વ.વિનોદરાય મોતીલાલ દવે, સ્વ.રમાબેન મોતીલાલ દવે તેમજ સાવિત્રીબેન વસંતરાય જાનીનાં નાનાભાઈ, વિજયભાઈ - સંજયભાઈ દવેનાં કાકા, હાર્દિક-પાર્થ દવેનાં કાકાદાદા તથા લતાબેન જાની તેમજ પંકજભાઈ જાનીના મામા તથા પ્રકાશભાઈ જાનીનાં મામાદાદાનું તા.૧૧-૦૧, શનીવારનાં રોજ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું તા.૧૩-૧-૨૦૨૫ સોમવાર સાંજે ૪-૦૦ થી ૫-૩૦ ધારેશ્વર મહાદેવ મંદિર, ભકિતનગર સર્કલ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ :** મુળ રાજકોટ હાલ અમદાવાદ નિવાસી પુર્ણેન્દુભાઈ પ્રભુલાલભાઈ દવે તે ગં.સ્વ.સર્યુબેન પુર્ણેન્દુભાઈ દવેના પતિ તેમજ કોનાર્ક દવે અને નુપુર દવેના પિતા તથા પૂર્વી કોનાર્ક દવેના સસરાનું તા.૮-૧-૨૦૨૫ના રોજ અવસાન થયેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# ધોરાજી: આધાર કાર્ડ સુધારાની કામગીરીમાં લાંબી લાઇનથી પ્રજામાં રોષ

**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**



ધોરાજીની મેઈન પોસ્ટ ઓફિસની બહાર આધાર કાર્ડ માં સુધારા વધારા કરવા માટે લોકો વહેલી સવારથી લાંબી કરતાં માં ઊભા જોવા મળેલ. લોકોએ પોતાના આધાર કાર્ડ માં સુધારા વધારા કરવા માટે અનેક જગ્યાએ ધક્કા ખાવા પડ્યા હતા પણ લોકોએ એવું જણાવેલ કે તમામ જગ્યાએ કામગીરી બંધ હોવાથી ફક્ત ધોરાજી ની મેઈન પોસ્ટ ઓફિસ માં જ કામગીરી ચાલુ છે.

જેને કારણે લોકો વહેલી સવારથી લાંબી કતાર માં ઉભા રહી ફક્ત ટોકન લેવા માટે લાઈન માં ઉભા રહી ગયા હતાં. આ અન્ય જગ્યાએ કામગીરી બંધ હોવાથી ધોરાજી ની મેઈન પોસ્ટ ઓફિસ માં થાય છે. તેને લઈને લોકોમાં રોષ જોવા મળેલ અને તંત્રને અપીલ કરી હતી કે અન્ય જગ્યાએ આધારકાર્ડની કામગીરી કરવામાં આવે તો લોકોને હેરાન ન થવું પડે.

# ઉપલેટા તાલુકા ખરીદ વેચાણ સંઘની ચૂંટણીમાં રાદડીયાનો દબદબો: પ્રમુખ તરીકે સખીયા, ઉપપ્રમુખ તરીકે ભોપાલા વરાયા

## જિલ્લા બેંકના ડિરેક્ટર હરિભાઈ ઠુંમરની હાજરીમાં નવા સુકાનીને ફુલહાર કરી શુભેચ્છા અપાઈ

**અબતક,કિરીટ રાણપરીયા, ઉપલેટા**



તસ્વીર: શહેઝાદ બાદશાહ ઉપલેટા

ઉપલેટા તાલુકા ખરીદ વેચાણ સંઘની સામાન્ય ચૂંટણી ૧૩ ડિરેક્ટરોની યોજાઈ હતી. તેમાં ગઈકાલે પ્રમુખ અને ઉપપ્રમુખની યોજાઈ હતી તેમાં જયેશભાઈ રાદડીયાના દબદબો જાળવાઈ રહ્યો હતો બંને ઉમેદવારો બીન હરીફ જાહેર થયા હતા.

ઉપલેટા તાલુકા ખરીદ વેચાણ સંઘની ગઈકાલે સંઘના સભાખંડમાં પ્રમુખ ઉપપ્રમુખની ચૂંટણી મામલતદાર નિખિલ મહેતાના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. તેમાં જિલ્લા બેંકના ડિરેક્ટર અને સહકારી અગ્રણી હરિભાઈ ઠુંમર ખાસ ઉપસ્થિત રહ્યા હતા પ્રમુખ તરીકે અરણી ગામના ગોપાલભાઈ હરીભાઈ સખીયા ઉમેદવારી ચૂંટણી અધિકારી પાસે નોંધાવી હતી અન્ય કોઈ ઉમેદવારે ફોર્મ નહી ભરતા પ્રમુખ તરીકે તેઓ બિન હરીફ જાહેર કરાયા હતા. તેવીજ રીતે ઉપપ્રમુખ તરીકે નાગવદર ગામના ભુરાભાઈ રણમલભાઈ ભોપાલાએ ઉપપ્રમુખ તરીકે ઉમેદવારી નોંધાવી હતી. અન્ય કોઈ ઉમેદવાર ફોર્મ નંહી ભરતા તેઓ પણ બિન હરીફ વિજેતા જાહેર થયા હતા.

સંઘના નવા વરાયેલા પ્રમુખ ગોપાલભાઈ સખીયા અને ઉપપ્રમુખ તરીકે ભુરાભાઈ ભોપાળાને જિલ્લા બેંકના ડિરેકટર હરીભાઈ ઠુંમર સંઘના ડિરેકટરો દલપતભાઈ માકડીયા, હદાભાઈ ચંદ્રવાડીયા, મનસુખભાઈ સોજીત્રા, જીતેન્દ્રભાઈ માકડીયા, છોટુભા ચુડાસમા, ધીરજલાલ રૂપાપરા, વલ્લભભાઈ મુરાણી, બાબુભાઈ હુંબલ, મનસુખભાઈ કથીરીયા, રમેશભાઈ ખાંટ, દિપેનભાઈ જાવીયા અને જિલ્લા બેંકના પ્રતિનિધિ નારણભાઈ ચંદ્રવાડીયા તેમજ સંઘના મેનેજર દિપકભાઈ ઠેસીયા સહિત સ્ટાફ બંને ઉમેદવારોને ફુલહાર કરી શુભેચ્છા પાઠવી હતી. તાલુકા સંઘની ચૂંટણીમાં તમામ ૧૩ ઉમેદવારો તેમજ પ્રમુખ, ઉપપ્રમુખ બિન હરીફ થતા જિલ્લા બેંકના ચેરમેન અને ધારાસભ્ય જયેશભાઈ રાદડીયાનો સહકારી સંઘ ક્ષેત્રમાં દબદબો અકબંધ રહેવા પામ્યો હતો.

# ટ્રેઝરી અને પોસ્ટ ઓફીસમાં સ્ટેમ્પ પેપર કરાવો ઉપલબ્ધ: ટીમ ગબ્બર

**અબતક, ગીજુભાઈ વિકમા, વિસાવદર**



વિસાવદર ટીમગબ્બર ગુજરાતનાકે.એચ.ગજેરા (એડવોકેટ) તથા વિસાવદરના નયનભાઈ જોષી (એડવોકેટ) દ્વારા મુખ્યમંત્રી, ગુજરાત, મહેસુલ સચિવ. સચિવ, સામાન્ય અને વહીવટ વિભાગકલેક્ટર,સુરત,

ટ્રેઝરી ઓફિસર, સુરત પોસ્ટ સુપ્રિટેન્ડન્ટ તમામ જિલ્લા વિગેરેને લેખિત રજુઆત કરી જણાવેલ છે કે,ગુજરાત રાજ્યમાં અમુક પોસ્ટ ઓફિસોને બાદ કરતા મોટાભાગની પોસ્ટ ઓફિસોમાં નોટરીની નોટરીયલ સ્ટેમ્પ ટીકીટ ફાળવવામાં આવતી નથી જ્યાં તેઓને નોટરીયલ ટીકીટો માટે લાંબી પ્રક્રિયા માંથી પસાર થવું પડે છે અને ટ્રેઝરી ઓફિસ તેમજ બેંક વચ્ચે વારંવાર ધક્કા ખાવા પડે છે.

ઉપરાંત કેન્દ્રસરકાર ઉપરાંત ગુજરાત સરકાર ના પણ અનેક નોટરી હોય તેઓ દરેક નોંધણી માટેના ડોક્યુમેન્ટ ઉપર રૂપિયા ૫૦/- ની ટીકીટ લગાવવી જરૂરી હોય છે અને જે માટે રૂપિયા ૫/- ની એક એવી નંગ-૧૦ ટીકીટ લગાડવી પડે છે. જેથી જો રૂપિયા ૫/- ની જગ્યાએ રૂપિયા ૫૦/- ની એક ટીકીટ નવી બહાર પાડવામાં આવે તો તેનાથી કાગળનો બગાડ થતો અટકાવી પર્યાવરણને થતું નુકસાન પણ અટકાવી શકાય છે .

આમ,ગુજરાતનીતમામ પોસ્ટની ઓફિસોમાંતથા ટ્રેઝરીની ઓફિસોમાં જ્યારે પણ નોટરીને નોટરીયલ સ્ટેમ્પની જરૂરિયાત હોય ત્યારે કોઈપણ સમયે કોઈ ચોક્કસ દિવસ નક્કી કર્યા વગર તમામ દિવસોએ નોટરીયલ ટીકીટો તાત્કાલિક આપવામાં આવે તેવી વ્યવસ્થા સમગ્ર ગુજરાતમાં ઉભી કરવા અમારી માંગ સાથે રજુઆત છે.

ટિમ ગબ્બર ગુજરાતના વિસાવદર ના એડવોકેટ નયનભાઈ જોશીએ જણાવેલ છે.

# આણંદપરાથી ખંઢેરી ગામને જોડતા પુલનું ખાતમુહુર્ત કરતા ધારાસભ્ય ભગવાનભાઈ બારડ




**અબતક, રામસિંહ મોરી, સુત્રાપાડા**

આણંદપરા થી ખંઢેરી ગામ જોડતા રસ્તા ઉપર પુલ નું ખાતમુહૂર્ત તાલાલા મતવિસ્તારના ધારાસભ્ય ભગવાનભાઈ બારડ બાંધકામ સમિતિના ચેરમેન બાબુભાઈ પરમાર પૂર્વપ્રમુખ તાલુકા ભાજપ પ્રતાપસિંહ બારડ તાલુકા ભાજપ પ્રમુખ પ્રતાપભાઈ બામણીયા તાલુકા પંચાયત સદસ્ય જસુભાઈ સોલંકી ગામના પ્રથમ નાગરિક ઘાનાભાઈ બાંભણિયા પંકજભાઈ પંપાણીયા યોગેન્દ્ર સિંહ રાઠોડ સંજયભાઈ ડોડીયા સરપંચ ખાંભા તથા ગામના પૂર્વ સરપંચ માલદેભાઈ વાજા દેવસી ભાઈ માજી સરપંચ મેણસી ભાઈ ગામના તમામ આગેવાનો યુવાનો ખાતમુહૂર્ત હાજર રહે.

# માતા-પિતાની સેવા કરવી તેજ સાચો ધર્મ છે: કથાકાર જગદીશ રાવલ

## ગૌ સેવાના લાભાર્થે શિવ મહાપુરાણ કથામાં ભાવિકો ઉમટયા

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**



ધ્રાંગધ્રા ના પુનીત નગર મા વિસ્તાર લોકો દ્વારા ગૌવ સેવાના લાભાર્થી શીવમાહાપુરાણ કથા યોજવામાં આવી વિવિધ પ્રસંગ ધામધુમ થી ઉજવવા મા આવી રહ્યા છે ત્યારે કથાનું રસપાન કરાવતા જગદીશભાઈ આચાર્ય એ જણાવ્યું કે માતાપિતા ની સેવા કરવી તેજ સાચો ધર્મ છે

ધ્રાંગધ્રા ના પુનીત નગર વિસ્તાર ના લોકો દ્વારા ગૌ સેવાના લાભાર્થે શિવપુરાણ મહાયજ્ઞ કથાનુ આયોજન કરવામાં આવ્યું ત્યારે આ પ્રસંગે વિવિધ પ્રસંગો ધામધૂમથી ઉજવવા મા આવી રહ્યા છે ત્યારે વ્યાસપીઠ થી કથાનુ રસપાન કરાવતા જગદીશભાઈ આચાર્ય એ શિવપુરાણ ના વિવિધ પ્રસંગો સાથે જણાવ્યું કે માતાપિતા ની સેવા કરવી એ સાચો ધર્મ અને ભકિત છે અને તેજ ધરમા લક્ષ્મીજી નો, ભગવાનો, વાસ થાય છે ત્યારે રોજ મહાઆરતી નુ પણ આયોજન કરવામાં આવે છે ત્યારે મોટી સંખ્યામાં વિસ્તાર ના લોકો અને શહેરી જનો ઉપસ્થિત રહી ને કથાનુ રસપાન કરે છે ત્યારે કાર્યક્રમ ને સફળ બનાવવા માટે પુનીત નગર વિસ્તાર ના યુવાનો અને ભાઈ બેહનો દ્વારા જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

# સુત્રાપાડા: બ્રહ્મસમાજ મહિલા પાંખની રચના માટે બેઠક યોજાઈ



**અબતક, રામસિંહ મોરી, સુત્રાપાડા**

સુત્રાપાડા શહેર બ્રહ્મ પુરી ખાતે સૌરાષ્ટ્ર કચ્છ બ્રહ્મ સમાજ ગીર સોમનાથ જીલ્લાના મહિલા પાંખના ઉપપ્રમુખ શ્રી સુધાબેન વંડાગર ના અધ્યક્ષ સ્થાને સુત્રાપાડા શહેર બ્રહ્મ સમાજ મહિલા પાંખની રચના માટે મીટીંગ નું આયોજન કરવામાં આવ્યું. જેમાં સુત્રાપાડા બ્રહ્મ સમાજના બહેનો બોહળી સંખ્યામાં હાજર રહ્યા. જેમાં સુત્રાપાડા બ્રહ્મ સમાજ શહેર મહિલા પાંખ પ્રમુખ તરીકે સર્વાનુમતે શિલ્પાબેન ચેતનભાઈ આચાર્ય ની વર્ણી કરવામાં આવી તેથી સમસ્ત બ્રહ્મ સમાજ સુત્રાપાડા ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવે છે.

# સુત્રાપાડા: ખંઢેરીમાં સમસ્ત રાજપૂત સમાજ દ્વારા મહા સંમેલનમાં રાજકીય અગ્રણી જોડાયા

**અબતક, રામસિંહ મોરી, સુત્રાપાડા**



અલગ-અલગ ક્ષેત્રમાંથી આવેલ આગેવાનો અને મોટી સંખ્યામાં ભાઈઓ અને બહેનો જોડાયા હતા.

સમસ્ત રાજપૂત સમાજ દ્વારા આયોજીત મહા સંમેલન વેરાવળ તાલુકાના-ખંઢેરી મુકામે વી.પી.ઝાલા શૈક્ષણિક સંકુલમાં યોજાયો જે અંતર્ગત હાજરી સ્વરૂપે સમાજના અગ્રણી કર્ણાટકના પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળા,પૂર્વ કેબીનેટ મંત્રી જશાભાઈ બારડ, સમસ્ત રાજપુત સમાજ ગુજરાતના પ્રમુખ કાનભા ગોહિલ, પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પરમાર, માજી ધારાસભ્ય લક્ષમણભાઈ પરમાર, પૂર્વ ધારાસભ્ય કાળાભાઈ ઝાલા, પ્રમુખ ભવાનીધામ પ્રતીષ્ઠાન કિશોરસિંહ ચૌહાણ,વી.પી.ઝાલા શૈક્ષણિક સંકુલના ટ્રસ્ટી જેન્તીભાઈ ઝાલા, જિલ્લા.પં.ઉપ.પ્ર.રાજવીરસિંહ ઝાલા, પૂર્વ નગરપાલિકા.ઉ.પ્ર.શિવાભાઈ સોંલકી, પૂર્વ જિલ્લા ભાજપ.પ્ર. માનસિંહભાઈ પરમાર,ગીર સોમનાથ જિલ્લા ભાજપ મહામંત્રી દિલીપભાઈ બારડ,જિલ્લા ભાજપ ઉ.પ્ર.શેલેન્દ્રસિંહ રાઠોડ તેમજ સમાજના

# અમરેલી: એસ.એચ.ગજેરા કેમ્પસના ખેલાડીઓ શુટીંગ સ્પર્ધામાં મેળવી નેશનલ સિધ્ધિ




## સંસ્થાના પ્રમુખ વસંત ગજેરા સહિતના મહાનુભાવોએ ખેલાડીઓને પાઠવ્યા અભિનંદન

**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**

અમરેલી, શ્રીમતી એસ.એચ.ગજેરા કેમ્પસના જિલ્લા સ્પોર્ટ્સ સ્કૂલના ખેલાડીઓએ એસજીએફઆઈ દ્વારા આયોજિત ૬૮મી નેશનલ શૂટિંગ ચેમ્પિયનશિપ સ્પર્ધામાં ભાગ લીધો હતો. ભોપાલ મધ્યપ્રદેશ મુકામે યોજાયેલ હતી. તેમાં વિવિધ રાજ્યોમાંથી બહોળી સંખ્યામાં રમતવીરો એ પાર્ટીસિપેશન કરેલ હતું. જેમાં શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્પોર્ટ્સ સ્કૂલના અંડર-૧૪ ભાઈઓ ટીમમાંથી તાવિયા ગુંજલ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરેલ અને અંડર-૧૯ બહેનો ટીમમાં પરમાર ધર્મિષ્ઠા, લકુમ કાજલ સિલ્વર મેડલ પ્રાપ્ત કરી શાળા તેમજ રાજ્યનું નામ નેશનલ લેવલે રોશન કરેલ. શ્રેષ્ઠ શિક્ષણ સાથે રમત-ગમત ક્ષેત્રે સતત અનુભવી કોચ દ્વારા પ્રશિક્ષણ મેળવી નેશનલ લેવલે સિદ્ધિઓ પ્રાપ્ત કરેલ તે બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, તેમજ કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી અને સંસ્થા પરિવાર દ્વારા ખેલાડીઓને અને કોચ પૂલકીતાબેન નિમ્બાવાલ તેમજ ટ્રેનર સાવનભાઈ દેસાઈને શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

# ધ્રોલ ખાતે રાઠોડ પરિવારના કુળદેવી મોમાઈ માતાજીના દિવ્ય મઢનો નવનિર્માણ મહોત્સવ

**અબતક, ધ્રોલ**



ધ્રોલ ખાતે મંગળવારે મકરસંક્રાંતિ પર્વે રાઠોડ પરિવારના કુળદેવી મોમાઈ માતાજીના દિવ્ય મઢનો ભવ્ય સ્થાપના મહોત્સવ યોજાશે. જેમાં તા.૧૩-૦૧ના રોજ સાંજે ભોજન પ્રસાદ બાદ રાસ - ગરબા અને તા.૧૪-૦૧ના રોજ સવારે ઢોલ નગારાના નાદ સાથે માતાજીના સામૈયા થશે. હવન સાથે મહા પ્રસાદનું આયોજન પણ કરવામાં આવ્યું છે. વિશ્વભરમાં વસતા સનાતની હિન્દૂઓમાં આસ્થાનું કેન્દ્ર બનેલ બાબા બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રીજીએ મઢના ભવ્ય નવ નિર્માણ મહોત્સ માટે ખાસ મકરસંક્રાંતિ મુહૂર્ત નિર્ધારિત કરી આપ્યું હતું. આ શુભ પ્રસંગ દિવ્ય બની રહે તે માટે કુટુંબના સભ્યો જહેમત ઉઠાવી રહ્યા છે.

# ધોરાજી: ખેડૂતો દ્વારા ચેકડેમની દિવાલને નુકસાન કરતા ખનન માફિયા સામે આવેદન



**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**

રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકાના ખેડૂતોએ ચેકડેમની દિવાલ ને નુકસાન કરતા માફિયાઓ સામે પગલાં લેવા પ્રાંત કચેરીએ આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. ધોરાજી માં ૬૦% અને ૪૦% ના રેશીયા માં જળધારા ટ્રસ્ટ દ્વારા બનાવવામાં આવેલ ચેકડેમ બે ની દીવાલ ને નુકસાન પહોંચાડવામાં આવેલ હોય. જેથી ખેડૂતોને પિયત ભારે મુશ્કેલીઓ વેઠવાનો વારો આવે તેમ છે. તેને લઈને ધોરાજી પંથકના ખેડૂતો એકત્રિત થઈને પ્રાંત કચેરીએ આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

# માણાવદર ત્રંબકેશ્વર મંદિરની મુલાકાત લેતા કથાકાર ડો.મહાદેવપ્રસાદ મહેતા

## શિવ તાંડવના સ્રોતનો સંવાદ માતૃભાષામાં કરી સવિસ્તાર કર્યો





**અબતક, જીજ્ઞેશ પટેલ, માણાવદર**

સમર્થ લોક સંત રઘુવીર દાસ બાપુ ગુરુ રામચરણદાસજી મહારાજ સ્થાપિત ત્રંબકેશ્વર મહાદેવ મંદિરની મુલાકાતે વિશ્વવિખ્યાત કથાકાર ડોકટરેટ મહાદેવ પ્રસાદ જી મહેતા, શાસ્ત્રીજી નરેન્દ્ર ભાઈ, મામલતદાર શુક્લ , મહાનુભાવો સાથે ત્રંબકેશ્વર મહાદેવ મંદિરની મુલાકાતે આવ્યા પધાર્યા હતા. શ્રી ત્રંબકેશ્વર મહાદેવ ને જલાભિષેક કરી મંદિર પરિસરમાં દર્શન કરી આ ચેતનાની ભૂમિ છે એવી અનુભૂતિ વ્યકત કરી હતી નરેન્દ્રભાઈ શાસ્ત્રીજીએ ગુરુ મહિમા સાદી સરળ ભાષામાં સત્સંગ કર્યો હતો. આંતરરાષ્ટ્રીય કથાકાર પૂજ્ય મહાદેવ પ્રસાદ જીએ દેવ ભાષા સંસ્કૃતમાં શિવ ભક્ત રાવણ રચિત શિવ તાંડવ સ્તોત્ર નો સંવાદ સંસ્કૃતમાં અને માતૃભાષા ગુજરાતીમાં સવિસ્તાર કર્યો હતો.શ્રી ત્રંબકેશ્વર મહાદેવ મંદિર માણાવદર વતી પૂજારી શ્રી ધર્મેન્દ્રભાઈ રાવલે પૂજન અર્ચન કર્યું હતું ટ્રસ્ટી મંડળ મંડળે સાલ ઓઢાડી વિપ્ર વંદના કરી હતી. મહાદેવ મંદિર ની તસવીર અર્પણ કરી હતી.આ પ્રસંગે અગ્રણી ઉદ્યોગપતિ અને મહાદેવ મંદિરના ટ્રસ્ટી શ્રી રાજુભાઈ ઝાટકીયા, કિશોરભાઈ નનાણીયા ,મનીષભાઈ ખખ્ખર ,મહેશ ભાઈ મારડીયા,યુંવક મંડળ ના સાગર ભાઈ ધોબી, બ્રહ્મ સમાજના અગ્રણી ગૌ ઉપાસક મયૂર રાવલ ,ધર્મેન્દ્ર મહેતા, નયનભાઈ અધ્વર્યુ, શરદભાઈ રાવલ ,શાસ્ત્રી પંડ્યા, નીરવભાઈ પંડ્યા, મહેન્દ્રભાઈ મિસ્ત્રી, વ્યાપારી અગ્રણી જયેશભાઈ મશરૂ, મુન્નાભાઈ સાંગાણી, બ્રિજેશભાઈ પટેલ, કારાભાઈ મેલવાની વગેરે ઉપસ્થિત રહ્યા હતા વૈદિક સત્સંગમાં ખૂબ જ પ્રસન્નતા સભર અનુભૂતિ મહાદેવ પ્રસાદજીએ કરી હતી.

# માણાવદર કન્યાશાળાના વિદ્યાર્થીઓએ અનસુયા ગૌધામની મુલાકાત લીધી

## વિદ્યાર્થીઓને ગાયોની લાક્ષણિકતા તેમજ ફાયદા અંગે અપાયું માર્ગદર્શન

**અબતક, જીજ્ઞેશ પટેલ, માણાવદર**



આજરોજ માણાવદરની કન્યા શાળાના ધોરણ છ થી આઠ ના વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોએ માણાવદર ખાતે રેલવે સ્ટેશન રોડ ઉપર આવેલ અનસુયા ગૌધામની મુલાકાત લીધી હતી. માણાવદર ખાતે અગાઉ નવા પ્રેસ તરીકે ઓળખાતી જીનીંગ ફેક્ટરીના પાયા ચંદુભાઈ શેઠે નાખેલા અને વર્ષો પહેલા આ ફેક્ટરી ધમધમતી ત્યારબાદ ફેક્ટરી બંધ થતા આ ચંદુભાઈ શેઠના પુત્રો હિતેનભાઈ શેઠ, વિજયભાઈ શેઠ, હરેશભાઈ શેઠ દ્વારા ગીર ગાયોના સંવર્ધન માટે અનસુયા ગૌધામ બનાવવામાં આવ્યું છે.

આ ગૌધમમાં હાલ ૨૫૦ જેટલી ગીર ગાયોનું સંવર્ધન ૫૦ જેટલા કર્મચારીઓ દ્વારા કરવામાં આવી રહ્યું છે ગીરગાય મનુષ્યને દરેક રીતે ઉપયોગી છે તેમાંથી મળતા દૂધ, ઘી, છાશ અને મળમૂત્ર પણ ખૂબ ઉપયોગી છે. ઉપસ્થિત વિદ્યાર્થીઓને ગૌશાળાના ડોકટરો, શિક્ષકો સંજયભાઈ ત્રિવેદી, રાકેશભાઈ ભૂત, મિતલબેન ચપલા તેમજ સંચાલક હરેશભાઈ શેઠ દ્વારા વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી જેમાં ગીર નસલની ગાયોની લાક્ષણિકતા તેમના ફાયદા પ્લાસ્ટિકથી થતું નુકસાન અને પશુધન વિષયો મુખ્ય હતા.

બાળકોએ સમગ્ર ગૌશાળાની મુલાકાત લઈ અત્રેની ગાયો, બુલ, કબૂતરો, જાફરાબાદી ભેંસો અને કાઠીયાવાડી ઘોડા નિહાળ્યા હતા. અનસુયા ગૌધામના સંચાલક હરેશભાઈ શેઠ દ્વારા બાળકો માટે નાસ્તાનું આયોજન કરવામાં આવ્યું હતું આમ માણાવદર કન્યાશાળા વિદ્યાર્થીઓને અનસુયા ગૌધામની એક્સપોઝર વિઝીટ દ્વારા ઘણી બધી બાબતો જાણવા મળી હતી. આ તકે અનસુયા ગૌધામ વાળા હરેશભાઈ શેઠનું શિક્ષકો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

## ૧૬ દેશોના પતંગ બાજોએ રાજકોટના આકાશને રંગીન બનાવ્યું

# સંસ્કૃતિને ભૂલ્યા વિના ઉડાન ભરવાની સાંસદની શીખ

### ગ્રીસ, ઈટલી, લેબનોન, લીથુઅનિયા, પોલેન્ડ, નેધરલેન્ડ, પોર્ટુગલ, રિયુનિયન, રશિયન ફેડરેશન, સાઉથ આફ્રિકા, સ્પેન, સ્વિટ્ઝરલેન્ડ, યુનાઈટેડ કિંગડમ, યુનાઈટેડ સ્ટેટ્સ, વિયેતનામ સહિત દેશોના પંજાબ અને રાજસ્થાન સહિત વિવિધ રાજ્યોના પતંગવીરો જોડાયા

**અબતક,રાજકોટ**

રાજકોટમાં ગઈકાલે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ યોજાયો હતો. જેનો શુભારંભ સાંસદ પરશોત્તમભાઈ રૂપાલાએ કરાવ્યો હતો.આ તકે સાંસદ રૂપાલાએ જણાવ્યું હતું કે,પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના તળપદા તહેવાર ઉત્તરાયણને આંતરરાષ્ટ્રીય પતંગ ઉત્સવ સુધીની ગરિમા સુધી પહોંચાડ્યો છે. પ્રધાનમંત્રીએ યોગ, ધ્યાન, ઉત્તરાયણ જેવા આપણા સાંસ્કૃતિક પર્વોને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ અપાવી છે. તેમણે પતંગોત્સવ થકી ઉદ્યોગ, રોજગારી અને પ્રવાસનને વેગ આપ્યો છે.




આ સાથે પતંગ થકી જીવનની શીખને સમજાવતા સાંસદએ કહ્યું હતું કે, પતંગ માનવીને પોતાના મૂળ સ્રોત, પોતાની સંસ્કૃતિ સાથે જોડાયેલા રહેવાની શીખ આપે છે, તે ઉપદેશ આપે છે કે, જ્યાં સુધી આપણે મૂળ સાથે જોડાયેલા છીએ ત્યાં સુધી જ ઉડાનને પ્રાપ્ત કરી શકીએ છીએ. સંસ્કૃતિનું જોડાણ તૂટતા આપણી પતંગ કપાઈને જમીન દોસ્ત થઈ જાય છે.

આ પ્રસંગે મેયર નયનાબેન પેઢડીયાએ આગામી મકરસંક્રાંતિ પર્વની શુભકામના પાઠવી જણાવ્યું હતું કે, રંગીલા શહેર રાજકોટમાં રંગીલો પતંગોત્સવએ અભૂતપૂર્વ નજારો બની રહેશે ત્યારે જીવનમાં પણ પતંગ અવનવું શીખવી જાય છે જેમ કે, સહકાર,સંપ, કરુણા જેવા પતંગોને ચગાવી જીવનને ઉન્નત લઈ જવું અને મોહ,કામ,ક્રોધ જેવા પતંગોને કાપીને તેનાથી દૂર થવું એ ઉતરાયણ પર્વ માનવને શીખવી જાય છે.


તસવીરઃ કરન વાડોલિયા

સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી જયમીન ઠાકરે સ્વાગત પ્રવચન દ્વારા સર્વનું સ્વાગત અભિવાદન કર્યુ હતું. આર.એમ.સી. કમિશનર શ્રી તુષાર સુમેરાએ વિદેશથી પધારેલા પતંગબાજોને ભારતીય સંસ્કૃતિમાં પતંગોત્સવના મહત્વ વિશેની જાણકારી આપી હતી.

આ તકે સાંસદ રામભાઈ મોકરીયા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખશ્રી મુકેશભાઈ દોશી, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, શ્રી ડો.દર્શિતાબેન શાહ, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, દંડક મનિષભાઈ રાડીયા, સમાજ કલ્યાણ સમિતી ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા, શિક્ષણ સમિતિ ચેરમેન વિક્રમભાઈ પુજારા, પ્લાનીંગ સમિતિ ચેરમેન ચેતનભાઈ સુરેજા, શિશુ કલ્યાણ, ખાસ ગ્રાંટ સંચાલિત યોજનાઓ અને અગ્નિ શામક દળ સમિતિના ચેરમેન દિલીપભાઈ લુણાગરીયા, દક્ષાબેન વાઘેલા, અલ્પાબેન દવે, કુસુમબેન ટેકવાણી, અશ્વિનભાઈ પાંભર, મગનભાઈ સોરઠીયા, વિનુભાઈ સોરઠીયા, ડો.પ્રીતિબેન દોશી, ડો.હાર્દિક ગોહેલ, જયશ્રીબેન ચાવડા, નિલેશભાઈ જલુ, અલ્પાબેન દવે, ડો.અલ્પેશભાઈ મોરજરીયા, કંચનબેન સિધ્ધપુરા, મંજુબેન કુગશિયા, કુસુમબેન ટેકવાણી, દક્ષાબેન વાઘેલા, ચેતનભાઈ સુરેજા, રસીલાબેન સાકરીયા અને રાજકોટ મહાનગરપાલિકાના અધિકારી-કર્મચારીઓ તેમજ બહોળી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહેલ.આ પતંગ મહોત્સવમાં ગ્રીસ, ઈટલી, લેબનોન, લીથુઅનિયા, પોલેન્ડ, નેધરલેન્ડ, પોર્ટુગલ, રિયુનિયન, રશિયન ફેડરેશન, સાઉથ આફ્રિકા, સ્પેન, સ્વિટ્ઝરલેન્ડ, યુનાઈટેડ કિંગડમ, યુનાઈટેડ સ્ટેટ્સ, વિયેતનામજેવા દેશના પતંગબાજો તેમજ ભારતના પંજાબ અને રાજસ્થાન રાજ્યના પતંગબાજોએ ભાગ લીધો હતો.આ સર્વે પતંગવીરોએ ધર્મેન્દ્રસિંહજી કોલેજના ગ્રાઉન્ડમાં અવનવી, પચરંગી, થીમ આધારીત પતંગો ઉડાડી આકાશને રંગબેરંગી બનાવવામાં આવેલ.

### વિદેશી પતંગબાજો ગુજરાતી ગીતો પર મનમૂકીને ઝૂમ્યા

“ પતંગ ઉત્સવ પ્રસંગે રાજકોટ પધારેલા નેધરલેન્ડના પતંગબાજ શ્રીમાન પીટરે ગુજરાતમાં પતંગ ઉત્સવમાં પધારીને થતી હર્ષની લાગણી વ્યક્ત કરી હતી, તેમણે રાજકોટ શહેરને સુંદર જણાવી પતંગોત્સવમાં આમંત્રણ બદલ આભાર વ્યક્ત કર્યો હતો. ઉત્સવમાં વિદેશથી પધારેલા પતંગબાજો પણ ગુજરાતી ગીતો પર ઝૂમ્યા હતા. “

# ફાઈટર , સબમરીન, હેલિકોપ્ટર અને ઓટોમેટીક હથિયારો માટે ૩૧ માર્ચ સુધીમાં સરકાર રૂ.૧.૫ લાખ કરોડ ખર્ચશે..!

**અબતક, રાજકોટ**



વિશ્વની સૌથી મોટી લોકશાહી અને આર્થિક મહાસત્તા બનવા તરફ ડગ માંડી રહેલ ભારત સરક્ષણ ક્ષેત્રે પણ વધુ સક્ષમ બનવા મક્કમ પગલે આગળ વધી રહ્યું છે ,ભારત૩૧ માર્ચ પહેલા ૧.૫ લાખકરોડના સંરક્ષણ કરાર માટે સજજ બન્યું છે, ફાઈટર સબમરીન હેલિકોપ્ટર અને ઓટોમેટીક હથિયારો માટે ૩૧ માર્ચ સુધીમાં સરકાર ૧.૫ લાખકરોડ રૂપિયાનો ખર્ચ કરશે.

૩૧ માર્ચ પહેલા ભારત સરક્ષણ વિભાગ દ્વારા ૨૬ રાફેલ, ફાઈટર હેલિકોપ્ટર સબમરીન અને હેવી રેન્જ લાઈટ વેટબંધુક માટે ચાર મોટા કરાર કરશે ફ્રાન્સ સાથે ૬૩૦૦૦ કરોડ નો શોદો થશે જે આઈએનએસ વિક્રાંત ને ફાઈટર વિમાનોથી સજ કરશે.

આ કરારમાં સિંગલ સીટ મેરી ટાઈમ જેટ, ટવિન સીટ ટ્રેનર વિમાન હથિયારો સીમ્યુલેટર ૩૬ રાફેલ નું શોદો થશે વડાપ્રધાન ની આગેવાનીમાં કેબિનેટ કમિટી સિકયુરિટી દ્વારા તેને મંજૂરીની મહોર લાગી ગઈ છે, ફ્રાન્સ સાથે સ્કોર્પિયન ડીઝલ ઈલેક્ટ્રીક સબમરીન માટે ૩૮૦૦૦ કરોડ ફાળવાયા છે ૧૫૦હેલિકોપ્ટર ,ત્રણ નવી બોટ ૫૩હજાર કરોડ મા પ્રચંડ લાઈટ હેલિકોપ્ટર વસાવાસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૧૧અને ૧૨ ફેબ્રુઆરીએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન મીટમાં ફ્રાન્સ જઈ રહ્યા છે તે પૂર્વે ૩૧ માર્ચ પહેલા ૧.૫લાખ કરોડ ના ખર્ચે સૈન્યને આધુનિક હથિયારોથી સજ બનાવવા ના ચક્રોગતિમાન થઈ ચૂક્યા છે.

# પીજી મેડિકલના ત્રીજા રાઉન્ડમાં ૨૮૧ સીટો માટે ૫૨૪ રજીસ્ટ્રેશનઃ પ્રવેશ મુદત ૧૮ ફેબ્રુઆરી સુધી લંબાવાઈ

### ૧૮મીથી ૨૮મી જાન્યુઆરી સુધી સ્ટેટ ક્વોટાની બેઠકો માટે કાર્યવાહી કરવામાં આવશે

**અબતક, રાજકોટ**

પોસ્ટ ગ્રેજ્યુએશન મેડિકલમાં પ્રવેશ માટે બે રાઉન્ડ પૂરા થયા બાદ પ્રવેશની લાયકાતમાં ઘટાડો કરવાની જાહેરાત કરીને નવેસરથી રજિસ્ટ્રેશન શરૂ કરાવવામાં આવ્યું હતુ. હાલમાં રજિસ્ટ્રેશનની પ્રક્રિયા પૂર્ણ થતાં ઓલ ઈન્ડિયા ક્વોટા અને સ્ટેટ ક્વોટાની બેઠકો માટે ત્રીજા રાઉન્ડની જાહેરાત કરી દેવામાં આવી છે. ૧૮મીથી ૨૮મી જાન્યુઆરી સુધી સ્ટેટ ક્વોટાની બેઠકો માટે કાર્યવાહી કરવામાં આવશે. લાયકાતમાં ઘટાડો કર્યા બાદ પ્રવેશ પૂર્ણ કરવાની મુદત કે જે અગાઉ ૫ ફેબ્રુઆરી હતી તે વધારીને ૨૦મી ફેબ્રુઆરી કરી દેવામાં આવી છે. સ્ટેટ ક્વોટાની ૨૮૧ બેઠકોની સામે ૫૨૪ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે.પોસ્ટ ગ્રેજ્યુએશન મેડિકલ-એમ.ડી. અને એમ.એસ.માં પ્રવેશ માટે બે રાઉન્ડ પૂરા કર્યા બાદ સ્ટેટ ક્વોટમાં ૨૮૨ બેઠકો ખાલી પડી હતી. આજ રીતે ઓલ ઈન્ડિયા ક્વોટામાં પણ મોટી સંખ્યામાં બેઠકો ખાલી પડી હતી. આ સ્થિતિમાં પીજી મેડિકલમાં પ્રવેશ માટેની લાયકાત નીટ પીજી કે જે અગાઉ ૫૦ પર્સન્ટાઈલ હતી તે ઘટાડીને ૧૫ ટકા કરવાની જાહેરાત કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવી હતી. પ્રવેશની લાયકાતમાં ઘટાડો કર્યા બાદ નવેસરથી રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. હાલમાં રાજયની ખાલી પડેલી ૨૮૧ બેઠકોની સામે ૫૨૬ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. મહત્વની વાત કે, ખાલી પડેલી ૨૮૧ બેઠકો પૈકી ૬૯ બેઠકો એવી છે કે જે વિદ્યાર્થીઓને સીધી ઓફર કરવામાં આવશે. કારણ કે આ બેઠકો અગાઉ તમામને ઓફર થઈ ચુકી છે. બાકીની બેઠક પર અગાઉ ચોઈસ આપી હોય તેવા ઉમેદવારો પણ નવેસરથી પ્રયાસ કરી શકશે. ઓલ ઈન્ડિયા ક્વોટાની બેઠકો માટે ત્રીજો રાઉન્ડ ૨૬ ડિસેમ્બરથી ૧૮મી જાન્યુઆરી વચ્ચે શરૂ કરી દેવામાં આવ્યો છે. જેના આધારે સ્ટેટ ક્વોટાની બેઠકો માટે ૧૮મી જાન્યુઆરીથી ૨૮મી જાન્યુઆરી વચ્ચે ત્રીજો રાઉન્ડ કરવામાં આવશે. ઓલ ઈન્ડિયા ક્વોટાની બેઠકો પર પ્રવેશ લેતાં વિદ્યાર્થીઓએ ૨૫મી જાન્યુઆરી સુધીમાં પ્રવેશ કન્ફર્મ કરવાનો રહેશે અને સ્ટેટ ક્વોટાની બેઠકો પર પ્રવેશ લેતાં વિદ્યાર્થીઓએ ૩ ફેબ્રુઆરી સુધીમાં પ્રવેશ કન્ફર્મ કરાવવાનો રહેશે. ત્રીજા રાઉન્ડ પછી પણ બેઠકો ખાલી પડશે તો ઓલ ઈન્ડિયા ક્વોટાની બેઠકો માટે ૩ ફેબ્રુઆરીથી ૮મી ફેબ્રુઆરી અને સ્ટેટ ક્વોટાની બેઠક માટે ૬ ફેબ્રુઆરીથી ૧૫મી ફેબ્રુઆરી વચ્ચે કાર્યવાહી કરવામાં આવશે. પ્રવેશની લાયકાત ઘટાડવામાં આવ્યા બાદ પ્રવેશની પૂર્ણ કરવાની સમયમર્યાદા પણ ૨૦મી ફેબ્રુઆરી કરી દેવામાં આવી છે.

# ગોંડલમાં માંધાતા દેવના પ્રાગટ્ય દિવસ નિમિતે કાલે શોભાયાત્રા

### ‘અબતક’ની શુભેચ્છા મુલાકાતમાં માંધાતા ગ્રુપના સભ્યોએ આપી માહિતી

**અબતક, રાજકોટ**

મકરસંક્રાંતિના દિવસે કોળી સમાજના ઈષ્ટદેવ શ્રી માંધાતા દેવનો પ્રાગટ્ય દિવસ નિમિતે ભવ્ય શોભાયાત્રાનું ગોંડલ કોળી સમાજનાં ઈષ્ટદેવ શ્રી માંધાતા મહારાજની જન્મજયંતી નિમિતે કોળી સેના તથા શ્રી માંધાતા ગ્રુપ ગુજરાતનાં સંયુક્ત ઉપક્રમે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવેલ છે તથા શોભાયાત્રા પૂર્ણ થયા બાદ જ્ઞાતિ ભોજનનું આયોજન કરવામાં આવેલ છે. શ્રી માંધાતા ગ્રુપ ગુજરાતનાં સ્થાપક ભુપતભાઈ ડાભીનાં માર્ગદર્શનથી સતત ૧૭માં વર્ષે શોભાચાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.


તસવીરઃ શૈલેષ વાડોલિયા

‘અબતક’ની શુભેચ્છા મુલાકાતમાં મહેશ કોલીએ જણાવ્યું હતું કે આ શોભાયાત્રામાં ગોંડલ શહેર તથા તાલુકાના તમામ ઘર દિઠ સવા મુઠી ખીચડી એકત્ર કરી મહા પ્રસાદ બનાવવામાં આવે છે અને જ્ઞાતી ભોજનમાં પીરસવામાં આવે છે, આ શોભાયાત્રામાં ૧૫ હજારથી વધુ ભાઈઓ, બહેનો જોડાશે. શોભાયાત્રામાં શ્રી માંધાતા, શ્રી વેલનાથ, જલકારી બાઈ, વિર તાનાજી વગેરેનાં જીવન ચરિત્રો રજુ કરવામાં આવશે. આ શોભાયાત્રામાં ગોંડલ સહિત સમગ્ર ગુજરાત ભરમાંથી જ્ઞાતિજનો ઉપસ્થિત રહેશે.

કાર્યક્રમમાં રૂષીભારતીબાપુ-સરખેજ અમદાવાદ, દિવ્યપુરૂષ સ્વામી-અક્ષર મંદિર, હરીબાપુ-સતરંથ જગ્યા, સીતારામબાપુ, રામદાસબાપુ, વાલજી ભગત સહિતનાં ઉપસ્થિત રહેશે, કાર્યક્રમનાં અધ્યક્ષ તરીકે કુંવરજીભાઈ બાવળીયા-કેબીનેટ મંત્રી, મુખ્ય અતિથિ તરીકે નિમુબેન બાંભણીયા-કેન્દ્રીય મંત્રી, પરસોતમભાઈ સોલંકી, મંત્રી ગુજરાત, મુખ્ય મહેમાન તરીકે દિવ્યેશભાઈ સોલંકી, ભારતીબેન શીયાળ, આર.સી. મકવાણા તથા ધારાસભ્યઓ હિરાભાઈ સોલંકી-રાજુલા, કાળુભાઈ ડાભી-ધોળકા, દેવાભાઈ માલમ-કેશોદ, કાળુભાઈ રાઠોડ-ઉના, ભગવાનજીભાઈ કરગટીયા-માંગરોળ, શિવાભાઈ ગોહેલ-મહુવા તથા રમાબેન મકવાણા, વિનોદભાઈ નાગાણી, આનંદભાઈ ડાભી, ચંદુભાઈ ડાભી સહિતનાં મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

તેમજ વિશેષ મહેમાન તરીકે મનસુખભાઈ માંડવીયા-કેન્દ્રીય મંત્રી, ગીતાબા જાડેજા-ધારાસભ્ય, ગોંડલ, પરસોતમભાઈ રૂપાલા-સાંસદ, રાજકોટ, રમેશભાઈ ધડુક, અલ્પેશભાઈ ઢોલરીયા, ચેતનભાઈ રામાણી સહિતનાં મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

શોભાયાત્રા : તા.૧૪-૧-૨૫, મંગળવાર, સવારે ૭-૦૦ કલાકે તેમજ જ્ઞાતિ ભોજન : તા.૧૪-૧-૨૫, મંગળવાર, બપોરે ૧૧-૩૦ કલાકે.માંધાતા પાર્ટી પ્લોટ ગોંડલથી ઘોઘાવદર તોક, પટેલ વાડી, હોસ્પિટલ ચોક, માંધાતા સર્કલ, માંડવી ચોક, આંબેડકર ચોક, જેલ ચોક, પાંજરાપોળથી માંધાતા પાર્ટી પ્લોટ ખાતે પૂર્ણ થશે.

સમગ્ર આયોજનને સફળ બનાવવા શ્રી માંધાતા ઉત્સવ સમિતિનાં પ્રમુખ હિરેન ડાભી, મહેશજી કોલી, વિજય ગોહેલ, પરેશ મકવાણા, રમેશભાઈ મકવાણા, સોમાભાઈ સદાદીયા, અશોકભાઈ ગોહેલ, રઘુભાઈ મેટાળીયા, પુનાભાઈ સાકરીયા તેમજ ગોંડલ શહેર તાલુકાના અનેક કાર્યકરો જહેમત ઉઠાવી રહ્યા છે.

‘અબતક’ની શુભેચ્છા મુલાકાતમાં હિરેનભાઈ ડાભી, મહેશભાઈ કોલી, વિનોદભાઈ નાગાણી, રેખાબેન મકવાણા, પુનાભાઈ સાકરીયા, રઘુભાઈ પાટીડીયા, પરેશભાઈ મકવાણા, વિજયભાઈ ગોહેલ, રવિભાઈ પરમાર, રઘુભાઈ ડાભી, અજયભાઈ ડાભી અને વિજયભાઈ વાવડીયા ઉપસ્થિત રહ્યા હતા.

# આઈપીએલ ૧૪ માર્ચને બદલે ૨૩ માર્ચથી શરૂ થશે

**અબતક, મુંબઈ**

ઈન્ડિયન પ્રીમિયર લીગના ચાહકો માટે સારા સમાચાર છે.બીસીસીઆઈ ઉપાધ્યક્ષ રાજીવ શુક્લાએ આઈપીએલ ૨૦૨૫ની સિઝનની તારીખ જાહેર કરી દીધી છે. આ વખતે આઈપીએલની શરૂઆત ૨૩ માર્ચથી થશે. આ જાહેરાત રવિવારે બીસીસીઆઈની સ્પેશિયલ જનરલ મીટિંગ બાદ કરવામાં આવી હતી. રાજીવ શુક્લાએ મીડિયા સાથે વાતચીત દરમિયાન જણાવ્યું હતું કે મીટિંગમાં મુખ્ય મુદ્દો ટ્રેઝરર અને સેક્રેટરીની પસંદગીનો હતો. આ ઉપરાંત, આઈપીએલ કમિશનરની નિમણૂક પણ એક વર્ષ માટે કરવામાં આવી છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે આઈપીએલ ૨૦૨૫ની શરૂઆત ૨૩ માર્ચથી થશે, જોકે કઈ ટીમો વચ્ચે પ્રથમ મેચ રમાશે તે હજુ નક્કી નથી. મહિલા પ્રીમિયર લીગના સ્થળો પણ નક્કી કરવામાં આવ્યા છે, જેની જાહેરાત ટૂંક સમયમાં કરવામાં આવશે.ગત વર્ષે આઈપીએલની શરૂઆત ૨૨ માર્ચે થઈ હતી, જેમાં પ્રથમ મેચ આરસીબી અને સીએસકે વચ્ચે રમાઈ હતી. ફાઈનલ મેચ ૨૬ મેના રોજ કેકેઆર અને હૈદરાબાદ વચ્ચે રમાઈ હતી, જેમાં કેકેઆર વિજેતા બની હતી. આ વખતે ફાઈનલ મેચ કેકેઆરના હોમ ગ્રાઉન્ડ ઈડન ગાર્ડન્સ સ્ટેડિયમમાં રમાઈ શકે છે.





# આઈપીએલ - ૨૦૨૫ઃ પંજાબનો નવો “કીંગ” અય્યર!!!

### શ્રેયસ અય્યરને આઈપીએલ મેગા ઓકશનમાં પંજાબ કિંગ્સે ૨૬.૭૫ કરોડ રૂપિયામાં ખરીધો હતો

**અબતક, નવી દિલ્હી**

પંજાબ કિંગ્સે શ્રેયસ અય્યરને તેના નવા કેપ્ટન તરીકે નિયુકત કર્યા છે. ડિસેમ્બર ૨૦૨૪માં ઓકશનમાં ફ્રેન્ચાઈઝી દ્વારા સામેલ કરવા આવેલ બેટ્સમેન શ્રેયસ અય્યર અને હેડ કોચ રિકી પોન્ટિંગ ફરીથી હાથ મિલાવશે. અય્યર અને પોન્ટિંગ અગાઉ દિલ્હી કેપિટલ્સમાં સાથે કામ કરી ચૂકયા છે. પંજાબ કિંગ્સે સલમાન ખાનના ટીવી શો બિગ બોસમાં તેમના કેપ્ટનના નામની જાહેરાત કરી હતી.



શ્રેયસ અય્યરને આઈપીએલ મેગા ઓકશનમાં પંજાબ કિંગ્સે ૨૬.૭૫ કરોડ રૂપિયામાં ખરીધો હતો. ૨૦૨૪ અય્યર માટે શાનદાર વર્ષ રહ્યું છે. અય્યર મુંબઈની ટીમનો ભાગ હતો. જેમાં રણજી અને ઈરાની ટ્રોફી જીતાવી હતી. અય્યર આઈપીએલ ૨૦૨૪માં કોલકાતા નાઈટ રાઈડર્સની કેપ્ટન્સી કરી હતી. તેમની કેપ્ટન્સીમાં કોલકાતાની ટીમ ચેમ્પિયન બની હતી. તાજેતરમાં તેમના નેતૃત્વ હેઠળ મુંબઈએ તેની બીજી સૈયદ મુશ્તાક અલી ટ્રોફી જીતી છે. ૩૦ વર્ષીય શ્રેયસ અય્યરે પંજાબ કિંગ્સ મેનેજમેન્ટ પ્રત્યે આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે, “હું સન્માનિત છું કે ટીમે મારામાં વિશ્વાસ વ્યક્ત કર્યો છે. હું કોચ પોન્ટિંગ સાથે ફરી કામ કરવા આતુર છું. ટીમ મજબૂત દેખાય રહી છે, જેમાં ક્ષમતા અને પ્રદર્શન કરનાર ખેલાડીઓનું શાનદાર મિશ્રણ છે. હું આશા રાખું છું કે હું મેનેજમેન્ટ દ્વારા દર્શાવેલ વિશ્વાસને પૂરો કરવા માટે મારી પ્રથમ ટ્રોફી હાસિલ કરીશ.“

# કપિલના માથામાં ગોળી ધરબી દેવી’તી!!!

### કપિલદેવને ગોળી મારવા માંગતા હતા યુવરાજ સિંહના પિતા, કહ્યું- પિસ્તોલ લઈને તેના ઘરે ગયેલો

**અબતક, નવી દિલ્હી**

ભૂતપૂર્વ ઑલરાઉન્ડર યુવરાજ સિંહના પપ્પા યોગરાજ સિંહ ફરી એક વાર વિવાદિત નિવેદનને કારણે ચર્ચામાં આવ્યા છે. તેમનો એક ઈન્ટરવ્યુ સોશ્યલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે જેમાં તેમણે પોતાના સાથી પ્લેયર કપિલ દેવ વિશે ચોંકાવનારાં નિવેદન આપ્યાં છે. ભૂતપૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીને યુવરાજની કરીઅરને ખતમ કરવા માટે જવાબદાર માનતા યોગરાજ સિંહે આ ઈન્ટરવ્યુમાં ધોનીને ખૂબ જ પ્રેરક કેપ્ટન ગણાવ્યો હતો. ૬૬ વર્ષના આ ભૂતપૂર્વ ક્રિકેટર કહે છે કે ‘જ્યારે કપિલ દેવ નોર્થ ઝોન અને ભારતનો કેપ્ટન બન્યો ત્યારે તેણે મને કોઈ કારણ વગર ટીમમાંથી કાઢી મૂક્યો હતો. મારી પત્ની ઈચ્છતી હતી કે હું કપિલ પાસે એનું કારણ જાણું. મેં તેને કહ્યું કે હું આ માણસને પાઠ ભણાવીશ. મેં મારી પિસ્ટલ કાઢી અને સેક્ટર-નાઈનમાં કપિલના ઘરે ગયો. તે તેનાં મમ્મી સાથે બહાર આવ્યો. મેં તેને ખૂબ ગાળો આપી અને કહ્યું, તારા કારણે મેં એક મિત્ર ગુમાવ્યો છે. તે જે કર્યું છે એની કિંમત તારે ચૂકવવી પડશે. હું તારા માથામાં ગોળી મારવા માગું છું, પણ હું એવું નથી કરી રહ્યો, કારણ કે તારી મમ્મી, જે અહીં ઊભી છે. તેઓ ખૂબ જ સારી વ્યક્તિ છે. આ એ ઘટના હતી જ્યારે મેં નક્કી કર્યું કે હું ક્રિકેટ નહીં રમું, યુવી રમશે. ૧૯૮૦-’૮૧માં ભારત માટે એક ટેસ્ટ-મેચ અને ૬ વન-ડે મેચ રમનાર યોગરાજ સિંહ આગળ કહે છે ‘૨૦૧૧માં જ્યારે ભારતે વર્લ્ડ કપ જીત્યો ત્યારે ફક્ત એક જ શખસ રડી રહ્યો હતો અને તે કપિલ દેવ હતો. મેં તેને પેપર-કટિંગ મોકલ્યું હતું કે મારા દીકરાએ વર્લ્ડ કપમાં તારા કરતાં સારું પ્રદર્શન કર્યું. કપિલે મારી માફી માગીને વૉટ્સઍપ પર મેસેજ મોકલ્યો કે આપણે આવતા જન્મમાં ભાઈઓ રહીશું. આવતા જન્મમાં આપણે એક જ માતાના પેટે જન્મીશું. તે મને મળવા માગતો હતો.



એ કાયપો છે...ના ગગન ભેદી નાદથી અગાસી સતત ગુંજતી રહેશે...

# કાલે ઉત્તરાયણ: આકાશમાં પતંગોનું ઈન્દ્રધનુષ રચાશે

## ઉંધીયુ, પુરી, ચીકી, શેરડી, જીંજરાની જામશે જયાફત: અગાસીઓ પર પતંગ યુધ્ધ ખેલાશે: દાન પૂણ્ય કરી લોકો પૂણ્યના ભાથા બાંધશે: કાલથી કમુરતા ઉતરતાની સાથે જ ફરી લગ્નસરાની સિઝન ખૂલશે

**અબતક, રાજકોટ**

ગુજરાત સહિત દેશભરમાં આવતીકાલે પતંગોનાં મહાપર્વ ઉત્તરાયણની ઉજવણી કરવામાં આવશે આકાશમાં રંગ બે રંગી પતંગોનું ઈન્દ્રધનુષ રચાશે દાન-પૂણ્ય કરી લોકો પૂણ્યના ભાથા બાંધશે કાલથી ધનારક કમુરતા ઉતરી જતા ફરી લગ્નસરાની સિઝન ખૂલશે કાલે પવનની ગતી પણ સરી રહે તેવી આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી હોય પતંગ રસીકોને મોજડી પડે છે.

ગુજરાતમાં વર્ષ દરમિયાન ચાર તહેવારોની શાનદાર ઉજવણી કરવામાં આવે છે. જેમાં ઉતરાયણ, હોળી-ધુળેટી, સાતમ-આઠમ અને દિવાળીનો સમાવેશ થાય છે. પતંગના માપર્વએ ગુજરાતને એક અલગ જ ઓળખ અપાવી છે. આવતીકાલે આખો દિવસ લોકો અગાસી પર ધામા નાખશે. એ કાપ્યો છે લપેટ, જેવા ગગન ચુંબી નાદથી અગાસી સતત ગુંજતી રહેશે. અગાસી પર મ્યુઝીક સિસ્ટમ સાથે દિનભર



તસવીર: શૈલેષ વાડોલિયા



સંગીતની પણ મોજ માણશે. રાજયના અમદાવાદ સહિતના શહેરોમાં ઉતરાયણ બાદ બીજા દિવસે વાસી ઉતરાયણની પણ ઉજવણી કરવામાં આવતી હોય છે.

લોકો ઉંધીયુ, પુરી, જલેબી, ચીકી, જીંજરા અને શેરડીની જયાફત ઉઠાવશે અમુક મોટી સોસાયટીઓ સવારે નાસ્તાથી માંડી રાત્રી ભોજન સુધીના સામુહિક આયોજનો કરવામાં આવતા હોય છે. ગુજરાતીઓ એક પણ તહેવારની ઉજવણી કરવામાં પાછીપાની કરતા નથી ઉતરાયણના દિવસે દાન પૂણ્ય કરવાનું ખૂબજ મહાત્મ્ય હોય છે. કાલે લોકો ઉદાર હાથે દાન કરી પૂણ્યનું ભાથુ બાંધશે એક જ દિવસમાં ત્રણ-ત્રણ તહેવારોની ઉજવણી થશે આખો દિવસ પતંગ ઉડાડયા બાદ સૂર્યાસ્ત બાદ લોકો અગાસી પર જ ગરબે ધૂમી મોજ માણશે ત્યારબાદ ફટાકડા પણ ફોડશે.

આવતીકાલે મંગળવારે સવારે ૮.૫૪ કલાકે સૂર્યગ્રહનો ધનરાશીમાંથી (અનુ. આઠમા પાને)

આજે રાત્રે જ અમદાવાદ આવી જશે

# શહેન "શાહ" કાલથી ત્રણ દિવસ ગુજરાતમાં: કોનો "પતંગ" ચગશે??

## કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ પરિવાર સાથે ઉત્તરાયણ પર્વની કરશે ઉજવણી: બુધવારે જિલ્લા અને મહાનગરોના પ્રમુખોના નામ જાહેર કરાય તેવી સંભાવના

**અબતક, રાજકોટ**

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહ આવતીકાલથી ત્રણ દિવસ માટે માદરે વતન ગુજરાતમાં ધામા નાંખશે. આજે મોડી રાતે તેઓનું અમદાવાદ એરપોર્ટ ખાતે આગમન થઈ જશે. આવતીકાલે અમિતભાઈ તેઓ મેમનગર શાંતિ નિકેતન સોસાયટી ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે પતંગ ઉડાડવાનો આનંદ ઉઠાવશે. આ ઉપરાંત થલતેજ ખાતે કાર્યકર્તાઓના નિવાસસ્થાને ઉત્તરાયણ પર્વની ઉજવણી કરશે અને પતંગ ચગાવશે. ઘાટલોડિયામાં પોલીસ સ્ટેશન અને આવાસ સહિતના વિવિધ વિકાસ કામોના કાર્યક્રમમાં સહભાગી થશે. કાલે સાંજે ન્યૂ રાણીપમાં આર્ય વિલા ફ્લેટ અને સાબરમતીમાં અર્હમ ફ્લેટ ખાતે ઉત્તરાયણની ઉજવણીમાં સામેલ થશે. દરમિયાન બુધવારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ કલોલના માણસા ખાતે સરકારી કાર્યક્રમમાં હાજરી આપશે. જ્યારે ૧૬મીએ ગુરૂવારના રોજ વડનગર ખાતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ બાળપણમાં જે સ્કુલમાં અભ્યાસ કર્યો હતો તે પ્રેરણા સંકુલનું ઉદ્ઘાટન પણ કરશે. ભાજપ દ્વારા હાલ ગુજરાતમાં સંગઠન પર્વ ચાલી રહ્યું છે. જે અંતર્ગત સંગઠન રચનાની કામગીરી ચાલી રહી છે. બુથ સમિતિની રચના કરાયા બાદ મંડલ પ્રમુખોની પણ જાહેરાત કરી દેવામાં આવી છે. જ્યારે જિલ્લા અને મહાનગરોના પ્રમુખો માટે ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા આટોપી લેવામાં આવી છે. ૧૦મી જાન્યુઆરી સુધીમાં જિલ્લા અને મહાનગરોના પ્રમુખના નામ જાહેર કરી દેવામાં આવશે. તેવી ઘોષણા કરવામાં આવી હતી. પરંતુ ઉમેદવારી ફોર્મ ભરાયા બાદ રાજકોટ શહેર સહિત રાજ્યભરમાં અનેક સ્થળોએ વિવાદ ફાટી નિકળતા મામલો દિલ્હી દરબાર સુધી પહોંચી ગયો છે. જેના કારણે અધ્યક્ષોના નામ જાહેર થઈ શક્યા નથી. પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલે તમામ જિલ્લા-મહાનગરોના પ્રમુખના નામો ફાઈનલ કરી લીધા હોવાનું અને નામ અમિત શાહ સમક્ષ રજૂ કરી દીધા હોવાનું ચર્ચાય રહ્યું છે. કાલથી અમિતભાઈ ત્રણ દિવસ માટે ગુજરાતની મુલાકાતે આવી રહ્યા હોય શાહ-પાટીલ સાથે બેસી પ્રમુખોના નામોને મહોર મારી દેશે. સંભવતઃ બુધવારે રાત્રિ સુધીમાં જિલ્લા-મહાનગરોના પ્રમુખોના નામ જાહેર કરી દેવામાં આવે તેવું હાલ દેખાય રહ્યું છે. કમુરતા ઉતરતાની સાથે જ રાજ્ય સરકારના મંત્રી મંડળના વિસ્તરણની સંભાવના પણ દેખાય રહી છે ત્યારે ગુજરાતની ત્રણ દિવસની મૂલાકાત દરમિયાન અમિતભાઈ મંત્રી મંડળમાંથી કોને પડતા મુકવા અને કોનો સમાવેશ કરવા તે અંગે પણ નિર્ણય લઈ લ્યે તેવી શક્યતા પણ નકારી શકાતી નથી.



# ત્રણ કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરી દેવાથી લેટરકાંડનો વિવાદ ઠરી જશે?

## એલસીબીના કિશન આસોદરિયા, વરજાંગ મુળાસિયા અને હીના મેવાડાને પાણીચું આપતાં જિલ્લા પોલીસ વડા સંજય ખરાત



**અબતક, રાજકોટ**

અમરેલી લેટરકકાંડ મામલે મોટા સમાચાર સામે આવ્યા છે. પાયલ ગોટીનું સરઘસ કાઢવા મામલે જિલ્લા પોલીસ વડા સંજય ખરાતની મોટી કાર્યવાહી સામે આવી છે. એલસીબીમાં ફરજ બજાવતા ત્રણ પોલીસકર્મીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ફરજમાં નિષ્કાળજી બદલ એસપીએ આ કાર્યવાહી કરી છે. કિશન આસોદરિયા, વરજાંગ મુળાસિયા અને મહિલા પોલીસકર્મી હીના મેવાડા સસ્પેન્ડ કરવામાં આવ્યા છે પરંતુ મોટો સવાલ એ છે કે, શું ત્રણ કોન્સ્ટેબલને પાણીચું આપી દેવાથી લેટરકાંડ વિવાદ ઠરી જશે? અમરેલીમાં બંધનું એલાન આપ્યા બાદ આજે પરેશ ધાનાણીએ સુરત ખાતે પણ આંદોલનના ભાગરૂપે બંધનું એલાન આપ્યું છે.

અમરેલીમાં તાલુકા પંચાયત પ્રમુખ કિશોર કાનપરિયાના નામવાળો નકલી લેટરપેડ સોશિયલ મીડિયામાં વાઈરલ કરવાના મામલે કાનપરિયાએ પોલીસમાં ફરિયાદ કરી હતી. જે કેસમાં પોલીસે ભાજપના પૂર્વ હોદ્દેદાર અને એક યુવતી સહિત ૪ કાર્યકરોની ધરપકડ કરી હતી. પરંતુ વિવાદ ત્યારે વકર્યો જ્યારે પોલીસે કથિત લેટરકાંડમાં ધરપકડ કરાયેલી અને ટાઈપિસ્ટનું કામ કરતી પાટીદારની યુવતીનું સરઘસ કાઢ્યું. જેમાં રાજ્યના નેતાઓથી લઈને પાટીદાર સમાજના અગ્રણીઓએ પાયલ ગોટીના સમર્થનમાં આવી ધરણાથી માંડી વિરોધ પ્રદર્શન દ્વારા ન્યાયની માગ કરી હતી.

### શું છે ઘટનાક્રમ ?

કૌશિક વેકરીયા સામે આક્ષેપ કરતો પત્ર વાયરલ થયો હતો. જેમાં કૌશિક વેકરીયા પોલીસ પાસેથી ૪૦ લાખનો હપ્તો લેતા હોવાનો પત્રમાં આરોપ હતો. કોંગ્રેસના નેતાઓને મહત્વ આપતા હોવાનો પણ ઉલ્લેખ હતો. ત્યારે અમરેલી તાલુકા પંચાયતના પ્રમુખના નામે પત્ર વાયરલ થયો હતો. પત્ર પોતે ન લખ્યો હોવાનો અમરેલી તાલુકા પંચાયતના પ્રમુખે ખુલાસો કર્યા બાદ કિશોર કાનપરીયાના ખુલાસા પછી પોલીસે તપાસ હાથ ધરી હતી. જેમાં યુવતી અને ભાજપ નેતા સહિત પોલીસે ૪ની ધરપકડ કરવામાં આવી હતી. ભાજપ નેતા મયુર વઘાસીયા મુખ્ય આરોપી હતો. ત્યારે યુવતીની અડધી રાત્રે ધરપકડ કરાઈ હતી. ટાઈપિંગનું કામ કરતી યુવતીએ માત્ર પત્ર ટાઈપ કર્યો હતો. કામના ભાગરૂપે ટાયપિંગ કરનાર યુવતીને પોલીસે આરોપી બનાવીને રિકન્સ્ટ્રક્શનના નામે યુવતી સહિત ચારેય આરોપીનું સરઘસ કાઢ્યું હતું. આ ઘટનામાં યુવતીનું સરઘસ નીકળતા કોંગ્રેસ નેતાઓએ વિરોધ ઉઠાવ્યો હતો. પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દૂધાતે મુખ્યમંત્રીને પત્ર લખ્યો હતો. જેમાં રિકન્સ્ટ્રકશનના નામે દીકરીના સરઘસને અયોગ્ય ગણાવ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર અમરેલી જિલ્લા લેટરકાંડમાં લોકલ ક્રાઈમ બ્રાન્ચમાં ફરજ બજાવતા ત્રણ પોલીસ કર્મચારી કિશનભાઈ આસોદરિયા, વરજાંગભાઈ મુળાસિયા અને મહિલા પોલીસકર્મી હીના મેવાડાને સસ્પેન્ડ કરાયા છે. તેમની સામે જિલ્લા પોલીસવડા દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી છે. તેમની ફરજ દરમિયાન બેદરકારી અને નિષ્કાળજી બદલ જિલ્લા પોલીસવડા દ્વારા કડક કાર્યવાહી કરી છે.

પાયલ ગોટી મામલે એસઆઈટીની પણ રચના કરવામાં આવી હતી. જેમાં સિનિયર અધિકારીઓનો તેમાં સમાવેશ થયો હતો. બે મહિલા અધિકારીનો પણ સમાવેશ (અનુ. આઠમા પાને)






# વળાંકો નિવારી-રોડ પહોળા કરી માર્ગ અકસ્માત ઘટાડવા સરકાર હરકતમાં

## અકસ્માતો ઘટાડવા રોડ સેફ્ટીની કામગીરી માટે રૂ.૧૮૮ કરોડ ફાળવાયા

**અબતક, રાજકોટ**

રાજયમાં અકસ્માતોનું પ્રમાણ દિન -પ્રતિદિન વધી રહ્યું છે. રાજયનાં સંભાવનાગ્રસ્ત માર્ગો પર સેફ્ટી કામગીરી માટે રૂ.૧૮૮ કરોડની ફાળવણી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા કરવામાં આવી છે. અકસ્માતોનું પ્રમાણ ઘટાડવા રાજય સરકાર દ્વારા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં માર્ગ સલામતી રોડ સેફ્ટી માટે જનહિતકારી નિર્ણય કર્યો છે.

તેમણે રાજ્યના માર્ગો પર ની રોડ સેફ્ટી સંલગ્ન વિવિધ કામગીરી માટે માર્ગ મકાન વિભાગને રૂ઼મ. ૧૮૮ કરોડના કામો હાથ ધરવા મંજુરી આપી છે.

મુખ્યમંત્રીએ માર્ગો પર અકસ્માતોની સંખ્યા ઘટે અને વાહન ચાલકો માટે માર્ગ સલામતી વધે તેવો જનહિત અભિગમ અપનાવ્યો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે એવા હયાત માર્ગો જ્યાં વધુ અકસ્માત થવાની સંભાવના હોય ત્યાં જરૂરી સુધારણાની કામગીરી માટે રૂ઼મ. ૧૦૦.૫૩ કરોડ મંજુર કર્યા છે.

તદનુસાર ,વળાંક સુધારણા, ક્રેશ બેરિયર, સ્પોટ વાઈડનિંગ , તથા રોડ ફર્નિચર વગેરે કામગીરી ના કુલ ૮૦ કામો ૩૨૮.૭૩ કિલોમીટર લંબાઈના માર્ગો પર હાથ ધરવા માટે આ રકમ ફાળવવામાં આવી છે.

મુખ્યમંત્રીએ આ ઉપરાંત રાજ્યના માર્ગ મકાન વિભાગ હસ્તકના ફોર લેન અને સિક્સ લેન રોડ પર એન્ટીગ્લેર (અનુ. આઠમા પાને)

ધ ગ્રાન્ડ
ઠાકર
મલ્ટી કયુઝિન રેસ્ટોરન્ટ
ગુજરાતી થાળી
શિયાળામાં તથા મકરસંક્રાંતિ નિમિત્તે
રજવાડી ઊંધિયુ
જામુબેલી બાગ સામે, જવાહર રોડ, રાજકોટ.
વેઈટીંગ માટે : 96871 89099
બેન્કવેટ માટે : 75674 89696
પાર્સલ માટે : 95744 50010
73995 15151
રાજકોટ | મોરબી | અમદાવાદ
સિવાય કોઈપણ શહેરમાં
કોઈપણ અમારી બ્રાંચ નથી.
ભળતા નામથી ચેતવું.

લસણ-ડુંગળી
લસણનો વિકાસ ઓછો થવો
ડુંગળીમાં બાફીયો
આવી સમસ્યાનો અકસીર ઈલાજ


જીવન
૧ એકર માં
૧૦૦ ગ્રામ
નકલથી સાવધાન
ચણાનાં પાકમાં
૧ વખત ટાઈગર ગ્રીન
કેલ્શીયમ પોલી સલ્ફાઈડ એકરમાં ૨ લીટર
છંટકાવ કરી સુંદર પરિણામ મેળવો
આશર કેમીકલ્સ પ્રા.લી.
ખેતી માર્ગદર્શક
યોગેશભાઈ - ૭૦૯૬૦ ૭૭૧૪૭
આરતીબેન - ૮૪૮૭૮ ૭૭૧૪૬
ધીરજભાઈ - ૭૩૮૭૧ ૧૯૯૯૦